કિં. ₹૨૦/-
પાના નં.૧

જુન-જુલાઈ
૨૦૨૧

સળંગ અંક: ૯૦
વર્ષ : ૧૭

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
श्रेष्ठानि विद्या दानानि सर्वदा

એકમેકને ઓળખવાનો

જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

સફળ કારકિર્દીનું સોપાન
વિદેશ અભ્યાસ

ઈન્ટરનેશનલ એજ્યુકેશન...૧૩ | કાલઃ સર્વ વિરોપયતિ ...૧૯ | કોરોનાને સાંકળતી ફિલ્મ - મહામારી...૨૬ | મારે બાંધવી'તી ત્રણ પઢીઓ...૨૭

શ્રી મારૂ કંસારા જ્ઞાતીનું ગૌરવ કચ્છના ભાણેજ

શ્રી દિનકરરાય મથુરદાસ પરમારના પુત્ર

ડો. કેવલ પરમાર (એમ. એસ. ઓર્થોપેડીક) (ગોલ્ડ મેડાલીસ્ટ)

ડો. પોમા શાહ (પરમાર) (એમ. ડી. મેડીસીન)

અત્યાધુનિક સાધન-સુવિધાથી સજ્જ હોસ્પિટલ

કે.પી. હોસ્પિટલ

નિલમબાગ સર્કલ, SBIની સામે, ભાવનગર, ફોન : ૦૨૭૮-૨૪૨૪૧૦૮

ડો. કેવલ પરમાર

(ઉપલબ્ધ સેવાઓ)

- અતિ આધુનિક **X-RAY**
- **IITV** મશીન
- મોડ્યુલર ઓપરેશન થીયેટર
- હાડકા તથા સાંધાના દરેક પ્રકારના રોગોનું સચોટ નિદાન અને સારવાર
- દરેક પ્રકારના ફ્રેકચર અને સાંધાના ઈજાની સારવાર
- અતિ આધુનિક પધ્ધતિથી ઘુંટણ તથા થાપાના
- સાંધા બદલાવાના ઓપરેશનની સુવિધા
- મણકા તથા કરોડરજ્જુના વિવિધ રોગોનું નિદાન અને સચોટ સારવાર
- વિવિધ પ્રકારના વા, સાંધાના ઘસારાનું નિદાન અને સારવાર

ડો. પોમા શાહ (પરમાર)

(ઉપલબ્ધ સેવાઓ)

- આઈ. સી. યુ. **(ICU)**
- ઈ. સી. જી **(ECG)**
- **BIPAP** વેન્ટીલેટર
- ફુલ બોડી ચેકઅપ
- **2D (Echo)** ઈકો મશીન
- બીપી, ડાયાબીટીક, હૃદયરોગ વિગેરે રોગોનું સચોટ નિદાન અને સારવાર
- મગજનો લકવા, હેમરેજ તથા ચેપ વિગેરેની સારવાર
- કમળો તથા લીવરને લગતા રોગોની સારવાર
- કીડનીને લગતા રોગોની સારવાર
- લોહીને લગતા રોગોની સારવાર
- પોઈઝનીંગ (ઝેરી દવા) અને ઝેરીજંતુ (સાંપ/વીંછી) દંશના દર્દીઓની સારવાર

- ભાવનગરમાં હવે નવી પદ્ધતિ, નવા સાધનો, સોનાનો ઘુંટણ (GOLD KNEE) સૌથી શ્રેષ્ઠ સાંધા દ્વારા ઓપરેશનની નવી શરૂઆત.
- મેડીકલેમ અને કેશલેશની સુવિધા ઉપલબ્ધ.
- માં કાર્ડ તથા આયુષ્યમાન ભારત કાર્ડમાં પણ ઓપરેશન શકય

સંતકૃપા મેડીકલ સ્ટોર
દીનકરરાય મથુરદાસ પરમાર
93742 22269

સંતકૃપા મેડીસીન
સંજયભાઇ મથુરદાસ પરમાર
98987 98921

કે. પી. ફાર્મસી
દીપ દીનકરરાય પરમાર
79908 83486

એકમેકને ઓળખવાનો

જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૭ ● સળંગ અંક : ૯૦

જૂન / જુલાઈ – ૨૦૨૧

મુખ્ય તંત્રી
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬

તંત્રી મંડળ
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

ચેરમેન
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

માનદ્ સંયોજક
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

ડિઝાઇન / મુદ્રણ આયોજન
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

વેબસાઇટ
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬

જ્ઞાતિ પ્રમુખ
ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦

જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :

- **અમદાવાદ**
  નીલેશ રમેશભાઈ પોમલ ૯૪૨૮૧ ૧૬૧૪૧
- **ભુજ**
  મનોજભાઈ બારમેડા ૮૩૨૦૮ ૫૧૩૪૭
- **અંજાર**
  અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
- **નખત્રાણા**
  પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી)૯૮૭૯૧ ૨૨૨૬૫
- **માધાપર**
  હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
- **સાબરકાંઠા**
  દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫
- **આદિપુર**
  સુનીલ સોલંકી ૯૯૨૫૪ ૭૬૮૯૧
- **ગાંધીધામ**
  કિશોર સોલંકી ૯૮૨૫૫ ૩૩૩૭૧
- **માંડવી**
  વિનોદભાઈ હેડાઉ ૯૮૯૮૮ ૩૧૫૨૦

માનદ્ સંયોજક (ભુજ)
સુરેશ બીજલાણી ૯૮૭૯૦ ૪૩૫૫૧
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
કાર્યાલય : ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
વેબ સાઈટ : www.gnyatisetu.com
ઈ-મેલ : gnyatisetu@gmail.com

છુટક કિંમત	રૂા.	૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ	રૂા.	૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ)	રૂા.	૧૫૦૦/-

‘જ્ઞાતિસેતુ’માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. ‘જ્ઞાતિસેતુ’નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

તંત્રી સ્થાનેથી

કોરોના મહામારીએ સૌથી વધુ નુકસાન કર્યું હોય તો તે આપણાં દેશના શાળાકીય અને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને. તેમાં પણ મધ્યમ આય વર્ગના અને આર્થિક ક્ષમતા સીમિત હોય તેવા પરિવારોના સંતાનોને સૌથી વધારે સહન કરવું પડ્યું છે. સતત નકારાત્મક વાતાવરણ અને ઓનલાઇન અભ્યાસ માટેના જરૂરી સાધનોના અભાવે તેઓના અભ્યાસ પર ખરાબ અસર થયેલ છે. ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી માહિતીના અભાવે પણ વિદ્યાર્થીઓ હતાશા અનુભવે છે.

સામાન્ય રીતે આપણા ઘટક સમાજો સ્થાનિક સ્તરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા રહે છે. ઉચ્ચ અભ્યાસ અંગે માહિતી આપવા સેમિનારોનું આયોજન પણ કરવામાં આવે છે. હાલના મહામારીના સમયમાં આવા કાર્યક્રમો યોજવા પણ મુશ્કેલ છે. ‘જ્ઞાતિસેતુ’ હંમેશાં વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક માહિતી પ્રકાશિત કરતું રહ્યું છે. જે માટે વાંચકો તરફથી સારો પ્રતિભાવ પણ મળતો રહ્યો છે.

સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીમાં આગળ કઈ રીતે વધી શકાય તેની મુદ્દાસરની માહિતી આપતી એક વિશેષ શ્રેણી “વિદ્યાસેતુ”નો આ અંકથી પ્રારંભ થાય છે. આ અંતર્ગત આ અંકમાં ઈન્ટરનેશનલ એજ્યુકેશનમાં રહેલી તકો અને પડકારો બાબતે વિહંગાવલોકન અને અભ્યાસ માટે વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ક્યાં જવું અને તે માટે કેવી તૈયારી જરૂરી છે તે અંગેની માહિતી પ્રા. રસિક મહીચા દ્વારા આપવામાં આવેલ છે. વિદેશ અભ્યાસ માટે જરૂરી પરીક્ષા અંગે માહિતી શ્રીમતી ભાવિ બારમેડાના લેખમાં આપવામાં આવેલ છે.

તદુપરાંત, આ અંકમાં હાલના સમયના એક ઉભરતા ક્ષેત્ર ફેશન ડિઝાઈનિંગ માટે દેશ અને ગુજરાતની સંસ્થાઓ અને અભ્યાસ માટે જરૂરી લાયકાતની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ છે.

ઉચ્ચ અભ્યાસ ઉત્સુક વિદ્યાર્થીઓને અનુરોધ છે કે તેઓ તેમની સમસ્યાઓ અને પ્રશ્નો ‘સેતુ’ મારફતે વ્યક્ત કરે. ‘સેતુ’ વિષય નિષ્ણાતો પાસેથી સમાધાન મેળવવા અવશ્ય પ્રયાસ કરશે.

હાલના સમયમાં સોનાના દાગીના પર ફરજીયાત હોલમાર્ગ અને HUID અંગે નવા સરકારી નિયમો આવેલ છે. તેની અસર આપણા સમાજના, આ વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી વર્ગ અને કારીગર વર્ગ પર થવાની છે. હોલમાર્ક અંગે શ્રી હરિલાલ સોનીનો એક લેખ આ અંકમાં સામેલ છે. આશા છે, તે ઉપયોગી થશે.

– અતુલ સોની

ગીતા શ્લોકો સાથે સાર – (૧)

પ્રેષક : તુલસીદાસ કંસારા

ગીતાના સારની લેખમાળા આપવાનો હેતુ *ગીતા દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે આપવામાં ઉપદેશ એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મના ત્રિવેણી સંગમના સારને દરેક વાંચક સુધી પહોંચાડવાનો છે. અને આ ઉપદેશ એટલે સમાજના એક ભાગરૂપે દરેક વ્યક્તિએ જીવન જીવવાની કળા, અન્ય વ્યક્તિઓ સાથે તેનું વર્તન કેવું હોવું જોઈએ, તે વિશે એ સમયના સંદર્ભમાં મહાભારતના કર્તા મહર્ષિ વેદ વ્યાસજીના રચિત મહાભારતમાં વર્ણવાયેલ ગીતાના ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકોમાં સમાવાયેલ તત્ત્વજ્ઞાન.*

દરેક વ્યક્તિના મનમાં દ્વંદ્વ હંમેશાં ચાલુ જ હોય છે, દરેક પળે નિર્ણય લેવાના હોય છે. જે માટે આપણે વિવેકબુદ્ધિ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આ વિવેકબુદ્ધિમાં સાથે જે વિવેક શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે તે વિવેક જ દરેકના જીવનને બેલેન્સ કરે છે, જીવનનું સમતોલન જાળવવામાં મદદ કરે છે. આ વિવેક એટલે મન. મુખ્ય તો મન અને બુધ્ધિ વચ્ચેનો ફરક સમજી લેવાની જરૂર છે. વૈજ્ઞાનિકો તો આ બંનેનું ઉદ્‌ભવ સ્થાન એક જ હોવાથી બહુ ફરકથી સમજાવી શકતા નથી. બુદ્ધિ અને લાગણી – એવા બે શબ્દો જરૂર વાપરે છે. બુદ્ધિ એ જાગૃત અવસ્થાનું સાધન છે. મન કે લાગણી, એ અર્ધ જાગૃતિમાં મોહ, લોભ, ઈર્ષ્યા, અહં, ક્રોધ અને આવા અનેક દુર્ગુણોનો શિકાર થઈ જાય એવું નબળું છે. ગીતા બુદ્ધિને સંબોધીને બહુ ઓછું કહે છે. ગીતા મનને વશમાં રાખવાની સલાહનો ગ્રંથ છે. જો તમે મનને વશમાં કરી શકો, તો વગર વાંચ્યે તમે ગીતા સમજી ગયા.

આ ગીતારૂપી જ્ઞાન ગંગાનો જન્મ મહર્ષિ વેદવ્યાસજી રચિત ''મહાભારત'' નામક મહાકાવ્યના એક ભાગ રૂપે થયેલ છે. મહાભારતમાં કુલ અઢાર પર્વો છે. જેમાં કેટલાક પેટા પર્વો પણ છે. તેમાં ભીષ્મ પર્વમાં ૧૩મા અધ્યાયથી લઈને ૪૨મા અધ્યાય સુધીના ૩૦ અધ્યાયોમાં યુદ્ધનું વર્ણન આવે છે અને ગીતાજીનો પ્રારંભ ૨૫મા અધ્યાયથી થાય છે. જ્યારે પૂર્ણાહુતિ ૪૨મા અધ્યાયમાં થાય છે. તો ચાલો, આપણે અધ્યાય-૧નો સાર જોઈએ.

- **પ્રાસ્તાવિક :**

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।
મામકાઃ પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥ ૧ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતાના પહેલા જ શ્લોકમાં ધૃતરાષ્ટ્ર સંજયને મહાભારતના યુદ્ધમાં શું થયું તે પૂછે છે અને સંજય તેમને યુદ્ધ શરૂ કરવા માટે શંખનાદ થયાની વાત કરે છે. આ શંખનાદ થયા બાદ તો યુદ્ધ શરૂ થવું જોઈએ. પરંતુ આ જ સમયે અર્જુનને વિષાદ થાય છે અને તે તેના સારથી બનેલા શ્રીકૃષ્ણને પોતાની હતાશા જણાવે છે. ત્યારે આપણા મનમાં સવાલ થાય કે યુદ્ધનું મેદાન છે, બે સેનાઓ સામસામે ઉભેલ છે, દુદુંભીઓ વાગી ચૂકી છે અને હવે યુદ્ધ શરૂ જ થવું જોઈએ. ત્યાં જ જાણે અર્જુન જેવો વીર યોદ્ધો પાણીમાં બેસી જાય છે. તો આવું બનવાનું કારણ શું? આપણે કદાચ આગળ પણ વિચારીએ કે શું શંખનાદ સાંભળીને તેના હાંજા ગગડી ગયા હશે? કે પછી ખરેખર તેને પોતાના સગા સ્નેહીઓનો વધ કરવો અજુગતું લાગતું હશે? પરંતુ જ્યારે તમે મૂળ મહાભારતના ઉદ્યોગ પર્વના અધ્યાય ૨૦થી ૩૨માં **સંજયયાન** પર્વ જુઓ છો ત્યારે અર્જુનને વિષાદ થયાનું માનસશાસ્ત્રીય કારણ મળી રહે છે.

શ્રીપાદ દામોદર સાતવળેકેરજીના શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપરની બોધીની ટીકાના બે ભાગ (શક સંવત ૧૮૫૨માં) પ્રકાશિત થયેલ. તે પુસ્તકના ગુજરાતી અનુવાદમાં જણાવેલ છે કે ધૃતરાષ્ટ્રના પક્ષવાળાઓએ પાંડવોને ધર્મવચન દ્વારા યુદ્ધમાંથી હટાવી દેવાનો અંતિમ પ્રયત્ન કરેલ, જે તેમની ચાલાકીને પ્રદર્શિત કરે છે. આમેય મહાભારતમાં ઠેર ઠેર કૌરવો દ્વારા કરાતા કાવતરા દષ્ટિગોચર થાય છે. આ ચાલાકીભર્યા કાર્ય માટે ધૃતરાષ્ટ્રે સંજયને પાંડવોની છાવણીમાં મોકલેલ. સંજયે ત્યાં કૌરવોના દૂત તરીકે પાંડવોને યુદ્ધના પરિણામે થનારી હાનિનું ભયંકર ચિત્રણ કરતો ઉપદેશ આપ્યો, જે અર્જુનના મનમાં ઘર કરી ગયો. આમ, પોતાના ચાલાકીભર્યા યુદ્ધની ભીષણતા વિશેના સંદેશની અસર તેમને જાણવી હતી. આથી જ ધૃતરાષ્ટ્રે યુદ્ધને તાદશ્ય જાણવા સંજયની દિવ્ય દૃષ્ટિનો ઉપયોગ કરેલ. પોતે અજમાવેલ વિદૂર નીતિ કહો કે ચાણક્ય નીતિ, સામ-દામ-દંડ અને ભેદ માંથી તેમણે 'સામ'નો ઉપયોગ કરેલ. આ છે ગીતાના ઉદ્‌ભવનું કારણ અને માનવ વર્તણુંકનું વિજ્ઞાન. માનવ વર્તણુંકનું એટલા માટે કે વિદુરજીએ મેન-મેનેજમેન્ટ માટે, પોતાની નીચેના માણસો પાસેથી કામ લેવા માટે અને તે રીતે શાંતિ જાળવવા માટે રાજાને સલાહ આપતાં કહેલ કે લોકોના ત્રણ પ્રકાર હોય છે. જેમાં વધારે બુદ્ધિશાળી લોકો પાસેથી સામ થી - તર્કથી કામ કઢાવવું જોઈએ, જ્યારે તેનાથી થોડા ઉતરતા પરંતુ સામાન્યથી થોડી વધારે બુદ્ધિ ધરાવતા સેવકો પાસેથી દામ થી કામ લઈ શકાય અને બાકીના લોકો પાસેથી દંડ અને ભેદ કરીને કામ કરાવવું. આમ આ સામ - દામ - દંડ અને ભેદની નીતિ માનવ વર્તણુંકના વિજ્ઞાનની સમજ માટે ખૂબ જ ઉપયોગી છે.

અધ્યાય-૧ : અર્જુન વિષાદ યોગ

ધૃતરાષ્ટ્ર ઉવાચ :

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।
મામકાઃ પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥ ૧ ॥

હે સંજય! તે પવિત્ર કુરુક્ષેત્રમાં પાંડુના અને અમારા પુત્રો યુદ્ધ માટે એકઠા થયા ત્યારે શું થયું?

સંજય ઉવાચ :

દૃષ્ટ્વા તુ પાણ્ડવાનીકં વ્યૂઢં દૂર્યોધનસ્તદા ।
આચાર્યમુપસંગમ્ય રાજા વચનમબ્રવીત ॥ ૨ ॥

પશ્યૈતાં પાણ્ડુપુત્રાણામાચાર્ય મહતીં ચમૂમ ।
વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા ॥ ૩ ॥

અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ ।
યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથા ॥ ૪ ॥

ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન ।
પુરુજિત્કુન્તિભોજશ્ચ શૈબશ્ચ નરપુંગવઃ ॥ ૫ ॥

યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન ।
સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ સર્વ એવ મહારથાઃ ॥ ૬ ॥

અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્નિબોધ દ્વિજોત્તમ ।
નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થ તાન્બ્રવીમિ તે ॥ ૭ ॥

ભવાન્ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિંજયઃ ।
અશ્વાત્થામા વિકર્ણશ્ચ સૌમદત્તિસ્તથૈવ ચ ॥ ૮ ॥

અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્તજીવિતાઃ ।
નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધ વિશારદાઃ ॥ ૯ ॥

અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ ।
પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ ॥ ૧૦ ॥

અયનેષુ ચ સર્વેષુ યથાભાગમવસ્થિતાઃ ।
ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ ॥ ૧૧ ॥

તસ્ય સંજનયન્હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ ।
સિંહનાદં વિધોચ્ચૈઃ શઙ્ખંદધ્મૌ પ્રતાપવાન્ ॥ ૧૨ ॥

તતઃ શઙ્ખશ્ચ ભેર્યશ્ચ પણવાનકગોમુખાઃ ।
સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દસ્તુમુલોઽભવત્ ॥ ૧૩ ॥

તતઃ શ્વેતૈર્હયુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ ।
ધવઃ પાણ્ડવશ્ચૈવ દિવ્યો શઙ્ખૌ પ્રદધ્મતુઃ ॥ ૧૪ ॥

પાંચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનંજયઃ ।
પૌણ્ડ્રં દધ્મૌ મહાશઙ્ખ ભીમકર્મા વૃકોદરઃ ॥ ૧૫ ॥

અનન્તવિજયં રાજા કુન્તીપુત્રૌ યુધિષ્ઠિરઃ ।
નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ ॥ ૧૬ ॥

કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખણ્ડી ચ મહારથ ।
ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચાપરાજિતઃ ॥ ૧૭ ॥

દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે ।
સૌભદ્રશ્ચ મહાબાહુઃ શઙ્ખાન્દધ્મુઃ પૃથકપૃથક્ ॥ ૧૮ ॥

સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્ ।
નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્ ॥ ૧૯ ॥

ભાવાનુવાદ - સાર :

ઉપરના અધ્યાય પહેલાના શ્લોક ૨ થી ૧૭માં સંજય ધૃતરાષ્ટ્રને સૈન્યની સ્થિતિ અને સૈન્યમાં નામાંકિત લડવૈયાઓની માહિતી આપી રહ્યા છે. જેમાં અર્જુનને ભીષ્મ પિતામહથી કૌરવોની વિશાળ સેના સામે ભીમથી રક્ષિત પાંડવોની સેના મર્યાદિત લાગે છે. શંખનાદની શરૂઆત ભીષ્મ પિતામહ તરફથી થઈ ચૂકી છે. સામે શ્રીકૃષ્ણને પંચજન્ય શંખ વાગે છે અને સામેની સેનાના હાંજા ગગડી જાય છે. પરંતુ અહીં અર્જુનને વિષાદ જગાતા કેટલાયે નિરાશાવાદી વિચારોનો હુમલો થાય છે અને તે પોતાની લાગણીઓને શ્રીકૃષ્ણ સમક્ષ વાચા આપે છે.

અથ વ્યવસ્થિતાન્દૃષ્ટા ધાર્તરાષ્ટ્રાન્કપિધ્વજઃ ।
પ્રવૃત્તે શસ્ત્રસંપાતે ધનુરુદ્યમ્ય પાણ્ડવઃ ॥ ૨૦ ॥

હૃષીકેશ તદા વાક્યમિદમાહ મહીપતે ।
સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત ॥ ૨૧ ॥

યાવદેવતાન્નિરિક્ષેઽહં યોદ્ ધુકામાનવસ્થિતાન્ ।
કૈમર્યા સહ યોદ્ધવ્યમસ્મિન્ રણસમુદ્યમે ॥ ૨૨ ॥

યોત્સ્યમાનાનવેક્ષેઽહં ય એતેઽત્ર સમાગતાઃ ।
ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ॥ ૨૩ ॥

ગીતા અધ્યાય ૧ ના ૨૦થી ૨૩ શ્લોકોમાં, અર્જુન કહે છે કે, 'હે ભગવાન! મારા રથને બંને સૈન્યની વચ્ચે લઇ જાઓ જેથી હું જોઈ શકું કે કયા કયા યોદ્ધાઓ છે, જેઓ મારી સામે ઊભા છે.'

સંજય ઉવાચ :

એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત ।
સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ॥ ૨૪ ॥

ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્ ।
ઉવાચ પાર્થ પશ્યૈતાન્સમવેતાન્કુરૂનિતિ ॥ ૨૫ ॥

તાત્રપશ્યત્સ્થિતાન્પાર્થઃ પિતૄનથ પિતામહાન્ ।
આચાર્યાન્માતુલાન્ભ્રાતૄન્પુત્રાન્પૌત્રાન્સખીંસ્તથા ॥ ૨૬ ॥

શ્વસુરાન્સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।
તાન્સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્બન્ધૂનવસ્થિતાન્ ॥ ૨૭ ॥

કૃપયા પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્ ।
દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥ ૨૮ ॥

સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।
વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥ ૨૯ ॥

ગાણ્ડીવં સંસતે હસ્તાત્ત્વક્ચૈવ પરિદહ્યતે ।
ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥ ૩૦ ॥

નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।
ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ॥ ૩૧ ॥

ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।
કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા ॥ ૩૨ ॥

યેષાર્થે કાઙ્ક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।
ત ઈમેઽવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ ॥ ૩૩ ॥

આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ ।
માતુલાઃ શ્વસુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સંબન્ધિનસ્તથા ॥ ૩૪ ॥

એતાન્ન હન્તુમિચ્છામિ ઘ્નતોઽપિ મધુસૂદન ।
અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિં નુ મહીકૃતે ॥ ૩૫ ॥

નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન ।
પાપમેવાશ્રયેદસ્માન્હત્વૈતાનાતતાયિનઃ ॥ ૩૬ ॥

તસ્માન્નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રન્સ્વબાન્ધવાન્ ।
સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥ ૩૭ ॥

યદ્યપ્યેતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ ।
કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ ॥ ૩૮ ॥

કથં ન જ્ઞેયમસ્માભિઃ પાપાદસ્માન્નિવર્તિતુમ્ ।
કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્ભિર્જનાર્દન ॥ ૩૯ ॥

કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધર્મોઽભિભવત્યુત ॥ ૪૦ ॥

અધર્માભિભવાત્કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ ।
સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ ॥ ૪૧ ॥

સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।
પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિણ્ડોદકક્રિયાઃ ॥ ૪૨ ॥

દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈઃ ।
ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥ ૪૩ ॥

ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન ।
નરકેનિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥ ૪૪ ॥

અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્ ।
યદ્રાજ્યસુખલોભેન હન્તું સ્વજનમુદ્યતાઃ ॥ ૪૫ ॥

યદિ મામપ્રતીકારમશસ્ત્ર શસ્ત્રપાણયઃ ।
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તન્મે ક્ષેમતરં ભવેત્ ॥ ૪૬ ॥

એવમુક્ત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।
વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ॥ ૪૭ ॥

સંજય કહે છે :

અર્જુને પોતાના સંબંધીઓ, પુત્રો અને પૌત્રો, ભાઈ-વહુઓ અને સસરાઓને યુદ્ધ માટે તૈયાર જોઇને મૃત્યુ માટે આવતા જોયા. પછી શ્રી કૃષ્ણજીને વિશેષ અંતઃકરણથી કહ્યું કે તેની સામે નિર્દોષ બાળકો ઉભા છે, તેમના સાથીઓ અને પિતરાઇ ભાઈઓ અને સંબંધીઓને જોઈને મારું શરીર ધ્રુજતું હોય છે. હાથમાંથી ધનુષ્ પડી રહ્યું છે. હું પણ ઊભો રહેવા માટે સમર્થ નથી. હે કૃષ્ણ! હું વિપરીત લક્ષણો જોઈ રહ્યો છું. મારા પોતાના લોકોને મારી નાખવું સારું નથી લાગતું. હે કૃષ્! ન તો હું વિજય ઇચ્છું છું, ન રાજ્યની ખુશી. હું તેમના રાજ્ય અને જીવનની ચિંતા કર્યા વિના મરણ પામેલા લોકોની હત્યા કરીને રાજ્ય ઇચ્છતો નથી. હું ભાઇઓ અને પુત્રો અને પૌત્રોને મારી નાખવા માંગતો નથી. ભલે મને ત્રણ જગતનું રાજ્ય મળે, તો પછી હું પૃથ્વી રાજ્ય માટે કેમ પાપ કરું? તેમને મારવાથી પાપ થશે. આવું દુષ્કર્મ કરીને આપણે કેવી રીતે ખુશ હોઈ શકીએ? સામે ઊભેલા રાજા મોહમાં અંધ છે. તો પછી અમારા કુળનો વિનાશ શા માટે થવા દઇએ. એવું ઘોર પાતકનું કામ કરવામાં અને શા માટે પ્રવૃત્ત થઇએ? જ્યારે કુલનો નાશ થશે, ત્યારે અન્ય દુષ્ટ લોકો આપણી સ્ત્રીઓને તેમના પર બળાત્કાર કરવા દબાણ કરશે. વર્ણશંકર બાળક બનશે. સદ્‌ગુણ ધર્મનો નાશ થશે અને ધાર્મિક કાર્ય ન કરવાથી તમે નરકનો ભોગ બનશો. હકીકતમાં, આપણે પાપીઓ છીએ, જેમણે તેમને પોતાના ભાઈઓને સ્વાર્થી રીતે મારવા સંમતિ આપી છે.

ગીતા અધ્યાય-૧ના શ્લોક-૪૬માં અર્જુને કહ્યું કે, ભગવાનના આ પાપને બચાવવા માટે જો ધૃતરાષ્ટ્રના પુત્રો મને નિઃશસ્ત્ર મારી નાખે અને યુદ્ધ ન થાય તો હું લાખો બહેનોને વિધવા કરવા કરતાં પોતાનું મરણ વધારે સારું માનું છું. મારા હાથેથી લાખો નિર્દોષ બાળકો અનાથ થવાથી બચી જશે.

ગીતા અધ્યાય-૧ ના શ્લોક-૪૭માં આ કહેતા, અર્જુન ઉદાસીન હૃદયથી ધનુષ મૂકીને રથમાં પાછળ બેસે છે.

આ અધ્યાયમાં કુલ ૪૭ શ્લોકો છે. જેમાંથી બે શ્લોકોમાં શ્રીકૃષ્ણ પોતાનો પંચજન્ય શંખ વગાડે છે અને અર્જુનના કહેવાથી રથ બે સેનાઓની વચ્ચે લાવી મૂકે છે અને અર્જુનને તેમની સામે ઉભેલાઓને જોઈ લેવાનું કહે છે. સંજય અને અર્જુને બાકી કહ્યું છે. ધૃતરાષ્ટ્ર માત્ર પહેલા શ્લોકમાં જ બોલે છે.

॥ અધ્યાય-૧ : અર્જુન વિષાદ યોગ સમાપ્ત ॥

When disappointment stares at me on the face and all alone I see not one ray of light, I go back to the Bhagwad-Gita. I find a verse here and a verse there, and I immediately begin to smile in the midst of overwhelming tragedies.

– M. K. Gandhi

જ્યારે નિરાશા મને ઘેરી વળે છે અને કોઈ રસ્તો સુઝતો નથી, ત્યારે હું ભગવદ્ ગીતાનો સહારો લઉં છું અને એમાંના કોઈ પણ એકાદ બે શ્લોકો વાંચીને હું તુરત જ અતિ કરૂણામય કે દુઃખદાયક ઘટના વચ્ચે પણ સ્મિત કરવા લાગું છું. ***– મહાત્મા ગાંધી***

અથ નવરત્ન સ્તોત્રમ્ ★ અથ શ્રી મધુરાષ્ટકમ્

પ્રેષક : મનુભાઇ કોટડિયા

અંતઃકરણની શુદ્ધિથી ચિંતા નાશ પામે છે. ચિંતા નાશ થતાં દીનતા પ્રાપ્ત થાય છે. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્ર દીનતાની પ્રાપ્તિ માટે સર્વોત્તમ ઉપાય છે. દીનતાથી જ પ્રભુ આપણો અંગીકાર કરે છે. શ્રી મહાપ્રભુજીએ રચેલા નવરત્ન ગ્રંથનું આ તાત્પર્ય છે.

ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીંચ ગતિમ્ ॥ ૧

જેમણે પોતાનું સર્વસ્વ શ્રી ઠાકુરજીને નિવેદન કરેલ છે. તેમણે કદાપિ કાંઈ પણ ચિંતા ન કરવી. કારણકે અંગીકાર કરનાર ભગવાન પણ પુષ્ટિસ્થ છે તે લૌકિક ગતિ નહીં કરે.

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈઃ
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૨

સર્વ પ્રકારે તેવા ભક્તો સાથે નિવેદનનું સ્મરણ કરવું, અને પ્રભુ સર્વના ઈશ્વર અને સર્વના આત્મા છે, તે પોતાની ઈચ્છાથી કરશે એમ વિચારવું.

સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ
અતોન્યવિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોપિચેત્ ॥ ૩

નિવેદન થયા પછી નિવેદન કરેલા તમામ પદાર્થને પ્રભુનો સંબંધ છે. ફક્ત જેણે નિવેદન કરેલ છે તેને કંઈ જુદો સંબંધ નથી. જ્યારે એમ છે તો પછી એ ફળના કોઈ અન્ય વિનિયોગમાં પણ પોતાને શા માટે ચિંતા કરવી?

અજ્ઞાનાદથવા જ્ઞાનાન્કૃતમાત્મનિવેદનમ્
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાંકા પરિદેવના ॥ ૪

અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેણે આત્મનિવેદન કરેલું છે, તેને કશી ચિંતા કરવાની નથી. તો પછી જેણે કૃષ્ણની સાથે પોતાના પ્રાણ જોડેલા છે તેને તો શી ચિંતા કરવાની હોય?

તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે
વિનિયોગેઽપિ ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥ ૫

આગલા શ્લોકોમાં કરેલ નિવેદન શ્રી પુરુષોત્તમને વિશે થયું હોય તો અવશ્ય ચિંતા છોડવી. અન્ય વિનિયોગ છતાં પણ ચિંતા છોડવી કારણકે હરિ પોતે જ સમર્થ છે.

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્સાક્ષિણો ભવતાખિલાઃ ॥ ૬

પુષ્ટિમાર્ગમાં રહેલ હરિ લોકમાં અને વેદમાં પુરુષોત્તમની પ્રાપ્તિ નહીં થવા દે. તેથી બધા ભક્તો મમત્વ ત્યજી સાક્ષી તરીકે થાઓ.

સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥ ૭

ગુરૂની આજ્ઞા પ્રમાણે પ્રભુની સેવા કરવી. હરિની ઈચ્છા વડે ગુરૂ આજ્ઞાનો બાધ થાય તેમાં અડચણ નહીં. એ પ્રમાણે સેવા પર ચિત્ત રાખીને સુખે રહેવું.

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ
તથૈવ તસ્યલીલેતિ મત્વા ચિંતાંદ્રુતં ત્યજેત્ ॥ ૮

સેવામાં ચિત્ત ઉદ્વેગ પામે તો પણ હરિ જે જે કરે છે તે તેમની લીલા છે એમ માનીને ચિંતાને જલ્દી છોડવી.

તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ
વદદ્ભિરેવં સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥ ૯

તેથી સર્વ પ્રકારે હંમેશ "શ્રીકૃષ્ણઃ શરણં મમ" એ અષ્ટાક્ષર મંત્ર બોલનારાઓએ નિરંતર આ પ્રમાણે વર્તવું.

॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્યવિરચિત નવરત્નગ્રંથઃ સંપૂર્ણઃ ॥

અથ શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં
નયનં મધુરં હસિતં મધુરમ્ ॥
હૃદયં મધુરં ગમનં મધુરમ્
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૧ ॥

પ્રભુના અધરોષ્ઠ, મુખ, નેત્ર, હાસ્ય, હૃદય અને પ્રસ્થાન મધુર છે. મધુરેશ્વર શ્રીકૃષ્ણનું સર્વ મધુર છે.

વચનં મધુરં ચરિતં મધુરં
વસનં મધુરં વલિતં મધુરમ્ ॥
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૨ ॥

પ્રભુનાં વચનો, ચરિત્રલીલા, વસ્ત્રાદિક, વળિયાં, ચલનો અને ભ્રમણો મધુર છે. મધુરેશ્વર શ્રીકૃષ્ણનું સર્વ મધુર છે.

વેણુર્મધુરો રેણુર્મધુરઃ
પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ ॥
નૃત્યં મધુરં સખ્યં મધુરં
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૩ ॥

વેણુવાદન, ગોકુળની રજ, પ્રભુના હાથ, ચરણો, નૃત્ય અને મૈત્રી મધુર છે. આ પ્રમાણે મધુરેશ્વર શ્રીકૃષ્ણનું સર્વ મધુર છે.

ગીતં મધુરં પીતં મધુરં
ભુક્તં મધુરં સૂક્તં મધુરમ્ ॥
રૂપં મધુરં તિલકં મધુરં
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૪ ॥

પ્રભુનાં ગાન, પાન, ખાન, સારી વાણી, રૂપ અને તિલક મધુર છે. મધુરેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માનું સર્વ મધુર છે.

કરણં મધુરં તરણં મધુરં
હરણં મધુરં રમણં મધુરમ્ ॥
વમિતં મધુરં શમિતં મધુરં
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૫ ॥

પ્રભુની ઈન્દ્રિયો, તરવું તે, લઈ જવું તે, રમણાદિક ક્રિયાઓ, વમન અને શમન વગેરે બધું જ મધુર છે. મધુરેશ્વર શ્રીકૃષ્ણનું બધું જ મધુર છે.

ગુંજા મધુરા માલા મધુરા
યમુના મધુરા વીચિર્મધુરા ॥
સલિલં મધુરં કમલં મધુરં
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૬ ॥

ચણોઠીઓ, વૈજયંતીમાળા, શ્રી યમુનાજી તથા શ્રી યમુનાજીના તરંગો, તેમનું જળ અને તેમાં ઊગેલાં કમળો બહુ જ મધુર છે. મધુરેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માનું બધું જ મધુર છે.

ગોપી મધુરા લીલા મધુરા
યુક્તં મધુરં મુક્તં મધુરમ્ ॥
ઈષ્ટં મધુરં શિષ્ટં મધુરં
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૭ ॥

વ્રજની સુંદરીઓ, પ્રભુની લીલાઓ, યુક્તિઓ, મુક્તિઓ, ઈષ્ટ વસ્તુઓ તેમજ શિક્ષણ મધુર છે. મધુરેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માનું બધું જ મધુર છે.

ગોપા મધુરા ગાવો મધુરા
યષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા ॥
દલિતં મધુરં ફલિતં મધુરમ્
મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥ ૮ ॥

ગોવાળીયાઓ, ગાયો, પ્રભુની લાકડી, ભૌતિક સૃષ્ટિ, તેમના હાથે થયેલો દૈત્યોનો નાશ અને સિદ્ધિઓ બધું જ મધુર છે. મધુરેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માનું બધું જ મધુર છે.

॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિતં મધુરાષ્ટકં સંપૂર્ણમ્ ॥

મૌન એ શાણપણની શરૂઆત છે.
બીજું પગથિયું છે – ધ્યાનથી સાંભળવું તે.

“વાત”

એક ખાસ સાથે મુલાકાત થઈ
જાણે વર્ષો પછી ખુદ સાથે વાત થઈ!

મૃગજળ રૂપી નકાબી મિમાંસા
ઝાકળ પરપોટાની ચાતક પીપાસા;
જકડી રહી’તી મનદ્વારને
ઘેરી રહી’તી દંભ અંધકારને!

ટીપું પડતાં તેલનું દીપવાટ પ્રગટી પ્રકાશ થઈ
વર્ષો પછી હૃદ નયનની અજવાશ સાથે વાત થઈ!

શું મરી પડી છે માનવતા?
ખરેખર ઘેરી રહી છે પંગુતા?
શાને કાજે દુનિયાને આજે
હડપી રહી છે એકલતા?

તડપે છે સૌ કોઈ સાથ કાજે, વસમી આજે વાટ થઈ
જીવનની પગદંડી પર બસ સંસ્મરણોની નાત થઈ!

બંધ છે આજે સૌ ભયના મકાનમાં
રૂંધાય છે રૂદિયા વિરહના સુકાનમાં,
કહે ‘કવન’ ખુદ સ્વજનોને
આ રીતે નથી હવે રડતો મૂકાતો
‘હે ઈશ!’ મૂક તારી જીદ હવે
પૂર્ણવિરામ ધર આ રૂદાલીની રાતો...

હર નિશાએ ‘કવન’ સ્મરે છે, જાણે ખુશનુમા પ્રભાત થઈ
અથડાતાં-પછડાતાં પણ બસ ફરી ખુદ એકલતાથી જ વાત થઈ.

કવિતા ભદ્રા સોલંકી ‘કવન’ - આદિપુર

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

મહેશભાઈ કંસારા

મેડિકલ કાયમી ફંડ સમિતિ સંચાલિત સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મેડિકલ કાયમી ફંડ સમિતિ, એ જ્ઞાતિ માટે આરોગ્યલક્ષી સેવાઓ માટે આરોગ્ય સેતુ છે. આ આરોગ્ય સેતુની સ્થાપના સમાજનાં કાર્યનિષ્ઠ પ્રમુખ સ્વ. કિશોરભાઈ જટુભાઈ ચનાણીના નેજા હેઠળ તા. ૦૧-૦૩-૨૦૧૦ની સામાન્ય સભામાં ઠરાવથી કરવામાં આવેલ. જેને ૧૦ વર્ષ પૂર્ણ થતાં, તેમની ઇચ્છા મુજબ તેઓ તેમની હયાતીમાં મેડિકલ ક્ષેત્રે તેમની ઇચ્છા હોસ્પિટલની સેવા કરવાની હતી. જે અનુસાર તા. ૨૭-૦૧-૨૦૨૧ – મહાકાલીકા માતાજીના ૩૭૯માં પાટોત્સવના દિવસે સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. આ સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્રથી સમાજના લોકોને સારી સારવાર મળી રહે અને આર્થિક રીતે પણ ભારણ ન આવે તે માટે આ પ્રાથમિક નિદાન કેન્દ્રમાં સેવા આપતા ડૉ. નરેન્દ્ર વર્મા, નિવૃત્ત સરકારી મેડિકલ ઓફિસર, તેમનો બહોળા અનુભવનો લાભ આ સમાજમાં નિઃશુલ્ક રીતે આપે છે. આ કેન્દ્રમાં માત્ર રૂા. ૨૦/-માં આરોગ્ય તપાસણી કરવામાં આવે છે અને જરૂરી દવાઓ ત્યાંથી જ આપવામાં આવે છે. આ આરોગ્ય સેવાનો લાભ, આ વિસ્તારના નબળા પરિવારના લોકો લે છે. આ કેન્દ્ર ઉપર વિવિધ મેડિકલ કેમ્પોનું આયોજન પણ કરવામાં આવે છે. આ સેન્ટર ઉપર અહીં જણાવેલ ઓ.પી.ડી. દરમ્યાન માસ ફેબ્રુઆરી-૨૦૨૧થી જુલાઈ-૨૦૨૧ સુધી – ફેબ્રુઆરી : ૧૪૬, માર્ચ : ૧૩, એપ્રિલ : ૨૨૮, મે : ૧૦૦, જુન : ૧૫૪, જુલાઈ : ૧૯૦ દર્દીઓએ લાભ લીધેલ અને આ દર્દીઓને કોરોના કાળ સમયમાં પણ ખૂબ સારી સારવાર આ કેન્દ્ર દ્વારા મળેલી. આ ઉપરાંત, જુલાઈ માસથી દર શનિવારે આયુર્વેદિક આરોગ્ય ચિકિત્સા શરૂ કરવામાં આવેલ છે, જેમાં નિવૃત્ત જીલ્લા આયુર્વેદાચાર્ય ડૉ. અમિતભાઈ ત્રિપાઠી તેમની નિઃશુલ્ક સેવા સવારે ૯ થી ૧૨ દરમિયાન આપે છે. જેનો લાભ પણ લેવામાં આવે છે. જેની દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવે છે. તદુપરાંત આ સેન્ટર ઉપરથી અલગ અલગ નિઃશુલ્ક મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે.

તા. ૨૧-૦૨-૨૦૨૧ના રોજ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને હિમોગ્લોબીન ચેક-અપના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૮ દર્દીઓએ લાભ લીધેલ.

તા. ૧૯-૦૩-૨૦૨૧ના રોજ હેલ્થ ચેક-અપ તથા હેલ્થ કાર્ડ જેમાં વજન, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હિમોગ્બોલીન તેમજ જરૂરિયાતમંદ દર્દીના બોડી ચેક-અપનો કેમ્પ કરવામાં આવ્યો. જેમાં ૭૧ દર્દીઓએ લાભ લીધેલ. ત્યારબાદ તા. ૨૩-૦૩-૨૦૨૧ના કોવિડ વેક્સિન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૩૦ વેક્સિન આપવામાં આવેલ. ત્યારબાદ તા. ૨૭-૦૩-૨૦૨૧ના ૭૦ કોવિશિલ્ડની વેક્સિન આપવામાં આવી. ત્યારબાદ તા. ૨૧-૦૪, તા. ૨૫-૦૪ અને તા. ૨૭-૦૪-૨૦૨૧ – દરમિયાન કુલ્લે ૩૨૦ વેક્સિન આપવામાં આવી.

ત્યારબાદ તા. ૦૧-૦૫-૨૦૨૧ના ૫૦ વેક્સિન, તા. ૧૬-૦૭-૨૦૨૧ના ૯૦ અને તા. ૧૯-૦૭-૨૦૨૧ના રોજ ૯૬ અને તા. ૧૭-૦૭-૨૦૨૧ના રોજ ૨૫ દર્દીઓ (આયુર્વેદ કેમ્પના) – આમ કુલ ૯૦૦ લાભાર્થીઓને વેક્સિનનો લાભ મળેલ.

તા. ૨૦-૦૭-૨૦૨૧ના રોજ બહેનોને થતી સમસ્યાઓની તપાસણી અર્થે એક કેમ્પ રાખવામાં આવેલ હતો. જ્ઞાતિના કર્મનિષ્ઠ પ્રમુખ સ્વ. કિશોરભાઈની ૯માં વર્ષની પુણ્યતિથિ નિમિત્તે તેમની સ્મૃતિમાં આ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પ મેડિકલ કાયમી ફંડ સમિતિ અને અદાણી હોસ્પિટલનાં સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ. આ કેમ્પમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ ગુજરાતી, ચેરમેન શ્રી હર્ષદભાઈ બુધ્ધભટ્ટી, ભુજના જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. નિર્મળાબેન

શર્મા, પ્રીતિબેન ભરતભાઈ બગ્ગા, ચંદ્રકાંતભાઈ ચનાણી, નગરપાલીકાના દંડક અનિલભાઈ છત્રાળા તેમજ આ કેમ્પના તપાસણીકાર ડૉ. ચાર્મિબેન પવાણી, ગાયનેકોલોજિસ્ટ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મૂકવામાં આવ્યો. જેમાં ઉદ્‌બોધન કરતાં ડૉ. નિર્મળાબેન શર્મા દ્વારા જણાવવામાં આવેલ કે જેવી રીતે મહિલાઓ પોતાના ઘરની જવાબદારી સંભાળતા હોય, તેમની સાથે તેમણે પોતાના સ્વાસ્થ્યની પણ સંભાળ લેવી જોઈએ. આ રીતે સાર્વજનિક નિદાન કેમ્પનું આયોજન કરવા બદલ આયોજકોને શુભેચ્છા પાઠવેલ અને જણાવેલ કે, 'જ્યારે પણ મારી જરૂર પડે, ત્યારે હું ઉપસ્થિત રહીશ.' ત્યારબાદ સમાજની બહેનોનું જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન તેમજ તપાસણી, રીપોર્ટ તેમજ જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું. આ કેમ્પનો લાભ જ્ઞાતિ સિવાયની અન્ય બહેનોએ પણ લીધેલ. આ તપાસણીમાં ડૉ. ચાર્મિબેન પવાણી, ડૉ. ક્રિષ્નાબેન રબારી, ડૉ. તૃપંગીબેન ચૌધરીએ સેવા આપેલ. આ કેમ્પને સફળ બનાવવા મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટી, ઉપપ્રમુખ જયશ્રીબેન છત્રાળા, રોહિણીબેન બુધ્ધભટ્ટી, ઇંદીરાબેન સોલંકી, લતાબેન સોલંકી, કીમબેન છત્રાળા, આ નિદાન કેન્દ્રમાં નિઃશુલ્ક સેવા આપતાં આરોગ્ય વિભાગનાં નિવૃત્ત વરિષ્ઠ કર્મચારી ભવાનભાઈ ઠક્કર, હમીરભાઈ રબારી, સુમન પરમાર, વિશ્વા કંસારાએ જહેમત ઉઠાવેલ. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા તથા સંચાલન જે.કે. કંસારા અને મહેશભાઈ કંસારાએ સંભાળેલ.

શ્રી મારૂ કંસારા યુવા પ્રગતિ મંડળ - જુનાગઢ

– ડૉ. શૈલેષ બારમેડા

YPM – COVID HELP LINE : સમસ્ત મારૂ કંસારા જ્ઞાતિજનો માટે

કોરોનાની બીજી લહેરમાં આપણા ઘણા જ્ઞાતિ પરિવારો મોટી સંખ્યામાં કોરોનાગ્રસ્ત થયા હતા. આખા દેશમાં કરોડો લોકો આ આફતમાં ફસાયેલા અને લાખો લોકોના મૃત્યુ થયેલા.

પરિસ્થિતિ એવી ઊભી થઈ કે સારવાર લેવા માટે હોસ્પિટલમાં જગ્યા પણ ના મળે. ઓક્સિજનનો પુરવઠો પણ ખૂટી પડ્યો. વેન્ટીલેટર ઓછા પડ્યા. અરે, સ્મશાનમાં અગ્નિસંસ્કાર માટે પણ ઘણી રાહ જોવી પડે તેવી અભૂતપૂર્વ દુઃખદ પરિસ્થિતિ ઊભી થઈ.

સમાજમાં ખૂબ જ ભયનો માહોલ ફેલાયો. જરા પણ બીમાર થયા એટલે મૃત્યુનો ભય ઉભો થયો. સારવાર માટે તજજ્ઞ ડોક્ટરની પણ અછત ઊભી થઇ. તેમના પર કામનો બોજો એટલો બધો વધી ગયો કે દરેક દર્દીને પૂરતો ન્યાય આપવો ખૂબ જ મુશ્કેલ થઇ ગયો. આવા સંજોગોમાં દર્દીની હાલત ખૂબ જ કફોડી થઈ જતી. સારવાર માટે પૂરતું માર્ગદર્શન મેળવવું પણ મુશ્કેલ થઇ ગયેલું. ડરના માર્યા જેમને જરૂર ન હોય તેવા દર્દી પણ હોસ્પિટલમાં દાખલ થવા અધીરા બન્યા અને અમુક બેફિકર લોકો જરૂર હોવા છતાં કાંઈ નથી તેમ માનીને સારવારથી અળગા રહેતા. અમુક લોકો જાતે દવા લઇ લેતા, તો ઘણા લોકો ઊંટવૈદા જેવા અખતરા કરતા અને તકલીફ વધી જતાં, જીવનું જોખમ ઊભું થતું.

આવા સંજોગોમાં, સમાજની જરૂરિયાતને ધ્યાનમાં લઇને, સંસ્થા વતી ફરજના ભાગરૂપે YPM Covid Help Line – તદ્દન ફ્રી સેવા શરૂ કરવામાં આવી.

ICMR / AIIMS ના નિષ્ણાત ડોક્ટર્સ દ્વારા નક્કી થયેલ સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ મુજબની સારવાર જ્ઞાતિજનોને મળી રહે તે માટે ફોન પર નિઃશુલ્ક માર્ગદર્શન આપી, મદદરૂપ થવાની કોશિશ કરવામાં આવી. ધારણા મુજબ જ આ ઝુંબેશને જ્ઞાતિજનો તરફથી જબ્બર પ્રતિસાદ મળ્યો. સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ ગામ અને શહેરોના અંદાજે ૨૦૦થી પણ વધુ જ્ઞાતિજનોએ આ અમૂલ્ય માર્ગદર્શનનો લાભ લીધો.

સામાન્ય લક્ષણો માટે શું કરવું? કયા ટેસ્ટ ક્યારે કરાવવા? સારવાર ઘરે કરવી કે હોસ્પિટલમાં? ઘરે સારવારમાં શું ધ્યાન રાખવું? કઇ દવાઓ લેવી? ખોરાક શું લેવો? ઓક્સિજન / વેન્ટીલેટર બેડ મળશે? રેમડેસિવીર મળશે? મ્યુકર માઇકોસિસના ઇન્જેક્શન મળશે? મિથીલીન બ્લ્યુ વાપરું? વેક્સિન મૂકાવું કે નહીં? આવા અસંખ્ય સવાલો... એક એક દર્દી માટે અનેક વખત ફોન પર માર્ગદર્શન જરૂરી બને... કોરોના સામેની લડાઇમાં સૌને સંતોષકારક નિઃશુલ્ક માર્ગદર્શન દ્વારા મદદરૂપ થવાની કોશિશ... કાર્ય કર્યાનો, ફરજ અને માનવતા ધર્મ નિભાવ્યાનો સંતોષ...

આ સમગ્ર પરમાર્થ કાર્ય, સંસ્થાના પ્રમુખ, જ્ઞાતિ હિતેચ્છુ અને કરૂણામય સ્વભાવ ધરાવતા, સેવાભાવી તજજ્ઞ ડૉ. શૈલેષભાઈ બારમેડાના વ્યક્તિગત સહયોગથી કરવામાં આવેલ છે. નિઃશુલ્ક માર્ગદર્શન દ્વારા મદદરૂપ થવાની કોશિશ અને તે મુજબ કાર્ય કરેલ છે અને હાલના સમયે પણ એમના સંપર્ક નંબર ૯૮૨૪૫ ૦૧૧૪૦ પર આ સેવાનો લાભ ચાલુ છે.

સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા.

વિશ્વ યોગ દિવસની અનોખી ઉજવણી

શરીર, મન અને આત્માના કલ્યાણ અર્થે યોગ, ધ્યાન અને પ્રાણાયામની ઉપયોગીતા વિશ્વ વિદિત હોઈ, દર વર્ષે ૨૧ જૂનના રોજ આખી દુનિયામાં યોગ દિવસ ઉજવાય છે.

સાનુકૂળ આસનો દ્વારા શરીર સ્વસ્થ રાખી, પ્રાણાયામ દ્વારા મનને એકાગ્ર કરી, ધ્યાન થકી આત્માનું પરમ તત્ત્વ પરમાત્મા સાથે જોડાણની કોશિશ કરવી એ જ આપણો યોગાભ્યાસ.

અનેક રોગોથી બચવા માટે... રોગોના ઉપચારમાં... અને રોગ મટ્યા પછી જલ્દી સ્વસ્થ થવામાં યોગ અમૂલ્ય ફાળો આપી શકે છે. "કરો રોગ, રહો નિરોગ."

અત્યારના તનાવભર્યા માહોલમાં મનની શાંતિ માટે યોગનો કોઈ વિકલ્પ નથી. યોગ વિદ્યા આપણી અતિ પ્રાચીન પરંપરા છે. હિંદુ સનાતન ધર્મની સમગ્ર વિશ્વને વિશિષ્ટ ભેટ છે. યોગની આ ઉપયોગીતા, મહત્તા સમજીને સંસ્થા તરફથી સમાજને ખૂબ જ ઉપયોગી થાય તેવું અનોખું આયોજન કરાયું હતું.

સમસ્ત મારૂ કંસારા જ્ઞાતિજનો પાસેથી વિશ્વ યોગ દિવસની ઓનલાઇન ઉજવણીના ભાગરૂપે એમના યોગાભ્યાસના સ્વાનુભવના ટૂંકા વીડિયો મંગાવવામાં આવ્યા. જેમાં તેમણે યોગ અભ્યાસની શરૂઆત ક્યારે કરી, શરૂઆતમાં અને પછી નિયમિત યોગાભ્યાસથી એમને શું અનુભૂતિ થઈ, શું લાભ થયો વગેરે બાબતો ભાગ લેનાર દરેક યોગાભ્યાસુ જ્ઞાતિજન પાસેથી જાણવા મળી, જે ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી છે.

ખૂબ જ ખુશીની વાત છે કે સૌરાષ્ટ્રના જુનાગઢ, જામનગર, રાજકોટ, જેતપુર, ખંભાળિયા, કેશોદ, વઢવાણ; કચ્છના ભુજ, આદિપુર; ગુજરાતના સુરત, અમદાવાદ - ગાંધીનગર ઉપરાંત રાજસ્થાન - જોધપુર, દિલ્હી અને છેક લંડનથી જ્ઞાતિના યુવક - યુવતીઓ, બાળકો અને વડીલોના કુલ ૩૪ વીડિયો સંદેશાઓ મળ્યા.

એમના સ્વાનુભવોને ટૂંકમાં કહું તો તેમને યોગ અભ્યાસથી ખૂબ જ લાભ થયો છે. શારીરિક અને માનસિક દુઃખ દર્દથી છુટકારો થયો છે. શરીર સ્વસ્થ અને લચીલું બન્યું છે. રોજબરોજના કાર્યોમાં ખૂબ જ તાજગીનો અનુભવ થાય છે. મન શાંત થયું છે તથા અમુક જ્ઞાતિજનો ધ્યાન વડે ઈશ્વરની અલૌકિક અનુભૂતિ પણ કરી શક્યા છે. આ બધું એમના જ શબ્દોમાં જાણવા માટે સંસ્થા દ્વારા બનાવેલ 'સંકલિત વીડિયો' અવશ્ય જોજો.

આ યોગ ઝુંબેશમાં સહયોગી દરેક જ્ઞાતિજનને સંસ્થા તરફથી આભાર દર્શક - આકર્ષક ડિજીટલ સન્માનપત્ર અપાયેલ છે.

આપ સૌને સારા સ્વાસ્થ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા.
સર્વે ભદ્રાણી પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખભાગભાવેત

શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢ

મંડળ આયોજીત કોરોના ફ્રી વેક્સિનેશન કેમ્પ

સરકારશ્રી તરફથી કોરોના સામે રક્ષણ મેળવવા માટે ફ્રી રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢ કોરોના સામે રક્ષણ મેળવવા આપણા જ્ઞાતિજનોને ફ્રી રસીકરણનો લાભ મળે તે હેતુથી તા. ૧૦-૪-૨૦૨૧, શનિવારના રોજ બપોરે ૪ થી સાંજે ૭ દરમિયાન શ્રી મહાનગરપાલિકા - જુનાગઢના સૌજન્યથી કોરોના ફ્રી વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ કેમ્પમાં પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધભટ્ટી, વિજયભાઈ પરમાર, મહેશભાઈ છત્રાળા, વ્રજેશભાઈ હેડાઉ, મધુભાઈ પરમાર, ભૂપેન્દ્રભાઈ પરમાર, રાધેભાઈ સોલંકી વગેરે જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કરવા ખાસ ઉપસ્થિત રહેલ.

આ કેમ્પમાં જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ તેમજ અન્ય જ્ઞાતિજનોને પણ રસીકરણ કરવામાં આવ્યું.

આ કેમ્પનું સંકલન અને સંચાલન પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધભટ્ટી, રાધેભાઈ સોલંકી અને ભૂપેન્દ્રભાઈ પરમારે સફળતાપૂર્વક પૂર્ણ કરેલ.

પરેશભાઈ બુધ્ધભટ્ટી - પ્રમુખ
મહેશ છત્રાળા - મંત્રી

જ્ઞાતિ સમાચાર

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

સુધા બુધ્ધભટ્ટી

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા આયોજીત તા. ૦૭-૦૭-૨૦૨૧ના રોજ 'મહિલા મંડળ ચાર્ટર ડે' નિમિત્ત વિશ્વ આરોગ્યના -- -- હિતાર્થે, આજે સમગ્ર વિશ્વ જયારે કોરોનાની મહામારીમાં સપડાયું છે ત્યારે તેમાંથી મુક્તિ મેળવવા કંસારા બજાર સ્થિત ચનાણી પાર્ટી પ્લોટમાં ગાયત્રી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી અરૂણભાઈ બુધ્ધભટ્ટી - શ્રીમતી શીતલબેન બુધ્ધભટ્ટીએ પૂજા અર્ચન કરાવ્યું હતું. ગાયત્રી હવનની સંપૂર્ણ વિધિ પણ સમાજના નલીનીબેન બુધ્ધભટ્ટી તેમજ પ્રજ્ઞાબેન સોલંકી દ્વારા કરાવવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત મહેમાનો તેમજ સમાજની બહેનોએ પણ ભાગ લીધો હતો.

ધાર્મિક કાર્યની સાથે સભ્ય બહેનો માટે "હલ્દી કંકુ" કાર્યક્રમ અંતર્ગત દરેક સભ્ય બહેનોને વાર્ષિક ગીફ્ટ અને તુલસીના રોપા સાથે નવાજવામાં આવી હતી અને નવા સભ્યોની નોંધણી કરવામાં આવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં ભુજ નગરપાલિકાના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરીબેન ઠક્કર, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ લતાબેન સોલંકી, કાઉન્સિલર અનિલભાઈ છત્રાળા, પાયલબેન ઠક્કર, ડૉ. નુસરતબેન, ધીરેનભાઈ લાલન, કંસારા સોની સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઈ ગુજરાતી, મંત્રી શ્રી મહેશભાઈ ગુજરાતી, સંજીવભાઈ બુધ્ધભટ્ટી, યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈ બગ્ગા, ઈંદુભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય તેમજ નગરપાલિકાના ઉપપ્રમુખ સંજોગોવશાત્ ઉપસ્થિત ન રહી શકતા, તેમણે ટેલીફોનિક શુભેચ્છા પાટવી હતી.

મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટીએ નવા ટ્રેન્ડ સાથે નગરપતિ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરનું વિવિધ પ્રકારની તુલસીના કુંડા સાથે સન્માનિત કર્યા હતા. તદુપરાંત મંડળના કારોબારી સભ્યો દ્વારા મંચસ્થ મહેમાનોને તુલસીના કુંડા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

નગરપાલિકાના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરે મહિલા મંડળની, આગવી અદાથી સન્માનિત કરવાની ભાવનાની ખૂબ જ પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે સ્વાસ્થ્ય સારું હશે તો જ બધું હશે. માટે દરેક ઘરમાં ઔષધરૂપી તુલસી તો હોવી જ જોઈએ. કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરીબેન ઠક્કરે પણ સમગ્ર વિશ્વના આરોગ્ય માટે જે ગાયત્રી હવનના આયોજનને પ્રશંસનીય ગણાવ્યું હતું.

જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ ગુજરાતીએ, કોરોનાને કારણે, મહિલા મંડળના ઘણા સમયના બ્રેક બાદ જે કાર્ય કરવામાં આવ્યું, તે પ્રશંસનીય ગણાવ્યું હતું. જ્ઞાતિ મંત્રી શ્રી મહેશભાઈએ સમાજના મેડિકલ કાર્ય અંગેની માહિતી આપી હતી. મહિલા મંડળના પ્રમુખ સુધાબેને તા. ૭-૭-૨૦૦૭ના રોજ આરંભાયેલ મહિલા મંડળને ૧૪ વર્ષ પૂર્ણ થતાં મોબાઈલના શબ્દોમાં જણાવ્યું હતું તે, "બદલાતા વર્ઝનની સાથોસાથ દરેક બહેનોએ પણ પોતાની જીવનશૈલીને અપડેત કરતા રહેવું જોઈએ અને તો જ મંડળ પ્રગતિના પથ સર કરી પરિવર્તન યુગ સાથે કદમ મિલાવી શકશે."

કાર્યક્રમના અંતમાં પધારેલ દરેક બહેનો માટે એક સરપ્રાઈઝ ગીફ્ટનું આયોજન મંડળના પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું. જેમાં કંચનબેન પ્રવીણભાઈ બુધ્ધભટ્ટી વિજેતા થયેલ.

કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરપર્સન રીટાબેન ડી. બુધ્ધભટ્ટી અને ભાવનાબેન વી. બુધ્ધભટ્ટી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિતાબેન બારમેડા તેમજ આભારવિધિ જયશ્રીબેન છત્રાળાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા અરૂણાબેન બુધ્ધભટ્ટી, ઈંદીરાબેન સોલંકી, ભાવનાબેન ચનાણી, પ્રીતિબેન બગ્ગા, ખુશાલીબેન બુધ્ધભટ્ટી, રાજેશ્રીબેન બુધ્ધભટ્ટી, ભાવિનીબેન પરમાર, કીમબેન છત્રાળા અને રીનાબેન બુધ્ધભટ્ટીનો સહયોગ સાંપડ્યો હતો.

ઇન્ટરનેશનલ એજ્યુકેશન – વિહંગાવલોકન

પ્રો. રસિકભાઈ મહિચ્છા



ઘણા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ અથવા ગ્રેજ્યુએશન પછી કાંઈક નવું કરવાની મહત્ત્વાકાંક્ષા હોય છે. ચીલાચાલુ કોલેજોમાં જવાનું પસંદ નથી કરતા અને તેમના મા-બાપને પણ ઈચ્છા હોય છે, કે તેમના સંતાન કંઈક અલગ હીર બતાવે. કેટલાક એવા વિદ્યાર્થીઓ અથવા તેમના પેરેન્ટ્સ હોય છે કે તેમને આપણા દેશની યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતા શિક્ષણ અથવા અભ્યાસક્રમોમાં કોઈપણ કારણસર આકર્ષણ નથી હોતું. એન્જિનિયરીંગમાં તો હવે કોઇ સ્કોપ નથી રહ્યો. મેડિકલમાં પ્રવેશ શક્ય નથી, પેરા મેડિકલમાં રસ નથી. આર્ટસ અથવા કોમર્સમાં જઇને શું કરવું? આઈ.આઈ.ટી. કે આઈ.આઈ.એમ.માં જવું અઘરું છે. આઈ.એ.એસ.માં જવા માટે તનતોડ તૈયારી કરવાની ત્રેવડ નથી.

તો પછી શું કરવું? એ પ્રશ્ન થાય છે. આવા પ્રશ્નો ખાસ કરીને ઉચ્ચતર મધ્યમ અથવા શ્રીમંત વર્ગના વિદ્યાર્થીઓને થાય છે. સમાજના આ પ્રકારના સોસિયો ઇકોનોમિક્સ સ્તરમાં કદાચ ૬૦થી ૭૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ આવી જતા હશે કે જેમની મહત્ત્વાકાંક્ષા મોટી હોય છે, પરંતુ તેમને સંતોષવા માટે કોઈ સૈક્ષણિક કારકિર્દી માટે કોઈ યોગ્ય રસ્તો દેખાતો ના હોય. આવા સંજોગોમાં તેઓ વિદેશના ભણતરનો વિકલ્પ પસંદ કરતા હોય છે અને તેમાં ખોટું પણ નથી. ઘણા વિદ્યાર્થીઓને મેડિકલમાં જવું છે પરંતુ અહીં મેડિકલમાં પ્રવેશ મળી શકે એવી શક્યતા નથી. માટે રશિયા, ચાઇના કે યુક્રેનમાં એમ.બી.બી.એસ. કરવા વિદેશ ચાલ્યા જાય છે. વિદેશ જવું, એ લગભગ દરેક વ્યક્તિ માટે એક ખૂબ આકર્ષક વિકલ્પ છે કારણકે ફોરેનની કલ્પના પણ કંઇક અનેરી લાગતી હોય છે.

અભ્યાસ માટે ઇન્ટરનેશનલ માઇગ્રેશન, એ કોઈ નવી વસ્તુ નથી પરંતુ હમણાં વિદેશ ભણવા જવાનો ક્રેઝ વધ્યો છે. ૨૦૦૧ પહેલાં વિદેશ ભણવા જવામાં ભારત, ચીન પછી બીજા ક્રમાંકે હતું. હાલ, વિશ્વમાં ભારતના વિદ્યાર્થીઓ વિદેશ ભણવામાં પ્રથમ નંબરે આવે છે. વર્ષ ૧૯૯૯થી ૨૦૦૬ દરમ્યાન વિદેશ અભ્યાસ કરવા જતાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૬૩ ટકાનો વધારો થઇને પ્રતિવર્ષ અંદાજિત ૧,૪૫,૦૦૦ થયો હતો જ્યારે ૨૦૧૩માં ૧,૮૧,૦૦૦ જેટલો થયો હતો. જે વૈશ્વિક સ્તરે પ્રથમ ક્રમે છે. અલબત્ત ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે વિદેશ અભ્યાસાર્થે જતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો છે. પરંતુ આ ઘટાડો કાયમી નથી. વૈશ્વિક સ્તરે પણ પોતાના દેશમાંથી વિદેશ જતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર પ્રતિવર્ષ વધારો થતો રહ્યો છે. યુનેસ્કોના ગ્લોબલ એજ્યુકેશન રીપોર્ટ, ૨૦૧૯ પ્રમાણે ઉચ્ચ શિક્ષણ માટે વૈશ્વિક ગતિશીલતા (International Mobility)માં પ્રતિવર્ષ વધારો થતો રહે છે અને દરેક હોમ કન્ટ્રી વિદેશ શિક્ષણને હંમેશાં ઉત્તેજન અને પ્રોત્સાહન આપે છે. આપણા દેશમાં પણ ઉચ્ચ શિક્ષણ માટે આંતરિક તેમજ વૈશ્વિક ગતિશીલતા પુરાણકાળથી ચાલી આવે છે. પંડિતો કાશીએ ભણવા જતાં અને વિદેશથી તક્ષશિલા અને નાલંદા વિશ્વ વિદ્યાલયમાં વિદ્વાનો અભ્યાસ કરવા આવતા. વિદેશ અભ્યાસ કરવા જવાના ઘણા ફાયદાઓ પણ છે. વળી વિદેશ ભણવા જવું એટલે એનો અર્થ એવો પણ ના થાય કે દેશમાં અભ્યાસ કરવા માટે કોઈ સારી કોલેજો કે વિશ્વવિદ્યાલયો નથી.

- **વિદેશમાં અભ્યાસ કરવા જવાના ફાયદાઓ :**

૧. **વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ :** વિદેશ ભણવા જવાનો સૌથી મોટો અને ખૂબ અગત્યનો ફાયદો એ છે કે વિદેશમાં શિક્ષણ લેવા જવાથી વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય છે. નવો દેશ, નવો પ્રદેશ, નવા લોકો અને નવી સંસ્કૃતિમાં રહેવાથી અનેક અવનવા અનુભવો થાય છે. તેને કારણે વિદ્યાર્થીનો માનસિક વિકાસ થાય છે, જે પોતાના દેશમાં ઘરે રહીને ભણવાથી કદી પણ શક્ય નથી. વિચાર શક્તિ ખીલે છે, આત્મવિશ્વાસ વધે છે અને રોજબરોજના વ્યવહારો કરવામાં નિપુણતા આવે છે. આ બધા ગુણો સફળ જીવન જીવવા માટે ખૂબ જરૂરી છે.

૨. **ભાષા જ્ઞાન :** વિદેશી ભાષા શીખવાની તક મળે છે. ઉદાહરણ તરીકે વિદેશ અભ્યાસ માટે જર્મની જઈએ તો જર્મન ભાષા શીખી લેવાય છે. તેમજ ઘણા બધા દેશોમાં

અંગ્રેજીમાં શિક્ષણ આપવામાં આવે છે અને સામાન્ય વાતચીતની ભાષા પણ અંગ્રેજી હોય છે. એટલે અંગ્રેજી બોલવા પર સારો કમાન્ડ આવી જાય છે.

૩. **અભ્યાસક્રમોની વૈવિધ્યતા :** વિદેશની યુનિવર્સિટીઓ ખૂબ જ આધુનિક પ્રકારના કોર્સીસ ઑફર કરે છે અને વિવિધ વિષયો પસંદગી કરવાના ઘણા વિકલ્પો આપે છે. તેથી વિદ્યાર્થી પોતાની રૂચિ, શક્તિ અને શોખ પ્રમાણે કોર્સીસ લઇ શકે છે અને ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે.

૪. **સેમેસ્ટર સિસ્ટમ :** ઉત્તર ગોળાર્ધના દેશો જેવા કે નોર્થ અમેરિકા, યુ.કે., જર્મની, ફ્રાંસ અને કેનેડામાં આવેલી કોલેજો / યુનિવર્સિટીઓમાં નવું ફોલ સત્ર ઓગસ્ટ / સપ્ટેમ્બરમાં શરૂ થાય છે. જ્યારે દક્ષિણ ગોળાર્ધના દેશો જેવા કે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડમાં નવું સત્ર જાન્યુઆરીથી શરૂ થાય છે. જેને સ્પ્રિંગ સેમેસ્ટર કહે છે.

૫. **સત્ર વૈવિધ્ય :** ઘણી આંતરરાષ્ટ્રીય કોલેજોમાં બંને ટર્મ્સ / સેમેસ્ટરમાં એડમિશન મળી શકે છે અને નવા સત્રો શરૂ થાય છે. જેથી વિદ્યાર્થીને સમયગાળાનો ફાયદો થઈ શકે છે.

૬. **કોલેજો / યુનિવર્સિટીઓમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર :** ભારતની કોલેજો / યુનિવર્સિટીઓમાં તેમનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર નહિંવત હોય છે. વિદેશની યુનિવર્સિટી કે કોલેજોમાં લેબોરેટરી, લાઇબ્રેરી, ક્લાસ રૂમો, કેમ્પસ અને તેમાંની સુવિધાઓ ખૂબ આધુનિક સગવડતા ધરાવતી હોય છે. તેથી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની મજા આવે છે તેમજ તેની એફિસીએન્સી વધે છે.

૭. **પાર્ટ ટાઇમ વ્યવસાય :** વિદેશની કોલેજો / યુનિવર્સિટીઓમાં અભ્યાસ સાથે પાર્ટ ટાઈમ વ્યવસાય કરી શકાય છે. તેથી ઘણા વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસનો ખર્ચ પૂરો નહીં તો આંશિક રીતે કાઢી શકે છે.

૮. **સારી વ્યવસાયીક કારકિર્દીની તક :** ફોરેન યુનિવર્સિટીમાં મેળવેલી ડિગ્રી ધારકોને પ્રાઇવેટ અને મલ્ટી નેશનલ કંપનીઓમાં સારી નોકરીની તકો ઊભી થાય છે. તેના કારણે સારો પ્રોફેશનલ ગ્રોથ થાય છે.

૯. **નવા મિત્રો અને નવી ઓળખાણની તક :** આંતરરાષ્ટ્રીય સ્તરના જીવન પર્યંતના નવા મિત્રો અને નવી ઓળખાણો થવાની તક મળે છે.

૧૦. **ગ્લોબલ એક્સ્પોઝર :** વિદેશ શિક્ષણ વિશ્વ સમુદાયનો રહેવાનો મોકો આપે છે. અમેરિકન ચાઈનીઝ, જાપાનીઝ, આફ્રિકન્સ, સ્પેનિસ, મેક્સિકન વિદ્યાર્થીઓ સાથે રહીને અભ્યાસ કરે છે અને તેનો અનુભવ નિરાળો છે.

૧૧. **એક નવી દિશા :** વિદેશ શિક્ષણ જીવનને એક નવી દિશા આપે છે, જે પોતાના દેશમાં રહીને પ્રાપ્ત થઈ શકતી નથી.

- **વિદેશમાં અભ્યાસ કરવા જવાના ગેર-ફાયદાઓ :**

૧. **નાણાંકીય રોકાણ :** વિદેશમાં ભણવાનો ખર્ચ વિશેષ આવે છે. અમેરિકા અને લંડનની પ્રખ્યાત યુનિવર્સિટીની ફી નું ધોરણ ખૂબ ઊંચું હોય છે અને સામાન્ય લોકોને પોષાય તેમ નથી હોતું જેમકે ૨૦૨૧ના સત્ર માટે ઓક્સફર્ડ યુનિવર્સિટીની ફી ૯૨૫૦ પાઉન્ડ વાર્ષિક ફી છે. હાર્વર્ડ બિઝનેસ સ્કુલની ૨૦૨૧ના વર્ષ માટે ૧,૧૦,૦૦૦ ડોલર્સ છે. આ તો ખૂબ મોંઘી કોલેજો છે અને તેમાં પ્રવેશ મેળવવો ખૂબ મુશ્કેલ છે તેમ છતાં અમેરિકામાં સામાન્ય કોલેજોમાં પણ વાર્ષિક ફી ૪ થી ૭ હજાર ડોલર હોય છે. કેનેડા તેમજ ઓસ્ટ્રેલિયામાં ફી થોડી ઓછી છે પણ ૩ થી ૫ હજાર જેટલી વાર્ષિક ફી હોય છે. ઉપરાંત હોસ્ટેલ અને ખાવાપીવાના ખર્ચ લાગે છે. ઘણી યુનિવર્સિટીઓ બેંક ગેરંટી અને હેલ્થ ઇન્સ્યોરન્સ પણ માંગે છે. જો કે ચાઈનીઝ, રશિયન, કેનેડાની કોલેજોનું ભણતર આની સરખામણીએ સસ્તું છે. વળી કેટલાક દેશો જેવા કે જર્મની, નોર્વે, સ્વિડન, ઓસ્ટ્રીયા, ફિનલેન્ડ, ઝેક રીપબ્લિક અને ફ્રાન્સ જેવા દેશોમાં કેટલીક યુનિવર્સિટીઓ ફી લેતી નથી અથવા ખૂબ નોમિનલ ફી ચાર્જ કરે છે.

૨. **હોમ સિકનેસ :** વિદ્યાર્થી પહેલી વખત ઘર અથવા દેશથી બહાર જાય ત્યારે હજારો માઇલ દૂર રહેતા ઘર યાદ આવે છે. ઘણી વખત તેની માનસિક અસર પણ થાય છે. જેને કારણે તેની પરિણામ સ્વરૂપે અભ્યાસ પર અને શારીરિક આરોગ્ય પર પણ પડતી હોવાના કિસ્સા બન્યા છે. જો કે હવે મોબાઇલ અને ઇન્ટરનેટના યુગમાં આ તકલીફ મહદ્ અંશે ઓછી થઈ ગઈ છે.

૩. **ખાવાપીવાની વિસંગતતાઓ :** વિદેશમાં ઘર જેવું ખાવાનું મળી શકે નહીં. તેથી તેના વિના ચલાવી લેવાની તૈયારી રાખવી પડશે. વળી મોટાભાગના દેશોમાં નોન-વેજનું ચલણ છે. ભારતના ધાર્મિક વિદ્યાર્થીઓને થોડું અજુગતું પણ કદાચ લાગે.

૪. **સામાજિક સલામતી :** એ ચોક્કસ છે કે વિદેશમાં સ્વદેશ

કરતાં જાનની સલામતી ઓછી રહે છે અને ઘણા દેશોમાં જાતીય હુમલાના બનાવો બનતા હોય છે. નહિંતર સામાન્ય વંશીય રીમાર્કસના ભોગ તો બનવું પડતું હોય છે. ઓસ્ટ્રેલિયામાં ભારતના વિદ્યાર્થીઓ વંશીય હુમલાના શિકાર થયા બાદ ત્યાં જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો.

- **કયા દેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવું?**

શરૂઆતના ટ્રેન્ડ પ્રમાણે મોટાભાગના વિદ્યાર્થીઓ ઉત્તર અમેરિકા, યુ.કે. અને ઓસ્ટ્રેલિયા જવાનું પસંદ કરતા. પરંતુ હવે નવો ટ્રેન્ડ જોવા મળે છે. આ દેશો ઉપરાંત જર્મની, ફ્રાંસ, રશિયા, યુક્રેન, ચાઇના, જાપાન, સીંગાપોર, સાઉથ કોરિયા, સ્પેન અને આર્જેન્ટીનામાં વિદેશ શિક્ષણ માટે જતા થયા છે.

કયા દેશમાં ઉચ્ચ અભ્યાસાર્થે જવું જોઈએ તેનો જવાબ ઘણી વ્યક્તિગત બાબતો પર આધાર રાખે છે. કયા અભ્યાસક્રમમાં જવું છે, કેટલી નાણાંકીય જોગવાઈ થઈ શકશે, કઈ કોલેજમાં પ્રવેશ ઉપલબ્ધ થાય તેમ છે, વળી વિવિધ અભ્યાસક્રમો માટે વિવિધ દેશો પ્રખ્યાત છે, જેના વૈશ્વિક માનાંક (ગ્લોબલ રેન્કિંગ) આપેલા હોય છે, જેને Education.com જેવી વેબ સાઇટ પર જોઈ શકાય છે. તે મુજબ દેશની પસંદગી કરી શકીએ છીએ.

૨૦૨૦ના વિશ્વના ટોપ-૧૦ ઇન્ટરનેશનલ એજ્યુકેશન આપતા દેશો અને તેના વૈશ્વિક માનાંક (ગ્લોબલ રેન્કિંગ) આ પ્રમાણે છે.

ગ્લોબલ રેન્કિંગ	દેશ
# 1	યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા
# 2	યુનાઇટેડ કિંગ્ડમ
# 3	જર્મની
# 4	કેનેડા
# 5	ફ્રાંસ
# 6	સ્વિટ્ઝરલેન્ડ
# 7	જાપાન
# 8	ઓસ્ટ્રેલિયા
# 9	સ્વીડન
# 10	નેધરલેન્ડ

આ રેન્કિંગ પ્રતિવર્ષ બદલાતા હોય છે અને રેન્કિંગ એજન્સીઓ મુજબ પણ અલગ અલગ રેન્કિંગ આવતા હોય છે. માટે જ્યારે પણ આપણે રેન્કિંગનો ઉપયોગ કરીને નિર્ણય લેવાનો થતો હોય ત્યારે તે સમયે સર્ચ કરીને લેટેસ્ટ રેન્કિંગનું સ્ટેટસ ચેક કરી લેવું.

આ ઉપરાંત રશિયા, ચાઇના, જાપાન, આર્જેન્ટીના, યુક્રેન અને મોંગોલિયા જેવા દેશોમાં પણ, વિદ્યાર્થીઓ, મેડિકલ એજ્યુકેશન / મેનેજમેન્ટ / ડૉક્ટરેટ માટે વિદેશ જાય છે.

(ક્રમશઃ)

સાહિત્યપ્રેમી એક દુકાનદારની દુકાન પર બોર્ડ માર્યું હતું : ***"જો તમે શુદ્ધ ગુજરાતીમાં વાત કરશો, તો અમારે ત્યાંથી ખરીદી પર તમને ૧૦% વળતર મળશે."***

બકો : બે સૂક્ષ્માતિસૂક્ષ્મ મુકુટ વિષાણુ આગમન-નિર્ગમન અવરોધક મુખોષ્ટનાસિકાદી રક્ષણાર્થ કર્ણદ્વય સમર્થિત વસ્ત્રપટ્ટીકા આપો.

દુકાનદાર : બકા, તું અંગ્રેજીમાં બોલ, તને ૧૫% વળતર આપીશ.

બકો : બે માસ્ક આપોને!

MATRIMONIAL

Name : **MAHIMA MANISHKUMAR SONI**
Birth Date : 29-09-1997
Education : B.E. (Civil)
Birth Time : 04.41 a.m. (Bhuj)
Height : 5.5"
Weight : 45 Kg.
Occupation : AE (Class-2) Irrigation Dept.
Father : Manishkumar Vitthaldas Soni Modasa (Arvalli)
Father Occupation : Business
Mother : Meenaben Manishkumar Soni
Mother Occupation : House wife
Brother : Younger Brother
Sister : Younger Sister
Contact No. : 94265 66256 (Ramesh Soni)
99981 60336 (Manish Soni)

વિદેશમાં અભ્યાસ માટે IELTS

ભાવિ બારમેડા - રાયપુર (છત્તીસગઢ)



જે વિદ્યાર્થી ફોરેન સ્ટડી કરવા માંગે છે, તેમના માટે IELTS એ નવો શબ્દ નથી. આજની યુવાપેઢી ખૂબ પરિપક્વ છે અને મહત્ત્વાકાંક્ષી પણ છે. પોતાની પાંખો પસારીને દુનિયા જોવા ઇચ્છે છે. હવેના યુવાનો પાછલી પેઢી કરતાં પણ વધારે જલ્દી ઍક્સ્પોઝર ચાહે છે. તેઓના પોતાના જીવન પ્રત્યેના નિર્ણયો ઘણા જ પરિપક્વ છે. આજની યુવા પેઢી નાની ઉંમરે કંઈક કરવા માંગે છે, આગળ વધવા માંગે છે. તેઓને એક્સ્પોઝર જલ્દી જોઈએ છે. કદાચ આ એક સૌથી મોટું કારણ છે કે તેઓ ફોરેન Studies તરફ પોતાની રૂચિ રાખે છે. કંઈક અંશે સાચું છે કે ફોરેન Atmosphere અને ત્યાંનું ભણતર તેઓને જલ્દી ઍક્સ્પોઝર પૂરૂં પાડે છે. ફોરેન સ્ટડી માટે સૌથી અગત્યની અમુક પરીક્ષાઓ છે, જેના આધારે વિદ્યાર્થીઓને ફોરેન યુનિવર્સિટીમાં એડમિશન મળે છે. તે પરીક્ષાઓ મુખ્યત્વે IELTS, TOEFL, SET, GMAT, ACT and GRE છે.

આજના મારા લેખમાં આપણે IELTS વિશે વાત કરીશું. IELTS એક્ઝામ ઇંગ્લીશ કેપેસિટી ટેસ્ટ એક્ઝામ છે, જે Four skills ચેક કરે છે. જેના અનુસાર વિદ્યાર્થી Speaking, Writing, Listening and Reading skills ની અલગ અલગ ટેસ્ટ આપે છે. જેના પર તેને બેન્ડ મળે છે. ૯ બેન્ડ બેસ્ટ ગણાય છે, પણ ૭ બેન્ડ સરસ ગણાય છે. ઘણી યુનિવર્સિટી ૬.૫ બેન્ડમાં પણ પ્રવેશ આપે છે. જે વિદ્યાર્થી આ પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેમણે અંગ્રેજીના ચાર Skills પર સારી પકડ જમાવવી પડે છે.

આજે આપણે પહેલી Skill – Speaking ની વાત કરીશું. IELTS ની પરીક્ષા બે પ્રકારની છે : એક એકેડેમિક અને બીજી જનરલ ટ્રેનિંગ. પણ જ્યારે સ્પીકિંગ સ્કીલની વાત આવે તો આ બંને પરીક્ષાઓમાં તેનો પ્રકાર એક જ છે. મતલબ, જ્યારે તમે એકેડેમિક પરીક્ષા આપો કે પછી જનરલ ટ્રેનિંગ પરીક્ષા આપો, Speaking skill ની પેપર સ્ટાઇલ બદલાશે નહીં, સમાન જ રહેશે. આ ટેસ્ટ ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે. જેમાં પરીક્ષાર્થીનું Pronounciation, Fluency, Grammar અને Vocabulary પારખવામાં આવે છે. આ ટેસ્ટ ૧૧ થી ૧૪ મિનિટની હોય છે જ્યાં એક્ઝામિનર, પરીક્ષાર્થીને અમુક વિષય આપે છે. જેના પર વિચારવાનો બે મિનિટનો સમય આપે છે. તેના પછી એક્ઝામિનર ઇચ્છે છે કે પરીક્ષાર્થી આપેલા વિષય ઉપર વગર અટકે બે મિનિટ સુધી બોલે. પરીક્ષાર્થી માટે આ સૌથી મુશ્કેલ કામ હોય છે કારણકે પરીક્ષાર્થી પોતાને અપાયેલ વિષયની ideal situation વિચારવા બેસે છે. જેથી કન્ફ્યુઝ થઇ જાય છે અને વધારે સમય સુધી બોલી શકતો નથી. પણ પરીક્ષાર્થીએ એ યાદ રાખવું જોઈએ કે જ્યારે આપણને કોઈપણ વિષય મળે તો જરૂરી નથી કે આપણે તેની આઇડલ સિચ્યુએશન પર વાત કરીએ. જરૂરી છે કે આપણે ફક્ત વાત કરીએ, જે એ વિષયની આજુબાજુ હોય. આપણને વિષયની પૂરી જાણકારી ના પણ હોય, એવું પણ બની શકે છે. આવી પરિસ્થિતિમાં પરીક્ષાર્થીએ યાદ રાખવું કે તેણે વગર અટકે, આપેલ વિષયની આજુબાજુ પોતાની ચર્ચાને ટકાવી રાખવાની છે. પરીક્ષાર્થી કહી શકે છે કે મને આ વિષયનું વધારે જ્ઞાન નથી પણ હું આ વિષય માટે આ વિચારો ધરાવું છું. પરીક્ષાર્થીએ પોતાના કોન્ફિડન્સને ટકાવી રાખવાનો છે અને પોતાની language related hesitation ની ખબર પડવા દેવાની નથી.

આજના લેખમાં આટલું જ. હવે પછીના લેખમાં આપણે Writing Skill વિશે વાત કરીશું.

(ક્રમશઃ)

પ્રતિભાવ

આપણા સમાજના પારિવારિક મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ના દરેક અંકમાં ખૂબ સારા અને ઉપયોગી લેખો આવે છે. ગત અંકમાં વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક શ્રી વલ્લભાચાર્યજીનાં ૧૦૮ હસ્ત લિખિત નામો સાથેનું દુર્લભ ચિત્રજીને શ્રી મનુભાઈ કોટડિયા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ, જે ખૂબ સુંદર અને ચિરસ્મરણીય છે. મને આ ચિત્ર ફોટો ફ્રેમમાં મઢાવી રાખવા યોગ્ય જણાયેલ છે.

'જ્ઞાતિસેતુ' હંમેશાં વાંચક મિત્રોની પસંદગીને પ્રાધાન્ય આપી લેખકોને પ્રોત્સાહિત કરે છે. સમાજની પ્રતિભાશાળી વ્યક્તિઓનો પરિચય સંપાદિત થતો રહે છે. તે દર્શાવે છે કે 'જ્ઞાતિસેતુ'નું સંવેદનશીલ તંત્રીમંડળ વાંચકોની પસંદગી અને સમાજના પ્રવાહને ધ્યાનમાં લઇ યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરતું રહે છે. આ પ્રશંસનીય કાર્ય માટે 'જ્ઞાતિસેતુ'ની સમગ્ર ટીમને અભિનંદન. ***અંજના પોમલ - અંજાર***

વર્તમાન યુગની સ્પર્ધાના મુખ્ય વિષય બની ચૂકેલી 'ફેશન' કલ્પનાશીલતા અને સર્જનાત્મક્તાથી ભરપૂર છે. ફેશન ક્ષેત્રે શિક્ષણથી યોગ્ય માર્ગદર્શન મળે તો સફળતા રહેલી છે. વિશ્વના અન્ય દેશોની જેમ ભારતમાં પણ છેલ્લા ઘણા વર્ષોથી ફેશન પ્રત્યે લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાતો જાય છે. ફેશન ટેકનોલોજી એક ઉદ્યોગ તરીકે વિકસવા લાગી છે. આધુનિક યુગમાં નવી ચીજવસ્તુઓના ડિઝાઇનનું અનેરું મહત્ત્વ છે. ચીજ વસ્તુઓની ડિઝાઇનમાં નવીનતા, શૈક્ષણિક અભ્યાસક્રમ સાથે જોડાય ત્યારે માનવીના જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે.

તાજેતરમાં ગુજરાતની પોલીસ માટેના વસ્ત્રની ડિઝાઇન, રેલવેના ડબ્બાની ડિઝાઇન, રેલવે એન્જિનનું મોડેલ અને એનિમેશન તેમજ ફિલ્મ ક્ષેત્રે જુદી જુદી પ્રવૃત્તિઓમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ફેશન ટેકનોલોજીના ક્ષેત્રે ભારતમાં અતિ આધુનિક ગણી શકાય તેવા અભ્યાસક્રમોની સવલતો પ્રાપ્ત છે. જેમાં મુખ્યત્વે NID અને NIFT જેવી અગ્રણી સંસ્થા ગણાય છે.

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા છે. તેના અભ્યાસક્રમો વિશે માહિતી મેળવીએ. આ સંસ્થાના બધા અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં છે.

અમદાવાદના પાલડી પાસે સરદાર પુલ નજીક NID આવેલી છે. ઇન્ડસ્ટ્રિયલ કોમ્યુનિકેશન ટેક્સટાઇલ અને આઇ.ટી. ઇન્ટીગ્રેટેડ ડિઝાઇન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામેલ શૈક્ષણિક અને રિસર્ચ માટેની આ સંસ્થા છે. મિનિસ્ટ્રી ઑફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રિયલ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા હેઠળ ચાલતી સ્વતંત્ર સંસ્થા છે.

ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમ :

ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે પાસ કર્યા પછીનો છે. તે GDPP નામે જાણીતો છે. જ્યારે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામિંગ ડિઝાઇન GDPC સ્નાતક પછીનો છે.

(એ)ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામિંગ ડિઝાઇન

આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ૧૦+૨ની હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરનાર કોઈપણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે ચાલુ વર્ષે પરીક્ષામાં બેસનાર હોય. પરિણામ બાકી હોય તેઓ પણ અરજી કરી શકે છે. ૨૨ વર્ષની વયમર્યાદા ધરાવનારને પ્રવેશ મળે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૩ વર્ષની છૂટ મળે છે. અભ્યાસક્રમની મુદત ૫ વર્ષની છે. અભ્યાસક્રમનાં ક્ષેત્રો નીચે મુજબ છે :

૧. કોમ્યુનિકેશન ડિઝાઇન
- ✦ ગ્રાફિક ડિઝાઇન
- ✦ એનિમેશન ફિલ્મ ડિઝાઇન
- ✦ ફિલ્મ અને વીડિયો કોમ્યુનિકેશન
- ✦ એક્ઝીબિશન ડિઝાઇન.

૨. ટેક્સટાઇલ અને એપરલ ડિઝાઇન

૩. ઇન્ડસ્ટ્રીયલ ડિઝાઇન
- ✦ પ્રોડક્ટ ડિઝાઇન
- ✦ ફર્નિચર ડિઝાઇન
- ✦ સિરામિક અને ગ્લાસ ડિઝાઇન

(બી) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ ઇન ડિઝાઇન

આ અભ્યાસક્રમમાં કોઈપણ શાખામાં સ્નાતક પછી કે તેની સમકક્ષ લાયકાતવાળા વિદ્યાર્થીઓ કે જેમણે માંગ્યા મુજબનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેને પ્રવેશ મળે છે. અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો સમયગાળો ૨ થી ૨.૫ વર્ષનો હોય છે. આમાં નિપુણતા મેળવવા માટે નીચે મુજબનાં ક્ષેત્ર છે.

ઇન્ડસ્ટ્રીયલ ડિઝાઇન :

અભ્યાસક્રમનું નામ
- ✦ પ્રોડક્ટ ડિઝાઇન (અમદાવાદ)
- ✦ ફર્નિચર ડિઝાઇન (અમદાવાદ)
- ✦ સિરામિક અને ગ્લાસ ડિઝાઇન (અમદાવાદ)
- ✦ ટોય ડિઝાઇન એન્ડ ડેવલોપમેન્ટ (ગાંધીનગર)
- ✦ ટ્રાન્સપોર્ટેશન એન્ડ ઓટોમોબાઇલ ડિઝાઇન (ગાંધીનગર)

ટેક્સટાઇલ એપરલ એન્ડ એસેસરીઝ ડિઝાઇન :

અભ્યાસક્રમનું નામ
- ✦ ટેક્સટાઇલ ડિઝાઇન (અમદાવાદ)
- ✦ એપરેલ ડિઝાઇન (ગાંધીનગર)
- ✦ લાઇફ સ્ટાઇલ એસેસરીઝ ડિઝાઇન (ગાંધીનગર)

કોમ્યુનિકેશન ડિઝાઇન

અભ્યાસક્રમનું નામ
- ✦ ગ્રાફિક ડિઝાઇન (અમદાવાદ)
- ✦ એનિમેશન ફિલ્મ ડિઝાઇન (અમદાવાદ)
- ✦ ફિલ્મ એન્ડ વીડિયો કોમ્યુનિકેશન (અમદાવાદ)
- ✦ ફોટોગ્રાફી ડિઝાઇન (ગાંધીનગર)

આઇ.ટી.આઇ. ઇન્ટીગ્રેટેડ ડિઝાઇન

અભ્યાસક્રમનું નામ
- ✦ ન્યુ મીડિયા ડિઝાઇન (ગાંધીનગર)

✦ ઈન્ફોર્મેશન ડિઝાઈન (બેંગ્લોર)
✦ ઈન્ટર એક્શન ડિઝાઈન (બેંગ્લોર)
✦ યુનિવર્સલ ડિઝાઈન (બેંગ્લોર)
✦ ડિજિટલ ગેઈમ ડિઝાઈન (બેંગ્લોર)
✦ ઈન્ફોર્મેશન એન્ડ ડિજિટલ ડિઝાઈન (બેંગ્લોર)

વધુ માહિતી માટે સંસ્થાનો અને વેબસાઈટનો સંપર્ક કરવો.
(Website : www.nid.edu)

1. National Institute of Design, Paldi, A'bad.
2. National Institute of Design, GH-0, Extension Rd., Nr. Info City, Gandhinagar.
3. R & D Campus, National Institute of Design, 12, HMT Link Road, Off Tumkur Road, Bengaluru.

કેમ્પસ ઈન્ટરવ્યૂ મારફત તેમજ જુદા જુદા ઈલેક્ટ્રોનિક પ્રિન્ટ મીડિયાના માધ્યમથી NIDના તાલીમાર્થીઓને ઉચ્ચ પગારે નોકરી મળે છે.

આવી જ એક બીજી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા NIFT વિશે જાણકારી મેળવીએ. ફેશન ડિઝાઈન અને ફેશન એજ્યુકેશનમાં વિશ્વ કક્ષાએ જાણીતી ટોપ ટેન ઈન્સ્ટિટ્યૂટમાં NIFTનું નામ છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેકનોલોજી એટકે કે NIFT ની, કે જે ભારત સરકારના ટેક્સટાઈલ મંત્રાલયના સીધા અંકુશ હેઠળ કાર્ય કરે છે. આ NIFT ને ડિઝાઈન, મેનેજમેન્ટ અને ટેકનોલોજીની કોલેજ તરીકે ઓળખવામાં આવે છે અને તેના દેશભરમાં ૭ કેન્દ્રો છે. આ કેન્દ્રોમાં આપણા ગુજરાતમાં ગાંધીનગર તથા અન્યત્ર દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ, હૈદ્રાબાદ અને બેંગ્લોર ખાતે છે. આ NIFT ખાતે વિવિધ પ્રકારના અભ્યાસક્રમો છે. આ અભ્યાસ કર્યા બાદ તમારી પાસે અનુકૂળતા હોય તો તમારું પોતાનું મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ કરી શકો. ઉપરાંત નોકરીની પુષ્કળ તકો પણ ઉપલબ્ધ થાય છે. આમાંના કેટલાક અભ્યાસક્રમોમાં સ્નાતક થયા પછી અને કેટલાકમાં ધોરણ-૧૨ પછી પ્રવેશ મેળવી શકાય છે.

NIFTના અભ્યાસક્રમો

૧. બેચલર પ્રોગ્રામ ઇન ડિઝાઇન (બી ડિઝાઇન)

✦ લેધર ડિઝાઈન
✦ ફેશન કોમ્યુનિકેશન
✦ એસેસરી ડિઝાઈન
✦ ફેશન ડિઝાઈન
✦ નીટવેર ડિઝાઈન

લાયકાત : ધોરણ-૧૨ પાસ અથવા માન્ય પોલિટેકનિક ડિપ્લોમા (૩-૪ વર્ષ)

૨. UG પ્રોગ્રામ ઇન ટેકનોલોજી (B.F. Tech.)

લાયકાત : મેથ્સ, ફિઝિક્સ, કેમેસ્ટ્રી સાથે ધોરણ-૧૨ પાસ.

૩. PG પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ (M.Des. M.T.M. & M.F. Tech.)

લાયકાત : ગ્રેજ્યુએટ અથવા ડિપ્લોમા ઈન એસેસરીઝ ફેશન ડિઝાઈન – FIT (NIFT માંથી જ)

૪. PG પ્રોગ્રામ ઇન ટેકનોલોજી

લાયકાત : B.T. / B.Tech. (ટેક્સટાઈલ્સ, એપરલ્સ, મિકેનિકલ, ઈન્ડ. એન્જિ., પ્રોડક્શન એન્જિ., કમ્પ્યુટર ઈન્ફર્મેશન ટેકનોલોજી)

NIFTના અભ્યાસક્રમો માટે પ્રવેશ પરીક્ષા

NIFTના ઉપરોક્ત રેગ્યુલર અભ્યાસક્રમોમાં પ્રવેશ પરીક્ષા GAT & CAT (Creative Ability) સર્જનાત્મક ક્ષમતા દ્વારા જ આપવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષા લેખિત અને મૌખિક ઈન્ટરવ્યૂ એમ બે તબક્કાઓમાં લેવામાં આવે છે. આ ક્ષમતાઓને આધારે પ્રવેશ આપવામાં આવે છે. NIFTમાં યોગ્ય ઉમેદવારોને શિષ્યવૃત્તિની સવલત મળે છે.

વય મર્યાદા :

બેચલર પ્રોગ્રામ ઈન ડિઝાઈનના ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ૨૩ વર્ષ વધુમાં વધુ હોવા જોઈએ. અનામત કેટેગરીને નિયમ મુજબ છુટછાટ મળવાપાત્ર છે.

NIFTના ગાંધીનગર કેન્દ્રનું સરનામું :

National Institute of Design,
GH-0, Extension Road, Nr. Info City,
Gandhinagar. Website : www.niftindia.com

આ સિવાય અન્ય સંસ્થાઓમાં આવા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ તથા વાલીઓ જાતે ચકાસણી કરી તેમાં અભ્યાસ કરી શકે છે. ઈન્ટરનેટ પર સર્ચ કરી શકાય.

આ રીતે આધુનિક યુગ સાથે તાલ મેળવી ફેશન ક્ષેત્રે કારકિર્દી બનાવી શકાય.

નોંધ : ઉપરોક્ત અભ્યાસક્રમની માહિતી માત્ર આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી જે તે વર્ષની પ્રવેશ પ્રક્રિયા થાય તે પ્રમાણે નિયમ, વર્ષ ફેરફારને આધીન છે. તેથી તેની વેબસાઈટ અને દૈનિક પેપરમાં આવેલ જાહેરાતને અનુસરવું.

સંદર્ભ : 'ગુજરાત રોજગાર સમાચાર',
કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૧

काल: सर्व विरोपयति

વિશાલ જયસુખલાલ ગોહિલ

''**काल: सर्व विरोपयति**'' અર્થાત્, ''સમય દરેક વસ્તુને સાજો કરે છે.'' સમય, એ જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમ જેમ સમય પસાર થતો જાય તેમ જીવનની સાથોસાથ જીવન સાથે સંકળાયેલી બધી વસ્તુમાં પણ અમુક પરિવર્તન આવતા હોય છે. એક મહાન કવિએ લખેલું છે કે, ''समय के पास इतना समय नहीं, की आपको दुबारा समय दे सके...'' એટલે આ એકવીસમી સદીમાં સમય સાથે સાથ મિલાવીને ચાલવું જરૂરી છે, નહિંતર સમય આપને ફેંકવામાં સમય નથી લગાડતો. એમાં પણ આવી મહામારીનો સમય જ્યારે ચાલી રહ્યો હોય ત્યારે આ સમય ઘણું શિખવાડી રહ્યો છે. દરેકના જીવનમાં કેરિયરના પહેલા ૧૦ વર્ષ મહત્ત્વના હોય છે અને એમાં પણ શરૂઆતનો આવો સમય કટોકટીનો હોય ત્યારે જે સબક મળે, એ જીવનમાં ઘણું શિખવાડી જાય છે. એટલે આવા સમયમાં જીવનની તથા જીવન જરૂરી વસ્તુની સંભાળ લેવી જરૂરી છે.

આપણા વડીલો કહેતા કે અમારા સમયમાં જ્યારે આવક થતી ત્યારે અમે અમારી આવકનો ૨૦% ભાગ, આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે સાચવીને રાખતા. સમયની સાથે એ વિચારમાં પરિવર્તન આવ્યું અને એ આવકના એક ભાગને ઇન્સ્યોરન્સના નામે પોતાના આકસ્મિક ખર્ચનો ભાર બીજાને આપી દેવામાં આવ્યો. ઇન્સ્યોરન્સની પરિભાષામાં એવું કહી શકાય છે કે તમારી આવકનો થોડોક ભાગ આપી, તમારી આકસ્મિક જવાબદારી તમે બીજાને આપી રહ્યો છો. આજનો આવો કટોકટીનો જ્યારે સમય ચાલી રહ્યો હોય અને આવકનો સ્રોત ઓછો હોય ત્યારે પોતાની આવકનો થોડો ભાગ આપીને પોતાની જવાબદારી બીજાને આપી દેવી એ સમજદારી કહેવાય.

આજનો આ વિષય ''काल: सर्व विरोपयति''ને મેં ઇન્સ્યોરન્સ સાથે સાંકળ્યો છે કારણકે આવા કપરા સમયમાં પોતાની જવાબદારી ઇન્સ્યોરન્સને આપી દેવી, એ કપરા સમયમાં સંજીવની જેવું કામ કરે છે. એટલું જ નહીં, પોતાની સુખાકારી માટે અને આવા કપરા સમયમાં લડી લેવા માટે પોતાની તથા પરિવારની સિક્યુરીટી જરૂરી છે. એટલે આ સમયમાં ઇન્સ્યોરન્સ લેવો, એ બધી રીતે જરૂરી જણાય છે. એવું આર્થિક આયોજન, જે આપણને આપણા ભવિષ્યને આર્થિક રીતે સુરક્ષાની સાંકળમાં બાંધે.

''પરિસ્થિતિ પૂછીને નથી બદલાતી હોતી, પણ અગાઉથી પરિસ્થિતિ સામે લડવા માટે થોડા હથિયાર તૈયાર કરી રાખીએ તો કદાચ લડી શકાય. બાકી હાર-જીત પરિસ્થિતિ પર નિર્ભર કરે છે.'' – આ વાક્યને હું ઇન્સ્યોરન્સ તરફ ઢાળવા માંગું છું. જેમ કે હું જનરલ ઇન્સ્યોરન્સ સાથે સંકળાયેલો છું એટલે ઇન્સ્યોરન્સ શું છે એ હું સારી રીતે જાણું છું. પરંતુ ખરેખર એક સામાન્ય માણસ માટે ઇન્સ્યોરન્સ કેટલો ઉપયોગી છે તે જણાવવા માંગું છું.

એક સમય એવો હતો કે જ્યારે કોઈ વીમા માટે વાત કરે એટલે જીવન વીમાની વાત જ મગજમાં આવે. પરંતુ સમયની સાથે લોકોની માનસિકતા બદલાણી અને ખરેખર વીમો શું છે અને કેટલા પ્રકારના વીમા આવે, એ લોકોને ખબર પડવા લાગી. અત્યારે જ્યારે આરોગ્યને લગતી આવી મોટી મહામારી ચાલી રહી છે ત્યારે આરોગ્ય વીમા માટે લોકો વધારે જાગૃત થયા છે અને એ જરૂરી પણ છે કારણકે આરોગ્યને કારણે આર્થિક બોજ આવી પડે ત્યારે સામાન્ય માણસની કરેલી બચત ઉપર વધારે અસર પડે છે. પરંતુ જ્યારે પોતાની આરોગ્યની જવાબદારી વીમા કંપનીને આપી દો છો તો આવા કપરા સમયમાં તમારી બચતને તમે સારી જગ્યાએ વાપરી શકો છો. આ તો આરોગ્ય વીમાની વાત થઈ. તમારી મિલ્કતથી લઈ ધંધા રોજગાર સુધી તમે દરેક મિલ્કતનો વીમો લઈ શકો છો અને એ એક પ્રકારે ખર્ચ નથી પરંતુ તમારું ભવિષ્યનું ઇન્વેસ્ટમેન્ટ છે. આવનારા સમયમાં ઇન્સ્યોરન્સ સેક્ટરમાં વધુ જાગરૂકતા આવશે અને આવનારા ૫૦ વરસમાં ઇન્સ્યોરન્સ સેક્ટર ખૂબ પ્રગતિ કરશે. એટલું જ નહીં, ઇન્સ્યોરન્સમાં કારકિર્દી બનાવનારા લોકો માટે હવેનો સમય ખૂબ સારો જણાય છે.

''સમય, દરેકને સમય આપે છે અને સમયને કેમ સારો બનાવવો એ આપણા હાથમાં હોય છે. એટલે સમય સાથે બદલાવવું જરૂરી છે.'' એટલે આપણે બધા ઇન્સ્યોરન્સ વિશે જાગૃત થઇએ. ઇન્સ્યોરન્સ વ્યક્તિને તેના ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓ, જેવી કે માંદગી, અકસ્માત કે અણધાર્યા ખર્ચ સામે અમુક અંશ સુધી આર્થિક રક્ષણાત્મક કવચ બનાવી આપે છે.

સ્વ-પરિચય

નામ : **વિશાલ જયસુખલાલ ગોહિલ**

જન્મ તારીખ : ૦૧-૦૭-૧૯૯૭

અભ્યાસ : બી.કોમ.

હાલ વસવાટ : મીરઝાપર, ભુજ

મો. : ૭૫૬૭૯ ૯૭૯૧૦

વ્યવસાય : ડેવલોપમેન્ટ ઓફિસર, ઇફકો ટોકિયો જનરલ ઇન્સ્યોરન્સ કંપની

પારિવારિક માહિતી : પિતા : જયસુખલાલ રામજી ગોહિલ, માતા : રાધાબેન (ઉર્મિલાબેન) જયસુખલાલ ગોહિલ

શોખ : Singing, Travelling, Photography

સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

આપણા સમાજના મુખપત્ર "જ્ઞાતિસેતુ"માં "સ્વયંસિદ્ધા" બહેનોના ઈન્ટરવ્યૂની કૉલમ ચાલુ છે. જે બહેનો સંઘર્ષ કરીને સ્વયંનું અને કુટુંબનું આર્થિક, સામાજિક અને માનસિક સ્તર ઊંચું લાવવામાં સફળ થઈ છે, એવી આપણી લેખમાળાના એક પરિશ્રમી મહિલા છે કલ્પનાબેન નવીનભાઈ કટ્ટા, રહેવાસી નખત્રાણા. એમની વ્યવસાયીક યાત્રા વિશે આજે આપણે એમના મુખેથી સાંભળીએ....

કલ્પનાબેન નવીનભાઈ કટ્ટા - નખત્રાણા

નામ : કલ્પનાબેન નવીનભાઈ કટ્ટા (ઉંમર : ૪૮ વર્ષ)

ગામ : (સાસરૂં) નખત્રાણા - કચ્છ
(માવતર) વઢવાણ - સુરેન્દ્રનગર

ભાષા : સૌરાષ્ટ્રની બોલી (કચ્છી સમજી શકે છે).

વ્યવસાય : કટલરી સ્ટોર્સ.
પોતાના આત્મબળથી શરૂ કરેલો વ્યવસાય. માવતરમાં ઘરકામ અને સાથે પપ્પાને મદદ કરતા. વ્યવસાય કઈ રીતે કરવો તે પપ્પા પાસેથી શીખ્યા (વાસણનો વ્યવસાય)

- લગ્નના ૧૦/૧૨ વર્ષ પછી વ્યવસાય શરૂ કર્યો.
- પતિનું ટ્રક ચલાવવાનું કામ અને તે વખતે છોકરાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આર્થિક રીતે સધ્ધર થવાના હેતુથી કટલરીના વ્યવસાયનો વિચાર આવ્યો.
- તેમણે વ્યવસાય શરૂ કર્યો તે વખતે સામાન્ય રીતે જે તે વિસ્તારમાં મહિલાઓ વ્યવસાયથી જોડાયેલ ન હતી અથવા નહિવત્ પ્રમાણમાં વ્યવસાય કરતી. તેમને લાગ્યું કે તે આ પહેલથી અન્ય મહિલાઓને પ્રેરણારૂપ બની શકશે.

કટલરીનો વ્યવસાય જ શા માટે?

★ પતિના લોહાણા જ્ઞાતિના એક મિત્ર, જેમની સાથે નાનપણથી મિત્રતા હતી, તેઓ કટલરીનો હોલસેલ અને રીટેઈલનો વ્યવસાય વર્ષોથી કરતા. તેમના દ્વારા તેઓ બંને પતિ-પત્નીને મોરલ સપોર્ટ મળ્યો કે તેમના અનુભવ અને સહકારની મદદથી આ વ્યવસાયમાં જોડાઈ શકાય તેમ છે.

★ વેપારીઓ સાથે સંપર્ક કરાવ્યો. જેથી ઉધાર માલ લેવામાં મદદ મળી.

★ પરિવારમાંથી બિલકુલ સહકાર ન મળ્યો. દરેકનો અલગ - અલગ વ્યવસાય. તેમનું પહેલેથી જ અલગ રહેવાનું થયું અને આત્મબળે જ અલગ વ્યવસાય ઊભો કર્યો.

★ આર્થિક રીતે પતિનો ખૂબ સારો સપોર્ટ રહ્યો. પોતાની ટ્રક વેચીને કલ્પનાબેનનો વ્યવસાય શરૂ કરવા તેમણે મૂડી રોકાણ માટે પૈસા આપ્યા. પોતાના ગુજરાનનું એકમાત્ર સાધન – પોતાની માલિકીની ટ્રક વેચી, માલ લઈ આપ્યો અને તેમના સાહસને ટેકો આપ્યો. ભાડાની દુકાન રખાવી આપી.

★ જે તે વખતે બહેનોની મંડળીમાં પણ ઘણું કામ કર્યું (મહિલા મંડળીમાં). તેમાં બહેનોને લોન લઈ આપવાથી માંડીને તમામ પ્રકારની શક્ય એટલી મદદ કરી. જેને લીધે બહેનોમાં એક અલગ ઓળખાણ ઊભી થઈ અને કટલરીની દુકાન કરવાની પ્રેરણા મળી.

★ પહેલી વખતનું રોકાણ અંદાજે પોણા બે લાખ રૂપિયા. વ્યવસાય જામતા ૧ વર્ષ જેટલો સમય લાગ્યો. તેટલો સમય ખૂબ સંઘર્ષ સહન કર્યો. ૨૫૦૦/- રૂા. ભાડું અને લાઈટબીલ સહિત અન્ય ખર્ચ ભોગવ્યો.

★ હંમેશાં સ્ટાન્ડર્ડ ચીજોની ખરીદી કરી, તે જ વેચવાનો આગ્રહ રાખ્યો. જેના લીધે એક છાપ ઊભી થઈ કે તેમની પાસે મળતી વસ્તુઓ સંપૂર્ણપણે ગુણવત્તાસભર છે.

★ સંઘર્ષપૂર્ણ શરૂઆત બાદ મહેનત રંગ લાવી અને પછી જે દુકાન ભાડા પર રાખેલી, તે જ તેમણે વેચાતી ખરીદી લીધી. જે મેઈન બજારની અંદર મોકાની, પોતાની માલિકીની દુકાન ધરાવે છે. તેના માટે પણ તેમણે કોઈ બીજા પાસે હાથ લંબાવવા કરતાં લોન લેવી યોગ્ય લાગી. આમ, સ્વ-મહેનતે લોનના હપ્તા ચૂકવી એક આદર્શ સ્ત્રી તરીકે વ્યવસાય ચલાવે છે. (લોનના ૧૦૦ હપ્તા છે, જેમાંથી ૧૦ ભરાઈ ગયા છે.)

★ વધારે પડતો સ્ટોક અન્ડર ગારમેન્ટ્સનો હોય છે. તે સિવાય મેક-અપ અને બ્યુટી પ્રોડક્ટ્સ પણ રાખે છે.

★ માલની ખરીદી કરવા તે રૂબરૂ જ જાય છે. તે માટે તેમના પતિએ ગાડી પણ લીધી છે.

ઘર, દુકાન અને રાજકારણ :

★ શરૂઆત : ત્રણ વર્ષ સોની સમાજના મહિલા મંડળમાં તાલુકા કક્ષાએ પ્રમુખની જવાબદારી નિભાવી. ત્યારબાદ પણ સમાજના કામોમાં શક્ય એટલો સહયોગ દરેક કામમાં આપે છે.

★ જ્યારે બહાર જવું પડે તેમ હોય ત્યારે મોટાભાગનું કામ પતાવીને નીકળે છે. તે દરમિયાન નવીનભાઈ દુકાને બેસીને કલ્પનાબેનની ગેરહાજરીમાં સુચારૂ સંચાલન કરીને તેમને સહયોગ આપે છે.

★ તે સિવાય જ્યારે કોઈ કાર્યક્રમ કે મિટીંગમાં ભાગ લેવાનો હોય ત્યારે મોડી રાત્રે કામ પતાવીને સૂતા હોવા છતાં માત્ર ૨ થી ૩ કલાક જેટલી ઊંઘ લઈને સવારે વહેલા ઉઠીને પોતાના ઘરનું અને ત્યારબાદ દુકાનનું બધું જ દૈનિક કામ પતાવીને સમયસર કાર્યક્રમના સ્થળે પહોંચી જાય એ.

★ તે સિવાય તેમને હિંદુ સંસ્કૃતિ અને હિંદુ ધર્મ માટે અગાધ શ્રદ્ધા છે. તેમજ ગૌપ્રેમી પણ છે. હિંદુ ધર્મના દરેક ઘરને આંગણે ગાય હોવી જોઈએ એમ તેઓ માને છે. આમ, તેમના ઘરે ત્રણ જેટલી ગાયો પણ છે. જેની દોવાઈ પોતાના હાથે કરવાથી માંડીને તેની તમામ દેખભાળ જાતે કરે છે. જેના માટે પણ સવાર-સાંજ ૨-૨ કલાક – એમ દિવસના અંદાજે ૪ કલાક જેટલો સમય ગૌસેવામાં આપે છે.

★ મમ્મીના ઘરે કોઈ ભારે કામ કરવાનું નહોતું. સાસરે આવ્યા બાદ તેમણે આ બધું કામ શીખ્યું.

પરિવાર

★ લગ્ન બાદ મોટા સંયુક્ત કુટુંબમાં આવવાનું થયું. જેમાં તમામ પ્રકારની જવાબદારીઓ પૂર્ણ કરી, થોડા વખત પછી અલહ રહેવાનું થયું.

★ સંતાનમાં એક મોટી દીકરી છે જે સાસરે રહે છે અને નાનો દીકરો છે, જે સોનીકામમાં રસ ધરાવે છે. તેઓ એક આદર્શ માતા પણ છે.

★ દીકરા અને પતિના સપોર્ટથી તેઓ પોતાનો વ્યવસાય વધારવા માટે પણ ઈચ્છા ધરાવે છે. જેને માટે સ્વબળે પ્રયત્નો પણ કરી રહ્યા છે.

★ ક્યારેક દબાણ વધી જતાં ખૂબ જ થાક અને સંઘર્ષનો અનુભવ થાય ત્યારે આ બધી જંજાળ છોડી દેવાનો વિચાર પણ ક્ષણભર માટે આવે છે. પણ તેમના આત્મબળની આગળ તે જાજો વખત ટકી શકતું નથી.

★ અત્યારે તેમની સ્પર્ધામાં કટલરીની ઘણી દુકાનો (૧૭) છે. એક વખતે મોનોપોલી હતી કે તેમની એક જ દુકાન બજારમાં હતી, જે ફક્ત મહિલા સંચાલિત હોય. હાલમાં પણ કટલરીની મહિલા દુકાનદાર તરીકે તેઓ એકલા જ દુકાન ચલાવે છે.

★ એક મહિલા તરીકે અન્ય મહિલા ગ્રાહકો સાથે આત્મીયતા બંધાયા બાદ, તેમના નિયમિત ગ્રાહક તેમની પાસેથી જ ચીજવસ્તુ ખરીદવાનો આગ્રહ રાખે છે.

★ સંપૂર્ણ સંઘર્ષપૂર્ણ જીવન હોવા છતાં પણ કોઈ જ ફરિયાદ વગર પોતાનાથી અને પોતાના જીવનથી ખુશ છે.

★ કોરોનાને લીધે વ્યવસાયમાં ઘણો ફટકો પડ્યો. તેમ છતાં તેઓ વધુ મહેનત કરી પોતાનું ફાઈનાન્સ મેનેજ કરવા સારા એવા પ્રયત્નો કરે છે.

અન્ય મહિલાઓને મેસેજ :

સમાજના દરેક મહિલાવર્ગને મેસેજ આપવા માંગે છે કે, તેઓ પણ અનુકૂળતા મુજબ પોતાના રસ ધરાવતા વ્યવસાયમાં ઝંપલાવે અને તેમની જેમ જ એક અલગ ઓળખ ઊભી કરે. જેને લીધે ફક્ત ચાર દીવાલોની વચ્ચે પૂરાઈ ન રહેતા તેમની ક્ષમતા અને Knowledge વિકસાવે. આમ કરવાથી તેમની આવડત અને શક્તિઓ તો ખીલવી જ શકાશે. તે સિવાય આર્થિક રીતે પણ ઓશિયાળા ન રહેતાં, પોતાના પરિવારને મદદ કરી શકશે. આ ઉપરાંત, સમયનું મહત્ત્વ સમજાશે. જે અન્ય બાબતોમાં પણ ઉપયોગી થશે.

જવાબદારી :

★ અંદાજે ૨૦ વર્ષથી રાજકારણમાં સક્રિય (ભાજપ).

★ તાલુકા કક્ષાએ મુખ્ય સંગઠનમાં ૨ વખત ઉપપ્રમુખ (પૂર્વ). હાલમાં મુખ્ય સંગઠનમાં મંત્રીની જવાબદારી.

★ જિલ્લા કક્ષાએ મહિલા મોરચામાં પૂર્વ ઉપપ્રમુખ.

★ ગ્રામ પંચાયતમાં ૨ વખત સભ્યપદ.

★ નખત્રાણા તાલુકા સોની મહિલા મંડળના પૂર્વ પ્રમુખ તેમજ ઘણી વખત કારોબારી સદસ્ય.

સ્વભાવ :

★ મદદ કરવા માટે હંમેશાં તત્પર રહેવું.

શોખ

કૂકિંગ (ખૂબ જ સ્વાદિષ્ટ જમવાનું બનાવે છે.) તેમની વાનગી ખાવા તેમના નજીકના લોકો હંમેશાં આગ્રહ કરતા હોય છે. તે સિવાય આટલા વ્યસ્ત સમયમાંથી પણ સમય કાઢીને અવારનવાર મિત્ર વર્તુળમાં વાનગીઓ બનાવીને મોકલે છે.

સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

આપણા સમાજના મુખપત્ર ''જ્ઞાતિસેતુ''માં ''સ્વયંસિદ્ધ મહિલા શક્તિ'' કોલમની માળાના વધુ એક ઝળહળતા મોતીને મળીએ. પદ્માબેન અનિલભાઈ સોલંકી ભુજના રહેવાસી છે. પોતાના હુન્નર અને આવડતથી સંકટ સમયે સ્ત્રી કઈ રીતે પોતાના કુટુંબને સહાયરૂપ થઈ શકે એનું એક ઉદાહરણ, પદ્માબેન છે. જેમણે ગોઝારા ભૂકંપનો ભયાવહ કાળ હોય કે કોરોના મહામારીનો કપરો સમય – તેમાં હિંમત હાર્યા વગર પોતાના પરિવારને આર્થિક રીતે ઉની આંચ પણ આવવા નથી દીધી અને સ્વયંને અને પરિવારને પોતાની રસોઈ કળાથી કેવી રીતે સાચવી લીધા, તે આપણે આજે પદ્માબેનના પોતાના શબ્દોમાંથી જાણીએ...

પદ્માબેન અનિલભાઈ સોલંકી - ભુજ

નામ : પદ્માબેન અનિલભાઈ સોની
પતિનું નામ : અનિલભાઈ કાંતિલાલ સોની
દીકરીનું નામ : ખુશાલી અનિલભાઈ સોની

સાસુનું નામ : દયાબેન કાંતિલાલ સોની
સસરાનું નામ : કાંતિલાલ વિશ્રામભાઈ સોની (ભુજ)

માતાનું નામ : કાંતાબેન નરોત્તમદાસ પરમાર
પિતાનું નામ : નરોત્તમદાસ ચત્રભુજ પરમાર (રાજકોટ)

ભાષા : ગુજરાતી, હિંદી (કચ્છી સમજે છે).
વ્યવસાય : બાલાજી ટિફીન - ભુજ
ઈન્ટરવ્યૂ લેનાર : લતાબેન સોલંકી
ઈન્ટરવ્યૂ આપનાર : પદ્માબેન સોની, પ્રોપરાઈટર : બાલાજી ટિફીન

સવાલ : કેમ છો પદ્માબેન, જયશ્રીકૃષ્ણ. તમને ખ્યાલ છે ને કે આ ઈન્ટરવ્યૂ શેના માટે લેવાઈ રહ્યો છે?
જવાબ : જયશ્રીકૃષ્ણા લતાબેન. હા, મને ખ્યાલ છે 'જ્ઞાતિસેતુ'માં આપવા માટે. જેથી બધી મહિલાઓની અંદરની કળાને જાગૃત કરી શકાય.

સવાલ : તમે શેનો વ્યવસાય કરો છો? તમે આ વ્યવસાય કેટલા સમયથી કરો છો?
જવાબ : હું 'બાલાજી ટિફીન'ના નામે ટિફીનનો વ્યવસાય કરૂં છું. હું અત્યારે છ મહિનાથી આ વ્યવસાય કરૂં છું. અગાઉ, ૨૦૦૪થી ૨૦૧૧ સુધી કરેલ છે.

સવાલ : તમે જ્યારે ૨૦૦૪માં વ્યવસાય શરૂ કર્યો ત્યારે તમને શું વિચાર આવ્યો કે આ કામ કરવું? તમે ૨૦૦૪માં કેટલા ટિફીનથી શરૂ કરેલ?
જવાબ : મેં પહેલા વિચાર્યું કે બહાર સર્વિસ કરીએ. પણ હું ગ્રેજ્યુએટ ન હોવાના કારણે સારી સર્વિસ પ્રાપ્ત ન કરી શકું. એટલે મેં વિચાર્યું કે ઘરેથી જ કામ કરીએ. જેથી ઘર પણ સચવાઈ જાય અને સેકન્ડ સોર્સ ઑફ ઈન્કમ પણ રહે. મેં ૨૦૦૪માં ૧ ટિફીનથી શરૂઆત કરી.

સવાલ : તમે ૨૦૦૪માં ૧ ટિફીનથી શરૂ કર્યું અને ૨૦૧૧ સુધી કેટલા ટિફીન હતા અને તે કેવી રીતે મેનેજ કર્યા?
જવાબ : ૨૦૧૧ સુધી ૪૦ ટિફીન હતા. હું અને મારી પાસે કામ કરનાર બહેનોના સાથ-સહકારથી કમ્પ્લીટ મેનેજમેન્ટ થતું.

સવાલ : તમે ટિફીન ઘરે જ બનાવો છો? ઘરથી બહાર રસોડું રાખેલ છે? શું તમે ટિફીનની રસોઈ અને પરિવારની રસોઈ એક જ બનાવો છો કે અલગ અલગ હોય છે?
જવાબ : હા, હું ટિફીન ઘરે જ બનાવું છું. ઘર બહાર કોઈ રસોડું રાખેલ નથી. પરિવારની રસોઈ તથા ટિફીનની રસોઈ એક જ હોય છે કેમકે ટિફીનના જમનારને પણ અમે પરિવારના સભ્યો જ માનીએ છીએ ''વસુધૈવ કુટુંબકમ્.''

સવાલ : તમે જ્યારે ૨૦૧૧માં બંધ કર્યું ત્યારે તમારા ટિફીનનું શું કર્યું?

જવાબ : મારા ફિક્સ ટિફીન હતા. એ મારી પાસે કામ કરતા બહેનના પતિએ ટિફીનનું કામ શરૂ કર્યું હતું. એટલે મારા ફિક્સ ટિફીન એમને આપી દીધા હતા, જેથી જમનાર વ્યક્તિ પરેશાની ન અનુભવે.

સવાલ : તમે જ્યારે ટિફીન ૨૦૧૧માં મૂકી દીધા ત્યારે કેવું મહેસુસ કર્યું હતું? તમે ટિફીન મૂકી દીધા પછી તમારી શું પ્રવૃત્તિ હતી?

જવાબ : મેં ટિફીન બંધ કર્યા પછી પણ મને ઘણા ફોન આવતા. ત્યારે એવું મહેસુસ થતું કે ઘર જેવું જમવાનું ઘણાને નથી મળતું. જે લોકો નોકરી કરતા હોય, તે લોકો બહુ જ યાદ કરતા. તો અંતરાત્માથી એક ખુશી અનુભવતી કે હજી પણ લોકો યાદ કરે છે! પણ, મારૂં મન બીજી પ્રવૃત્તિમાં વ્યસ્ત કર્યું હતું. હું સોનાના દાગીના, મોતીના દાગીના ખાખો મોતીના દાગીના, મંગલ સુત્ર ગુંથવામાં હું વ્યસ્ત રહેતી.

સવાલ : તમે કહો છો કે ૨૦૦૪માં ટિફીનનું કામ શરૂ કર્યું, તો ભૂકંપ પછી ૨૦૦૧થી ૨૦૦૪ સુધી કોઈ પ્રવૃત્તિ હતી?

જવાબ : હા. હું કચ્છી ચણિયા ચોળીમાં ગુંથણીનું કામ કરતી, સાડીની ફોલ બિડીંગ કરતી અને નાના બાળકો સાચવતી.

સવાલ : તમે ૨૦૨૧માં કયા વિચારથી 'બાલાજી ટિફીન' શરૂ કર્યું?

જવાબ : દેશમાં કોવિડ-૧૯ આવ્યું. જેથી લોકડાઉન લાગુ પડ્યું. આખું વિશ્વ લોકડાઉનમાં જકડાયેલું હતું. જેથી બધા જ ધંધાકીય વહેવારો બંધ થઈ ગયા. જેમાં મારા પતિનો સોના-ચાંદીનો ધંધો ઓછો થઈ ગયો અને મારી દીકરીની જોબ પણ ન હતી, ત્યારે અમે પરિવારે વિચાર્યું કે આપણું પહેલાનું ટિફીનનું કામ ફરી ચાલુ કરીએ. અને એ નિર્ણયને અમલમાં મૂક્યો.

સવાલ : ૨૦૨૧માં કયા મહિનાથી શરૂ કર્યું અને અત્યારે કેટલા ટિફીન છે?

જવાબ : અમે પાંચ ટિફીનથી શરૂઆત કરી અને અત્યારે પચ્ચીસ ટિફીન છે.

સવાલ : તમારી બપોરની તથા રાત્રિની વાનગીમાં શું હોય છે? શું તેમાં કોઈ સ્પેશિયલ ઓર્ડર લો છો? જેમ કે વૃદ્ધ લોકો માટે કાંઈ અલગ બનાવી આપો છો?

જવાબ : અમારી રસોઈમાં બંને ટાઈમ અલગ અલગ વાનગીઓ હોય છે. બપોરે રોટલી, દાળ-ભાત, બે શાક (દરરોજ અલગ અલગ), છાશ, કચુંબર અને ફરસાણ. મહિનામાં એકવાર મિષ્ટાન્ન આપીએ છીએ. રાત્રે ખીચડી-કઢી, છાશ, રોટલી શાક, ઈડલી-સંભાર, દહીંવડા, છોલે પૂરી, પાંઉભાજી વગેરે આપીએ છીએ. હા, અમને જાણ કરવામાં આવે કે વૃદ્ધને પણ ટિફીનમાંથી જમવાનું છે, તો એ પ્રમાણે અમે ટિફીન બનાવીએ છીએ.

સવાલ : શું તમને કોવિડ-૧૯ના પરિવારમાંથી ઓર્ડર આવતો? તો તમે કેવી રીતે ઓર્ડર એક્સેપ્ટ કરતા અને શું સંભાળ રાખતા?

જવાબ : હા. અમે એક્સેપ્ટ કરતા. અમે કોવિડ-૧૯ના ઘરવાળાને પહેલાથી જ સૂચના આપતા કે ગવર્નમેન્ટના રૂલ્સ - રેગ્યુલેશનનું પાલન કરીશું. અમારા ડિલીવરીમે કોન્ટેક્ટ લેસ ડિલીવરી કરે, તેનું પણ ધ્યાન રાખતા.

સવાલ : શું તમે નાના-મોટા પાર્ટીના ઓર્ડર જેમ કે કિટી પાર્ટી, બર્થ-ડે પાર્ટી જેવા ઓર્ડર એક્સેપ્ટ કરો છો?

જવાબ : હા. અમે ઓર્ડર એક્સેપ્ટ કરીએ છીએ.

સવાલ : તમે પાર્ટીના ઓર્ડરમાં સર્વિસ પણ આપો છો?

જવાબ : ના. અમે ફક્ત રસોઈ પહોંચાડીએ છીએ. સર્વિસ પોતાની જ કરવાની રહે છે.

સવાલ : શું તમે તમારી દીકરીના લગ્ન પછી પણ બાલાજી ટિફીન ચાલુ રાખશો?

જવાબ : હા. કારણકે હું એક્ટીવ રહું, એ મને ગમશે.

સવાલ : બહેનો માટે શું સંદેશ આપશો?

જવાબ : ભગવાન બધાને કાંઈ ને કાંઈક કળા આપે જ છે જેમ કે મારામાં રસોઈની કળા, દાગીના ગુંથવાની કળા છે, તેમ દરેક વ્યક્તિમાં એક ખૂબી છુપાયેલી જ હોય છે. આથી હું બધી બહેનોને વિનંતી કરીશ કે તમારી અંદરની કળાને બહાર લાવો અને તેના પર ધ્યાન દઈ દરેક કાર્યને સફળ બનાવો.

હોલમાર્ક

હરિલાલ સોની

સોનાના વેપાર અને વેપારીઓ માટેનો આજનો ખૂબ જ અગત્યનો વિષય છે – **હોલમાર્ક.**

સાદી ભાષામાં હોલમાર્કનો મતલબ એટલે સોનાના દાગીનામાં સોનાનું પ્રમાણ કેટલું છે અથવા તેની મૂળ ધાતુની શુદ્ધતા કેટલી છે એ દર્શાવતો આંક.

હોલમાર્કના કાયદાનો પ્રાદુર્ભાવ ૨૦૦૮થી શરૂ થયો છે. અત્યાર સુધી વેપારી અને ગ્રાહક બંને વચ્ચે પરસ્પરના વિશ્વાસની સોનાનો ધંધો એટલે કે વેપાર અને કારીગરી ચાલતો રહ્યો છે અને આપણી સામાજિક પ્રથા પ્રમાણે સોનાનો વેપારી પેઢી દર પેઢી એક જ રહ્યો હોય તેવા લાખો કુટુંબો આપણા સમાજમાં છે. જેમણે એમના સોની પાસેથી દાગીના ઘડાવ્યા હોય, વેચાણ લીધા હોય, તેમને પાછા વેચ્યા હોય, કે જૂના પાછા આપી નવા દાગીના ઘડાવ્યા હોય. સદીઓથી આ પરસ્પર વિશ્વાસનો સેતુ બંધાયેલો હતો અને મજબૂત રીતે ચાલતો હતો. એની પાછળનું એક મજબૂત કારણ એ હતું કે સોના-ચાંદીના વેપારમાં અને ઘડતર કરવાવાળા કારીગરો ફક્ત સોની જ્ઞાતિમાંથી જ આવતા હતા. પછી તે કંસારા સોની હોય, શ્રીમાળી સોની હોય, પરજીયા હોય કે બ્રાહ્મણિયા સોની હોય. સોની હોવું એ એની ખાસ લાયકાત રહેતી અને લાયકાતના સર્ટીફિકેટને કોઈ હોલમાર્કની જરૂર નહોતી.

સમયના સુધારા સાથે આપણે બધા મોડર્ન બનવા તરફ પ્રયાણ કર્યું. નવી નવી ડિઝાઈન, વેપારના મોટા પથારા સાથે સોના-ચાંદી ઉદ્યોગમાં કોર્પોરેટ જગતનું પદાર્પણ અને સોની સિવાયના વેપારીઓ અને કારીગરોની વિકાસના બહાના હેઠળ ઉદ્યોગમાં પગપેસારો અને પછી પથારો.

આ બધા પરિબળોએ સોનાના વેપારની વિશ્વસનીયતા પર કુઠારાઘાત કર્યો. સોનાના ટચમાં હેરાફેરી, સોલ્ડર કરવા વપરાતી રેણમાં હેરાફરી – આ દૂષણો ઉદ્યોગમાં પ્રવેશ્યા અને આ દૂષણો થકી જે કુદરતની ભેટ હતી કારીગરી, તે ધંધામાં ફેરવાઈ ગઈ.

ખેર, સમયને કદી બાંધી શકાતો નથી. આજે જે પરિસ્થિતિમાં ઉદ્યોગ ચાલે છે, તેમાં વેપારી અને ગ્રાહક વચ્ચે વિશ્વસનીયતાનો સેતુ 'હોલમાર્ક' બન્યો અને બની રહેશે.

હોલમાર્ક ૨૦૦૮થી ૨૦૧૬ સુધી સામાન્ય રીતે ચાલતો રહ્યો. ૨૦૧૬ પછી એમાં નવા નવા સુધારા આવતા થયા. ૨૦૧૮ પછી વેપારમાં છેતરપિંડીની ઘણી બધી ફરિયાદોને પગલે સરકારે કડક થવાનું વલણ શરૂ કર્યું અને આખરે ૧૫ જૂન, ૨૦૨૧થી દેશમાં હોલમાર્કનો કાયદો ફરજીયાત કરવામાં આવ્યો. સાથે સાથે દરેક દાગીનાને એક વિશિષ્ટ નંબર HUID નામથી આપવામાં આવ્યું. જેના કારણે કોઈપણ ઘરેણું ક્યાં બન્યું, ક્યારે બન્યું, કોણે હોલમાર્ક કર્યું અને કયા વેપારી પાસેથી કયા ગ્રાહકને વેચાયું તેનો સંપૂર્ણ રેકોર્ડ એક આંગળીના ઈશારે કોમ્પ્યુટરમાંથની નીકળી શકશે.

સોનાના વેપારીઓને "જે કહો છો તે કરો અને જે કરો છો તે કહો" – આવા એક સ્લોગન નીચે તેમની વિશ્વસનીયતા પુરવાર કરવાની ફરજ અથવા હું કહીશ કે તક આપવામાં આવી.

હોલમાર્ક સાથે HUID આવતાં, વેપારીઓની જવાબદારી અને કામ કરવાની ક્ષમતામાં પણ વધારો થયો કારણકે તેમણે તેના એકેએક ઘરેણાંની નોટીંગ, વેચાણ અને બનાવટ માટે પૂરી જવાબદારીથી કામ કરવું પડશે, જે અત્યાર સુધી નહોતું ચાલતું. અલબત્ત, નાના વેપારીઓએ આ માટે પ્રશિક્ષિત થવું પડશે અથવા આ બધા કામ માટે એક વધારાનો સ્ટાફ રાખવો પડશે. જે અત્યારે મંદીના સમયમાં એક મર્યાદાથી નીચેના વેપારીઓ માટે વધારાનું ભારણ બનશે. જે કદાચ, તેનો વેપાર ઉપાડી ના શકે તો શક્યતા એ પણ ખરી કે નાના નાના વેપારીઓએ ધંધો બદલવાનો વિચાર પણ કરવો પડે.

હું હંમેશાં કહું છું કે, "જે રસ્તો સપાટ અને સરળ દેખાતો હોય તેમાં વચ્ચે ખાડો હોવાની શક્યતા તમને અંધારામાં મૂકી દે. પરંતુ ખાડાટેકરા વાળા રસ્તે જે ચાલતા હોય, તે સભાન હોય જે તમને અંધારા ખાડામાં પડવાથી બચાવી લે."

એટલે "હરકતમાં બરકત." આપણા વેપારીઓ જો થોડી વધારે સાવધાની અને કાયદાના પ્રવાહ સાથે ચાલીને કામ કરવાનું શરૂ કરશે, તો જે કોર્પોરેટ્સથી ડર લાગે છે, એ કોર્પોરેટ લેવલ દરેક વેપારી હાંસલ કરી શકશે.

જ્વેલરીનું સેક્ટર 'અન ઓર્ગેનાઈઝ્ડ સેક્ટર' તરીકે ઓળખાય છે અને છે પણ ખરું. આજે, આ સેક્ટરને ઓર્ગેનાઈઝ બનવાનો મોકો મળ્યો છે, તો આ તકનો લાભ ઉઠાવીને આપણા વેપારી ભાઈઓ પોતાને ઓર્ગેનાઈઝ કરીને નંબર વનમાં, બને તેટલા આવી જાય, તે સમયની માંગ છે.

અલબત્ત, આ કાયદાનો અમલ કરાવવામાં સરકારે ઉતાવળ કરી જ છે કારણકે દેશમાં હોલમાર્ક કરી શકવા માટે એટલા હોલમાર્ક સેન્ટર જ નથી કે જે દેશનાં તમામ જ્વેલર્સના દાગીનાને માર્કિંગ કરી શકે તેમજ HUID માટે જે પોર્ટલ મૂકવામાં આવ્યું છે તેમાં પણ ઘણા બધા પ્રોબ્લેમ્સ છે. પરંતુ સમય રહેતાં એ બધા સુધરતા જશે.

મૂળ વાત છે આપણા ભાઈઓ માટે કે જાતને તૈયાર કરવાની. મુશ્કેલીઓને જોવાથી કે રડવાથી કશું નથી થતું. સામનો કરવાથી ઉકેલ મળ્યા કરશે અને "ડર કે આગે જીત હૈ..."

મીતા'સ કોર્નર

જો ડર ગયા, સમજો મર ગયા!!

મીતા એન. સોલંકી

"હે ભગવાન! આવો કપરો સમય અમે આખી જિંદગીમાં ક્યારેય જોયો નથી." – આવા વાક્યો આપણે આ કોરોનાકાળમાં વડીલોના મોઢેથી વારંવાર સાંભળ્યા.

આજે આજ વિષયને લઇ ચર્ચા કરીશું. કોરોના માત્ર નહીં પરંતુ કોઈ પણ રોગનો ભય રોગ કરતાં વધુ નુકસાન કરે છે.

શરીર અને મન – બંને એક યુનિટ તરીકે એક એકમ તરીકે કાર્ય કરે છે. શારીરિક સમસ્યાઓના મૂળ માનસિક અસ્વસ્થતામાં રહેલા છે.

આ માનસિક અસ્વસ્થતા છે શું?

આ બીમારી તમારા મુડ, તમારા વિચાર, વર્તનને અસર કરી, હતાશા, ચિંતા, ડીપ્રેશન, સિઝોફ્રેનીયા, શારીરિક અસરમાં ફેટ થઇ જવું, વ્યસની બનવું, થાઈરોઈડ જેવા શારીરિક બીમારી રૂપે બહાર આવે છે.

થોડી અને વ્યાજબી ચિંતા રાખવી, એ આગળ વધવા પ્રેરણાદાયક છે.

શરીર અને મનને સ્વસ્થ રાખવા દરેક વ્યક્તિએ એક ફેરફાર કરવા જેવો છે. એ છે, શારીરિક પ્રવૃત્તિ વધારવી!

જી, હા. સાચું જ વાંચ્યું. આજકાલ આ કલ્ચર કે ટ્રેન્ડ છે કે ઘરકામ બીજા પાસે – નોકરચાકર પાસે કરાવવું. એ જરૂરિયાત હોય તો ઠીક છે પરંતુ માત્ર શોખ માટે રાખવું, એ પોતાને જ નુકસાન પહોંચાડવા જેવી વાત છે. બેઠાડું, પ્રવૃત્તિ વગરનું જીવન બહુ નુકસાન કરે છે.

નિયમિત વ્યાયામથી રક્તવાહિનીની તંદુરસ્તી સારી રહે છે. ઊંઘ સારી આવે છે. ચયાપચય સારું રહે છે. તાણ ઓછી થાય છે. સકારાત્મક વિચારો આવે, એનર્જીમાં વધારો થાય છે. માંસપેશીઓમાં રીલેક્સ અનુભવ થાય છે.

હૃદયના ધબકારા નિયમિત બને છે અને એમાંથી મગજમાં રાસાયણિક પરિવર્તન આવે. સેરોટોનીન જેવા રસાયણોનો વધારો થાય છે.

જાતજાતની અંગ કસરતો – એરોબિક્સ, મેડિટેશન, યોગ બ્રિધીંગ એક્સરસાઇઝ કરવાથી શારીરિક અને માનસિક બંને સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

કોઈપણ રોગનો ભય, સમસ્યા કે પરિસ્થિતિ અઘરી અને ખરાબ નથી. પણ તેનો ભય વધારે નુકસાન કરે છે. ખાસ તો કાલ્પનિક ભય. જેથી ડરવું નહીં અને સામનો કરવો.

એટલે જ કહેવત છે : "જો ડર ગયા, સો મર ગયા!"

ખૂબ ખૂબ અભિનંદન : ડૉ. રમ્ય બારમેડા

જૂનાગઢ નિવાસી શ્રી મારૂ કંસારા યુવા પ્રગતિ મંડળના પ્રમુખ, સર્જન ડૉ. શૈલેષભાઈ બારમેડાના સુપુત્ર રમ્યનો જન્મ તા. ૨૯-૮-૧૯૯૮ના રોજ જામનગર મુકામે થયેલ. ટ્રેકિંગ, સ્વિમિંગ, સ્કુબા ડાઇવિંગ વગેરે સાહસના શોખીન, રમ્યએ ધોરણ-૧૨ સુધી ઇંગ્લીશ મીડિયમમાં અભ્યાસ કરી વધુ અભ્યાસાર્થે ફિલીપાઇન્સની પ્રખ્યાત એવી DMSF (Davao Medical School Foundation) કોલેજમાં એડમિશન લીધેલ. અનેક પ્રતિકૂળ સંજોગોનો સામનો કરી, કોરોનાની વિપરીત પરિસ્થિતિમાં પણ ખૂબ જ મુશ્કેલ એવો મેડિકલનો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરી MD (Equivalent to our MBBS)ની ડિગ્રી મેળવી છે. હવે તેઓ જૂનાગઢ પરત ફરી FMGE ટેસ્ટ માટે તૈયારી કરી રહ્યા છે.

ડૉ. રમ્યભાઈ બારમેડાને ખૂબ ખૂબ અભિનંદન અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અઢળક શુભેચ્છાઓ...

ખૂબ ખૂબ અભિનંદન

રસીલાબેન કટ્ટાની નખત્રાણા તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખપદે નિમણુંક થઇ છે. અભિનંદન.

રોહિણીબેન ભરતભાઇ બુધ્ધભટ્ટીની ભુજ શહેરમાં ભાજપ મહિલા મોરચાના મંત્રીપદે નિમણુંક થઇ છે. અભિનંદન.

પૂજાબેન બારમેડાની અંજાર શહેરમાં ભાજપ મહિલા મોરચાના મંત્રીપદે નિમણુંક થઇ છે. અભિનંદન.

સર્જનાત્મક કૃતિ

કચ્છમાં કાળમુખો કોરોના અને જીવન સંધ્યાને સાંકળતી ફિલ્મ : "મહામારી"

કોરોનાએ લોકોની જિંદગીના સમીકરણ બદલી નાખ્યા છે. બે લહેર પછી શું ત્રીજી લહેર આવશે? એ ચિંતામાં જીવતા લોકો એકબીજાથી અળગા થતા જાય છે. મહામારી અને મોંઘવારીથી લોકો ત્રસ્ત છે ત્યારે જીવનમાં કેવા બદલાવ આવે છે એ વિષયને લઈને ભુજના નાટ્ય કલાકાર, દિગ્દર્શક એવા સુરેશ બીજલાણી ''સુબી''એ એક શોર્ટ ફિલ્મ બનાવવાનું વિચાર્યું. સ્ટોરી તૈયાર થતાં સ્થાનિક કલાકારો સાથે વાત કરી, તો બધાને સ્ટોરી ગમી. ઘણાં ફેમિલીમાં આ કપરા કાળમાં વડીલો બોજ સમાન લાગતા હોય ત્યારે કુદરત કેવા ખેલ ખેલે છે, એ ભાવનાત્મક વાત આ ફિલ્મમાં ખૂબ જ સારી રીતે વણી છે. દિગ્દર્શકની સૂઝ અને કલાકારોના અભિનયથી ફિલ્મ સીધી હૃદયને સ્પર્શે છે. ખાસ વાત એ છે કે આ ફિલ્મમાં દાદીનું પાત્ર નિભાવતા ઈક્કોતેર વર્ષના ગીતાબેન મહેતાએ પહેલીવાર કેમેરા સામે અભિનય કરી લોકોને રડવા મજબૂર કરી દીધા એટલો સુંદર અભિનય કર્યો. એમની સાથે ભુજના જાણીતા કલાકાર પંકજ ઝાલા, યુવા કલાકાર પરાગ પોમલ, અમર કુબાવત અને બીનીતા મકવાણાએ પણ શાનદાર અભિનય કર્યો છે. બાળ કલાકાર દેવાંશી સોની અને હિતાર્થ ગુજરાતીએ પણ લાગણીસભર અભિનય કર્યો છે. કેમેરામેન કલ્પેશ બાપટ અને નીરવ પોમલે કમાલની સિનેમેટોગ્રાફી કરી છે. આ ફિલ્મ 'યુ-ટ્યુબ' પર મૂકતાં જ ખૂબ વાઈરલ થઈ રહી છે. કચ્છી દિગ્દર્શક અને કચ્છી કલાકારોને લઈ, ફિલ્મ નિર્માણ બદલ પ્રોડ્યુસર ભગવતી બીજલાણીને ધન્યવાદ.

— અતુલ સોની

કચ્છી દિગ્દર્શક, કલાકારોએ શોર્ટ ફિલ્મમાં ખડા કર્યા છે લાગણીભર્યા દૃશ્યો

કોરોનાએ લોકોની જિંદગી બદલી નાખી છે. મહામારી અને મોંઘવારીએ માથું ઊંચું રાકીને જીવતા મધ્યમ વર્ગ માટે સૌથી વધુ માર સહન કરવાનું આવ્યું છે. ત્યારે ભુજના કલાકાર અને દિગ્દર્શક 'સુબી'એ આજુબાજુ બનતી ઘટનાઓને લઈ, એક સંવેદનશીલ વિષય પર શોર્ટ ફિલ્મ બનાવી છે. ''મહામારી : ટર્ન ઓફ લાઈફ'' એ કોરોનાનો ડર લોકોના માનસપટ પર એવો છવાયેલો છે કે પોતાના નિકટના સગા સંબંધીઓથી પણ દૂરી બનાવતા થઈ ગયા છે, એવી હૃદયને સ્પર્શતી વાર્તા છે. ફિયામાં યુવાન ડાયરેક્ટર તેની ફિલ્મ માટે એક વૃદ્ધાની શોધમાં નીકળે છે અને જીવન સંધ્યા આશ્રમમાં તેને પાત્ર તો મળે છે, પણ તે વૃદ્ધાની વાસ્તવિક જિંદગીની કહાની સાંભળી વિહવળ બની જાય છે. જે કોરોનાએ વૃદ્ધાને જીવનસંધ્યા જવા મજબૂર કરે છે, એ જ કાળમુખો કોરોના ફિલ્મના અંતમાં અલગ જ વળાંક લાવે છે. કથા, પટકથા, સંવાદ અને અભિનયમાં સમૃદ્ધ — આ ૧૨ મિનિટની શોર્ટ ફિલ્મ ખૂબ સરસ મેસેજ આપી જાય છે. સમગ્ર ફિલ્મ કચ્છના કલાકારો અને લોકેશન પર ફિલ્માવવામાં આવી છે. ફિલ્મ વિશે સુરેશ બીજલાણી કહે છે કે, શોર્ટ ફિલ્મ બનાવવાનો વિચાર આવ્યો. સ્ક્રીનપ્લે તૈયાર થયા બાદ, સ્થાનિક કલાકારોથી મીટિંગ કરી ડાયરેક્શનની દોર પોતાના હાથમાં લીધી. વાર્તા મુજબ જ્યારે રોહા (કોટડા)ના 'જીવન સંધ્યા' આશ્રમમાં શુટિંગ કરવાનું નક્કી થયું. ત્યાંનો અનુભવ વર્ણવતા જણાવ્યું કે જ્યારે અમારા કલાકાર ગીતાબેન મહેતા સંવાદ બોલતા હતા ત્યારે ત્યાં રહેતા વૃદ્ધોની આંખોમાંથી અશ્રુની ધાર વહેવા લાગી હતી. જાણે પોતાની વેદના બહાર આવતી હતી.

દિગ્દર્શન અને કલાકારોનો અભિનય ફિલ્મનું જમા પાસું

આ ફિલ્મમાં ભુજના ગીતાબેન મહેતાએ ઈક્કોતેર વર્ષની ઉંમરે પ્રથમવાર ફિલ્મમાં અભિનય કર્યો છે. જાણીતા કલાકાર પંકજ ઝાલાએ આશ્રમના મેનેજરની ભૂમિકા કરી છે, તો યુવા ડિરેક્ટરના રોલમાં પરાગ પોમલે ખૂબ જ સરસ અભિનય કર્યો છે. માંડવીના કલાકાર અમર કુબાવત અને ભુજના બિનીતા મકવાણાએ ચોટદાર સંવાદો સાથે પ્રતિભા બતાવી છે. કેમેરામેન તરીકે કલ્પેશ બાપટ અને નીરવ પોમલે તથા એડિટીંગ પરાગ પોમલે કર્યું છે. બાળ કલાકાર દેવાંશી સોની અને હિતાર્થ ગુજરાતી તેમજ શ્રીમતી ભગવતી બીજલાણી ફિલ્મ નિર્માતા છે. 'યુ-ટ્યુબ' પર આ શોર્ટ ફિલ્મ રીલીઝ કરાઈ છે.

સૌજન્ય : "દિવ્ય ભાસ્કર"

મારે બાંધવી'તી ત્રણ પટ્ટીઓ...

પ્રા. જીનલ જીગર પરમાર

હું ગાંધારી...

હા, હું ગાંધાર નરેશ સુલભ રાજની પુત્રી ગાંધારી... આ સિવાય મારું ક્યાં કોઈ નવું નામ પાડવામાં આવ્યું હતું? ગાંધારી જ ઓળખ બની ગઈ મારી...

અરે, રાજપુત્રીઓના તો સ્વયંવર યોજાય, દેશ દેશાવરથી શૂરવીર રાજકુમારો, રાજા-મહારાજાઓ આવે, તેઓ પોતાનું કૌશલ્ય દેખાડે અને 'કન્યા' સ્વયં ઇચ્છે તેને વરમાળા પહેરાવે... ને મારે?? મારે તો પરણવું પડ્યું એક અંધ નરેશ સાથે. કોઈ જ પ્રકારના સ્વયંવર વિના. ન તો હું એને જીવનભર જોઈ શકી, ન તો એ મને.

સદાય ધર્મનો પક્ષ લેનારી હું ગાંધારી. પણ લોકોએ મને ઓળખી કેવી રીતે??

દુષ્ટ દુર્યોધનની માતા, પ્રપંચી શકુનિની બહેન, અંધ ધૃતરાષ્ટ્રની પત્ની... ખેર, હવે તો બળાપો કાઢવાનોએ શો અર્થ છે??

રાજપુત્રી, રાજકારણી અને રાજમાતા. આમ તો આ ત્રણેયની અવસ્થાઓ ભોગવી. પણ રાજરાણી અને રાજમાતા તરીકે તો અંધાપાના સહારે છતી આંખે સ્વયં વહોરી લીધેલો અંધાપો... આમ તો સારું થયું, કુરુકુળમાં પછી એવું બન્યું જ નહીં કે જેને જોતાં આંખો ઠરે... સારું થયું, આંખે પાટા બાંધી લીધા આજીવન...

મને તો કૌમાર્ય અવસ્થામાં જ સો પુત્રોની પ્રાપ્તિનું વરદાન હતું. સો પુત્રો ખરા, પણ તેઓના કૃત્યો? રાજપુત્રીને ત્યાં કેવો ઉત્સવ હોય! કોઈ રાજાને ત્યાં સો-સો પુત્રો જન્મે તો! ને મેં તો બે વર્ષ પછી પરાણે ગર્ભત્યાગ કર્યો, તો એક માંસનો લોચો! ને પછી એમાંથી ૧૦૧ ટુકડાઓ કરી માટીના ઘડામાં રખાયા... આંખો હોત તો ૧૦૧ ટુકડા થતાં શું હું જોઈ શકત? સારું થયું કે મેં આંખે પાટા બાંધી લીધા.

બે વર્ષ પછી ૧૦૧ ઘડાઓ તૂટ્યા ને ૧૦૧ બાળકો જન્મ્યા. મને થયું, આખા નગરમાં જાણે દિવાળી જેવો માહોલ સર્જાશે... એના બદલે કંઈક અલગ જ ઘટના બનવાની હોય એમ અપ્રાકૃતિક દૃશ્યો સર્જાયા. ગીધ - શિયાળોનાં અવાજો ઘેરી વળ્યાં. સારું થયું, મારી આંખે પાટા હતા... નહિંતર હું આ દૃશ્ય નરી આંખે જોઈ શકી હોત??

પુત્રો મોટા થયા, ને કૌરવો-પાંડવો વચ્ચે રોપાયા બી – ઈર્ષ્યાના... મારા જ પુત્ર દુર્યોધન - દુઃશાસને લાજ લૂંટી, ભરી સભામાં કુળની પુત્રવધૂની. આંખો હોત તો શું આ બધું જોઈ શકી હોત?? સારું થયું, મેં આંખે પાટા બાંધી લીધા.

અંતે થયો નરસંહાર! ભાઈઓ-ભાઈઓ વચ્ચેનો... શબના ઢગલાઓ... ભાંગી કૂટીને પડેલા શસ્ત્રો, અવશેષો, મરેલા જાનવરો, ગીધનાં ટોળા... વિધવાઓના અસહ્ય આક્રોશો... આંખો હોત તો શું આ સો પુત્રોના દુષ્કૃત્યો જોઈ શકી હોત?? સારું થયું મેં આંખે પાટા બાંધી લીધા હતા...

આંખે જ નહીં... આમ તો કાન પર પણ પાટા બાંધી લેવાની જરૂર હતી... હા, આ કાને પણ સાંભળ્યા છે વારે વારે દુષ્ટ દુર્યોધનના અધર્મી કૃત્યો... આ કાને સાંભળી છે દ્રૌપદીની ચીસો... દુષ્ટોના અટ્ટહાસ્ય... આ કાને સાંભળ્યા છે પેલા નરસંહારમાં હોમાતા જતાં સ્વજનોના મૃત્યુના સમાચારો...

(કાને હાથ મૂકી દે છે) નર્યો... હા, નર્યો અધર્મ જ સાંભળ્યો છે આ કાને... (રડીને) હા, આંખની સાથે સાથે આ કાન પર પણ પાટા બાંધી લેવા હતા મારે...

આમ તો મોઢે પણ પાટા જ બાંધી લેવા હતા. હા, મોઢે પણ... ધૃતરાષ્ટ્ર હાજર હતા છતાં 'દુર્યોધનને રોકો' એવું કહેવા મારે જવું પડ્યું ભરી સભામાં... ખુદના જ પુત્રને 'વિજયી ભવ'ને બદલે મેં વિચારપૂર્વક એવા આશિષ આપ્યા 'ધર્મનો વિજય થાવ.' ને અંતે કૃષ્ણ જેવા કૃષ્ણને પણ હું શ્રાપ આપી બેઠી કે, 'તમારા કારણે જ આ કુરુક્ષેત્ર રચાયું છે... તમારા કારણે જ મારા કુળનો વિનાશ થયો છે. હવે ૩૬ વર્ષ પછી આવી જ રીતે તમારા યદુકુળનો નાશ થશે.'

આ શું બોલાઈ ગયું મારાથી??

મારે મોઢે પણ પાટા જ બાંધી લેવા હતા...

હા, મારે બાંધી લેવી હતી ત્રણ પટ્ટીઓ....

(અત્યંત રૂદન સાથે) (એક્ઝીટ)

MATRIMONIAL

Name	: VIPUL DHIRENDRALAL PARMAR
Birth Date	: 15-06-1977
Birth Time	: 12.55 a.m.
Birth Place	: Rajkot
Height	: 5.10"
Weight	: 70 Kg.
Education	: B.Com.
Occupation	: Private Job (Radhika Jewellers - Rajkot)
Income	: Rs. 3.60 Lacs per Annum
Father	: Lt. Kansara Dhirendralal Chatrabhuj Parmar
Mother	: Kansara Dhirajben D. Parmar
Brothers	: 2 (Unmarried)
Sisters	: 2 (Married)
Meternal	: Kansara Babulal Popatlal Chhatarala (Limbadiwala) – Haal : Jamnagar.
Contact	: 93282 33337 (Dinesh Kansara - Ahmedabad)

૪૦ વર્ષ પહેલાંની એક રસપ્રદ પ્રવાસ નોંધ

પ્રેષક : રૂમા કંસારા - દિલ્હી

આ પ્રવાસનોંધ રાયપુર (છત્તીસગઢ) નિવાસી શ્રી કાંતિભાઈ લખમશી પોમલની ૧૯૮૧-૮૨ની ડાયરીમાં છે. તેઓશ્રીએ ૫ જુન થી ૨૫ જુન દરમ્યાન, ૪૯ સહ પ્રવાસીઓ સંગાથે, બસમાં, દક્ષિણ ભારતના દર્શનીય સ્થળોનો રોચક પ્રવાસ કર્યો, તેનું વિસ્તૃત અને માહિતીસભર વર્ણન કર્યું છે.

શ્રી કાંતિભાઈ તો હવે હયાત નથી પરંતુ એમનાં સુપુત્રી રૂમા કંસારાએ, એમની આ ડાયરી જતનથી જાળવી રાખી છે. અત્રે એમાંના એક સ્થળ 'તિરૂપથી'નું વર્ણન પ્રસ્તુત છે.

આ પ્રવાસ વર્ણનની નીચેની કેટલીક ખાસ વિશેષતા નોંધપાત્ર છે :

૧. અડધી સદી પહેલાં મધ્યમ વર્ગના પરિવારોની પ્રવાસ-ઈચ્છા મહદ્ અંશે યાત્રાધામોના દર્શન હેતુ રહેતી.

૨. તત્સમયે પ્રવાસમાં અનેક કઠિનાઈઓ રહેતી. પરંતુ પ્રવાસીઓ એમની 'આસ્થા' અને સાથીઓની હૂંફે અડચણો સહજભાવે સહન કરી લેતા.

૩. વતનથી દૂર, અજાણ્યા સ્થળોએ પોતાનાંનો સંગાથ રહે અને ખર્ચ ઓછો થાય તે માટે 'સમૂહ પ્રવાસ'નું આયોજન થતું.

આ પ્રવાસનોંધમાં લેખકનું ઝીણવટભર્યું અવલોકન અને જે કંઈ જોયું, જાણ્યું અને માણ્યું – તેનું સુંદર સાહિત્યીક ગુજરાતી ભાષામાં અને લખાણની રસપ્રદ શૈલી ખાસ ધ્યાન ખેંચે છે. તેનું એક કારણ કદાચ એ હોઈ શકે કે લેખકે (કાંતિભાઈ) એમનો શાળાકીય અભ્યાસ 'દક્ષિણામૂર્તિ' (ભાવનગર - ગુજરાત)માં કરેલો હતો. એમના અન્ય યાત્રાધામોની પ્રવાસ નોંધોના અન્ય રસપ્રદ અંશો હવે પછી...

– અતુલ સોની

ભારતના મહાન તીર્થમાં અગર નામ જોડાયેલું હોય તો એ તિરૂપથી બાલાજીનું નામ! તેમાંય દક્ષિણમાં તો આ તીર્થનું સ્થાન પ્રથમ નંબરે આવે છે. આ તીર્થનું મહત્ત્વ ચારેકોર ફેલાયેલું છે અને દૂર દૂરથી રોજ અસંખ્ય તીર્થયાત્રીઓ વેંકટેશ્વરના દર્શનાર્થે તિરૂપતી આવે છે. રોજ જાણે મેળો ભરાયો હોય તેવો અહીંનો માહોલ હોય છે. અમારી બસ રોડ ટેક્સના રૂા. ૧૮૦૦/- ભરી ''તિરૂમલ્લા તિરૂપતી દેવસ્થાનમ'' ધર્મશાળામાં પહોંચી.

૫/- રૂા. ભાડા તરીકે અને રૂા. ૧૦/- એડવાન્સ – એમ રૂા. ૧૫- ભરવા પડ્યા. નવા હતા એટલે રૂા. ૨૫/- વધારાના લાગ્યા. તેના બદલામાં નીચેના ભાગમાં ૪ રૂમ સરસ મળ્યા. આગળ ચોગાન, પાયખાનું, બાથરૂમ – બધી સારી સગવડ હતી. પહોંચતા ૯ વાગી ગયા હતા. સૌને તૈયાર થતાં ૧૨ વાગી ગયા. જેમ ગોડાઉનમાં માલ ઉતરતો હોય અને ભરાતો હોય, તેવું જ વાતાવરણ આ ધર્મશાળાનું હતું. ખૂબ જ અવર-જવર સતત રહેતી હતી. બહાર નજર નાંખો તો ચારેકોર ટુરીસ્ટ બસની, મેટાડોર, ટેક્સીની અને અસંખ્ય કારની કતાર નજરે ચડતી હતી. દરેકના હૃદયમાં વિષ્ણુ ભગવાન વસેલા હતા. જેના પ્રત્યે અગાઢ સ્નેહ હોય, પ્રેમ હોય અને ભક્તિ હોય તેવા ભગવાનના દર્શન પણ અઘરા હતા. મહાન વ્યક્તિઓના દર્શન કરવા એ જેમ અઘરું કાર્ય છે, તેમ આ તો ઈશ્વરના દર્શન કરવા અને તેમાંય તિરૂપતી બાલાજીના! ઘણું અઘરૂં કાર્ય હતું. નિવાસ સ્થાન તિરૂમલ્લા પર્વત ઉપર ૩૦૦૦ ફૂટ ઊંચે હતું. તેમાંય આપણી બસમાં બેસીને ન જવાય. તેના સાધનની સગવડ અલગ રાખેલી છે, તે બસમાં જવાનું હતું. અમે બધા એક સારી હોટલમાં સ્પેશિયલ ભોજન કરી ૧ વાગે ભગવાનના દર્શન કરવા, ભગવાનના ટ્રસ્ટે આયોજન કરેલ બસની સેવા લેવા, બસ સ્ટેન્ડે પહોંચ્યા. બસ સ્ટેન્ડ પાસે જ છે. ભારતમાં હરેક જગ્યાએ

હરેક કામ માટે લાઇન લાગતી હશે. રાશન દુકાનમાં, તો ક્યારેક કેરોસીન માટે તેમજ સિનેમા માટે મોટી લાઈન જોઈ હશે. પરંતુ મારૂં ધારવું છે ત્યાં સુધી અગર સૌથી લાંબી લાઈન લાગતી હોય તો તે તિરૂપતીમાં બાલાજીના દર્શન કરનારની તથા પહાડ ઉપર પહોંચવા માટે અને ત્યાંથી પાછા વળતી વખતે જે લાઇન બસ મેળવવા માટે લાગે છે, તેવી લાંબી કતાર હજુ સુધી ક્યાંય જોવા નથી મળી. અમારા બધાને લાઈનમાં ગોઠવાવું પડ્યું કેમકે એક વ્યક્તિને એક જ ટિકીટ મળશે તેવો નિયમ તેમણે ઘડ્યો છે. બીજી કોઈપણ જગ્યાએ અગર કોઇને બસના ઇંતજારમાં લાંબી કતારમાં લાંબો સમય ઊભા રહેવું પડે, પરેશાની ભોગવીને કોઈને મળવાનું હોય, તો તે વ્યક્તિ કંટાળીને ભાગી જાય, મળવાનું માંડી વાળે. પરંતુ અહીં આખું વાતાવરણ જુદું જ હતું. બધાના ચહેરા પર આનંદ હતો, ઉત્સાહ હતો અને લગન હતી કેમકે સૌના હૃદયમાં ભગવાન વસેલા હતા. સૌને દર્શનની ઝંખના હતી. અપાર પ્રેમ હતો, અખૂટ લાગણી હતી. એ જ અહીંના બાલાજી - તિરૂપતીનો પ્રભાવ હતો. જડમાં ચેતન અને નિરાશ હૃદયમાં પ્રાયશ્ચિતની આગમાંથી મુક્તિ અપાવી દે, અધર્મીને ધર્મી બનાવી દે અને સૌની મુદાર પૂરી કરી દે તેવો મહિમા ધરાવનાર તિરૂપતીમાં બિરાજમાન ભગવાન વેંકટેશ્વર ખરેખર મહાન છે. બીજા બધા દેવોનો મહિમા જોઈ - સાંભળી અને અનુભવી, તે બધાથી અહીંનો મહિમા વિશેષ પ્રભાવશાળી લાગ્યો.

એક જ બસમાં અમે ગોઠવાઈ ગયા. નાગની જેમ વળ ખાતી સડક ઉપર અમારી બસ એટલી સ્પીડમાં દોડતી હતી કે ૧૮ કિ.મી. પાર કરતાં તેને કંઈ વાર ન લાગી. પોણા કલાકમાં તો અમે તિરૂવલ પહાડ ઉપર વિષ્ણુદેવના સાંનિધ્યમાં પહોંચી ગયા. અહીંનો માહોલ તો સાવ જુદો જ હતો. આપણે કોઇનું મુંડન જોઈએ તો એમ અનુમાન કરીએ કે તેનું કોઈક વડીલ ચાલ્યું ગયું હશે. કોઈ મુંડનવાળી મહિલા જોઈએ તો એમ ધારીએ કે તે બિચારી વિધવા હશે. પરંતુ અહીં તો આવેલ દરિક પરિવાર મુંડનવાળું દેખાય. અહીં આવનાર આંધ્રના તેલુગુ લોકો - કર્ણાટકના અને તામિલનાડુના આવનાર યાત્રાળુઓ સૌ તિરૂપતિને પોતાના વાળ ચડાવે છે. ૪૦૦થી ૫૦૦ વાળંદ અહિંયા ૧૨ રૂા. રોજીમાં આખો દિવસ આજ કામ કરતા હોય છે. દક્ષિણ ભારતના રહેનારા દરેક પરિવાર મુંડનવાળા દેખાય. પુરૂષને મુંડનવાળા જોઈએ તો એટલી વિચિત્રતા ન લાગે, જેટલું આશ્ચર્ય મુંડનવાળી સ્ત્રીઓને જોઈએ ત્યારે લાગે. સ્ત્રીઓની સુંદરતામાં વધારો કરવામાં વાળનું યોગદાન વિશેષ હોય છે. એ જ ન હોય તો પછી સુંદરતા જ ક્યાં રહે? ખેર, એ બધું ઈશ્વરના હાથમાં છે. તેણે પ્રેરણા આપી ત્યારે જ સ્ત્રી પોતાની સુંદરતા જતી કરવા તૈયાર થાયને? આવું દર્શન અમારા માટે નવું હતું. એ વિચારવા જેટલો અમારી પાસે સમય ન હતો. અમે તો ત્યાંના કુંડમાં હાથ-પગ ધોઈ, મનમાં ગોવિંદાના નામનું સ્મરણ કરી, માથા ઉપર પાણી છાંટી, તરત જ લાંબી લોઢાની ઝારાવાળી બનેલી મોટી બેરેકમાં પ્રવેશ્યા. લોઢાની ઝારીવાળી લાંબી ને લાંબી બેરેકમાં ઘણું ચાલ્યા ત્યારે ત્યાંની ચાર વિશાળ લોઢાની ઝારીવાળી એક એક બેરેક ૧૫૦૦ જણાને આવરી લે તેવી વિશાળ — બેસવા માટે ઓટલા ચા-પાણીની સગવડ બધી રીતે આરામદાયક બેરેકમાંની એક બેરેકમાં અમે ગોઠવાઈ ગયા. દરેક જગ્યાએ ઈશ્વરની પૂજાના ૨૦૦થી ૫,૦૦૦/- રૂા. સુધીના ભાવ લખેલા હતા. થોડીવાર તો અમને સૌને ઉત્સાહ રહ્યો, આનંદ પણ આવ્યો. પણ પછી ખબર પડી કે અહીં ૬ કલાક પછી નંબર આવશે. એટલે સૌ મુંઝાણા. શું થાય, અગર વગર મૂલ્યે દર્શન કરવા હોય તો ઈંતજાર કર્યા સિવાય રસ્તો નથી અને સમય બચાવવો હોય તો ખર્ચો કર્યા સિવાય છુટકો નથી. ઓછામાં ઓછા રૂા. ૨૫/- — ૬ કલાકના પ્રમાણમાં ભારે ન લાગ્યા અને સૌ પાછા બહાર નીકળી, મૂળ જગ્યાએ આવ્યા. અને આમ ૧ કલાક બરબાદ થયો. રૂા. ૨૫/- લેખે સૌની ટિકીટ કઢાવી, ફરી બીજી લાઇનમાં ગોઠવાયા. આ લાઇન પણ નાની સૂની ન હતી. તેમાંય અંદર પ્રવેશ્યા એટલે પહેલી ફ્રીવાળી લાઇન પણ ત્યાં ભેગી થઈ. અને આમ, અમારો રસાલો ઈશ્વર દર્શનાર્થે આગળ વધ્યો.

મંદિરની અંદર ફક્ત ભક્તિનો મહિમા હતો. સૌને ઈશ્વર દર્શનની તલપ હતી. સૌના મુખ ઉપર, ગોવિંદાના નામની ગૂંજ હતી. કાળા પથ્થરમાંથી સર્જાયેલ મંદિર ઉપર પિત્તળની ઝારીના બનેલ કઠેડા - તેની વચ્ચે બનેલ સોનાનો ઘુમ્મટ મંદિરની સુંદરતામાં વધારો કરતા હતા. ફર્શ ઉપર દૂધ - ઘી - પાણીના પોતા ફરેલ હતાં. જેથી જગ્યા ચીકણી બની ગઈ હતી. અહીંનું વાતાવરણ ઈશ્વરમય બની ગયું હતું. સૌના હૃદયમાં હોઠોં ઉપર અને નજર પર ઈશ્વરનો વાસ હતો. સૌના ચક્ષુ ઈશ્વર દર્શન માટે તલપાપડ થતા હતા. ભીડમાં ધક્કામુક્કી છતાં આનંદ અનુભવતાં અમે ઈશ્વરની નજદીક ને નજદીક જઈ રહ્યા હતા. એ સમય પણ આવી ગયો કે જેનાં દર્શન માટે લાંબાગાળાથી સૌ તરસતા આવ્યા હતા, તે દેવોના દેવ એવા મહાન દેવ વિષ્ણુજીના સૌએ દર્શન કર્યા. ખૂબ જ પ્રભાવશાળી વિશાળ મૂર્તિ! સોનાથી અને કિંમતી વાઘાથી શણગારેલી એ ભવ્ય મૂર્તિના જ્યારે સૌએ દર્શન કર્યા ત્યારે સૌ પોતાને ભાગ્યશાળી સમજ્યા. અને સૌ ધન્ય થઇ ગયા. સૌની મુરાદ પૂરી થઈ ગઈ હોય તેવી પ્રસન્નતા સૌના ચહેરા પર તરી આવતી હતી. ઈશ્વરના દર્શન કરી મંદિરનું અવલોકન કરતાં અમે લોકો એક જગ્યાએ પહોંચ્યા. એ જગ્યા હતી વિષ્ણુ ભગવાનની ''હુંડી.'' ખરેખર એ હુંડી બહુ જ મોટી હતી. એથી વિશેષ મોટો હતો તેનો મહિમા. અમીર હોય કે ગરીબ હોય,

દુઃખી હોય કે સુખી હોય, વેપારી હોય કે નોકરિયાત હોય – ગમે તેવો માનવી કાં ન હોય, પોતાની થેલીમાં તે નિમિત્ત જે કાંઈ ભેગું કર્યું હોય તે આ હુંડીમાં ચડાવી દેતો. લાખોના દાન આ મંદિર અને તિરૂપતી બાલાજીને ચડે છે, લોકો પ્રેમથી ચડાવે છે. બે ઘડી આપણને એમ થાય કે જે ઈશ્વર સૌને ધન-દોલત, દરેક પ્રકારનું સુખ આપતા હોય તેને ધનની શી જરૂરત? જેની પાસે સર્વસ્વ હોય, તેને શા માટે લેવું પડે?

સોનું - ચાંદી - પૈસા - હીરા - મોતી ચડાવનાર શા માટે ચડાવે છે તે તો ચડાવનારનો અંગત પ્રશ્ન હોય છે. આપણને આશ્ચર્ય તો ત્યારે થાય છે કે એક સાધારણ માણસ પોતાની સાધારણ મુડી ઈશ્વરને ચડાવી દેતો હોય છે. ખેર, એ ઈશ્વરનો મહિમા છે, ચાલતી આવી છે અને ચાલતી રહેવાની છે.

સુદામાએ મુઠ્ઠીભર ચાવલ આપ્યા અને તેના બદલામાં ઈશ્વરે મહેલ-મહેલાતો આપી તેવી આશા અને શ્રદ્ધામાં અહીં લોકો ચડાવતા હોય તો નવાઈ નહીં. ત્યારે જ તો લાખો રૂપિયાનો ચડાવો ચડે છે અને લાખો રૂપિયાની આવક થાય છે. બહુ મોટું ટ્રસ્ટ અહીંનું છે. માથાનાં ઉતારેલા વાળ ઉપર પણ ટ્રસ્ટ લાખો રૂપિયાની કમાણી કરે છે.

બહાર નીકળ્યા એટલે અહીં પ્રસાદ ૨-૩ પ્રકારના હોય છે. તેમાં અહીં લાડવાનો પ્રસાદ વખણાય છે. શુધ્ધ ઘી અને કાજુ કિસમીસવાળો ૧ લાડવો રૂા. ૧/- લેખે આપે છે. એકદમ બહાર મંદિરની સામે લોકોની સારી એવી ભીડ રહે છે. મંદિરની સામે બંને બાજુ અલગ અલગ વેપારની અનેક દુકાનો શણગારેલી હોય છે. હાથમાં તિરૂપતીના ફોટા, ચોપડી તેમજ અનેક પ્રકારની વસ્તુઓ લઈ ફેરીયાઓ યાત્રાળુઓને ઘેરી લેતા હોય છે. એક જાય ત્યાં બીજો ઘેરી લે. યાત્રાળુઓ કંટાળી જાય છે. ઈશ્વર પ્રત્યેનો સુંદર ભક્તિભાવ - પ્રેમભાવનો માહોલ નિહાળ્યો હતો. આનંદ અને ઉત્સાહભર્યા અમે પાછા વળ્યા. આપણે ક્યારેક કોઈ પ્રતિમા નિહાળીએ એ જે પ્રસન્નતા થાય તેથી વિશેષ સુખ અહીં મળતું હોય. અહીં તો રોજનું પ્રદર્શન હતું.

આખા પ્રવાસ દરમ્યાન મેં કંઈ નિરીક્ષણમાં તથ્ય મેળવ્યું હોય તો એ છે કે મહિલાઓની ઈશ્વરના દર્શન કરતાં વિશેષ રૂચિ, નીતનવી વસ્તુઓની ખરીદી પ્રત્યેની હોય છે. ઈશ્વરના એક વખત દર્શન થઈ ગયા એટલે બસ આપણું કામ પૂરૂં થયું. આપણા પાપ ધોવાઈ ગયા, પવિત્ર થઈ ગયા. નીતનવી વસ્તુઓ તો સતત મનમાં રમ્યા જ કરે. શું ખરીદું અને શું ન ખરીદું? તેવો સંઘર્ષ મનમાં સતત રહેતો હોય. એકબાજુ નીતનવી વસ્તુઓનો મોહ અને જેની સીમા નથી હોતી ત્યારે બીજી બાજુ, ટૂંકું અને ટચ બનાવેલ પોતાનું બજેટ. મહિલાઓને વસ્તુઓનો મોહ એટલો બધો હોય છે કે બજેટ તોડીને પણ બીજાથી મેળવીને પણ તે વસ્તુ મેળવવા કોશિશ કરે છે. છતાં તેમને છેક સુધી સંતોષ નથી થતો. લેવું હતું પણ લેવાણું નહીં, તેવી અસંતોષની ભાવના તેમના ચહેરા પર તરી આવતી હતી. એકાદને મૂકીને બાકીના પતિદેવ મૂક બનીને દૂર દૂર ઉભા ઉભા પોતાની પત્નીની ખરીદવાની કાર્યકુશળતા અને પોતાના રૂપિયાનું અવમૂલ્યન થતું નિહાળતા હતા. આ બધી ખરીદીની આદતને લઈને મહિલાઓ એવી આડીઅવળી થઈ જતી, કે તેમને ભેગા કરવામાં સારો એવો સમય લાગી જતો, સારી એવી પરેશાની ભોગવવી પડતી. તેમાંય એક જોડલું નરોત્તમભાઈ અને તેમના પત્નીનું હતું. હજુ પણ નવા પરણેલા હોય તેમ બંને માણસ એકલા આડા-અવળા થઈ જતા, તેમને શોધવા પડતા. આવ્યા કે નહીં તે જોવું પડતું. અગર આવી ગયા હોય તો સમજી લ્યો કે બાકીના બધા આવી ગયા હશે.

મંદિરની અંદરનું, મંદિરની બહારનું તેમજ આજુબાજુનું વાતાવરણ નિહાળતા અંધારું થઈ ગયું. ચારેકોર રોશની ચમકી ઉઠી. જે જગ્યા સુંદર લાગતી હતી, રોશનીને લીધે તેની સુંદરતા અનેકગણી વધી ગઈ. તમે જો જો કે જડ હોય યા ચેતન, પ્રકાશમાં એટલી શક્તિ હોય છે કે તેમાં ચમક લાવી દે છે. ભલે એ ક્ષણિક કેમ ન હોય! તેમજ તિરૂવલ પહાડ રોશનીથી ઝળહળી ઉઠ્યો. કોઈનું કોઈપણ કાર્ય સંપન્ન થાય, ત્યારબાદ તેને થાક જણાય અને ભૂખ પણ લાગે.

અમને દર્શન થઈ ગયા. મુરાદ પણ પૂરી થઈ ગઈ. એટલે પછી થાક્યા-પાક્યા, ટ્રસ્ટની એક કેન્ટીનમાં ઘૂસ્યા. ભૂખ એવી લાગી હતી કે સવાલ જ નહોતો કે શું છે અને શું નથી. સારૂં છે કે કેવું છે તે પણ જાણવાની ઈચ્છા નથી રહેતી. બસ, એક જ વસ્તુ રહે છે કે જે હોય તે લાવ. બસ, જલ્દી લાવ. દક્ષિણ ભારતમાં ઇડલી-ઢોસા અને વડા – આ જાણે નાસ્તો હોય; ચાવલ અને સાંભારનું જમણ હોય. આ સિવાય ક્યાંક ક્યાંક પુડીના દર્શન થઈ આવે. તે સિવાય આશા રાખવી વ્યર્થ. શરૂ શરૂમાં વાંધો ન આવ્યો, પણ પછી તો કંટાળી ગયા. આ તો સારૂં થયું કે અમારી સાથે રસોઈનો સામાન અને રસોયો બંને હતા. તેમજ બીજા મોટા શહેરોમાં મનગમતું ખાવા-પીવાનું મળી ગયું. નહિં તો ખાવાને લઈને ઘણા વૈરાગી બની ગયા હોત તો નવાઈ નહીં.

તિરૂપતી બાલાજીના છેલ્લા દર્શન કરી, વિદાય લઈ, સુંદરતા નિહાળતા પાછા બસ સ્ટેન્ડ પહોંચ્યા. પાછી એની એ લાઈન, એનો એ કંટાળો. એ જ પરેશાની ભોગવતા પહાડ ઉપરથી નીચેના શહેરની પ્રકાશની સુંદરતા નિહાળતા ઉતર્યા. જાણે એવું લાગે કે કાળી સાડીમાં સુંદર આભલા ચમકતાં હોય તેવી રાતરાણી ચમકી રહી હતી.

આવી સુંદરતાથી સૌ ખુશ હતા. તેમજ ઈશ્વર દર્શનથી અને ભોજન પ્રાપ્તિથી પણ સૌને સંતોષ હતો. આમ, સુખના સાગરમાં ડૂબકી મારતાં સૌ પાછા – ધર્મશાળામાં આવી ગયા.

વાર્તા

લોકડાઉનના દિવસો પૂર્ણ થવાને આરે હતા. બધા બાળકો ઘરની બહાર નીકળવા માટે તત્પર હતા. ઘરમાં રહી રહીને બાળકો ખૂબ જ અકળાઈ ગયા હતા. ઘરમાં બેઠા બેઠા જ સુંદર વનમાં પર્યટન કરવાનું આયોજન ઘડી લીધું હતું. વંદન, નમન, ચિરાગ અને ભૂમિ – ચારેય જણ લોકડાઉન પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા હતા.

લોકડાઉન પૂર્ણ થવાના આગલા દિવસે ચારેય મિત્રો ભૂમિના ઘરે મળ્યા.

નમન બોલ્યો : કાલે લોકડાઉન પૂરું થાય છે. આપણે કાલે જ સુંદરવનમાં ફરવા નીકળીએ. ચાર દિવસનું આયોજન છે.

વંદન : હા નમન. સુંદરવનમાં ખૂબ જ મજા આવશે. ચાર દિવસ વનમાં ગાળવાની ખૂબ જ મજા આવશે. ત્યાં આપણે જાતે જ કામ કરવાનું, જાતે જ રસોઇ બનાવવાની અને ખૂબ જ મજા કરવાની. વાહ, ખૂબ જ મજા પડશે, ખૂબ જ મજા પડશે...

ભૂમિ બોલી : મજા તો ખૂબ જ આવશે, પણ આપણને જવા માટે પહેલાં બધી તૈયારી તો કરવી પડશે ને. તાડપત્રી, ત્યાં રહેવા માટેની વસ્તુઓ, ટ્રેકિંગ શુઝ, રસોઈ બનાવવા માટેની સામગ્રી – બધું સાથે તો લેવું પડશે ને?!

ચિરાગ બોલ્યો : આપણે બધા એકસરખા રૂપિયા ભેગા કરીને આજે જ જરૂરી વસ્તુઓ ખરીદી લાવીએ. બાકીની તો ઘરમાંથી જ મળી જશે.

ચારેય મિત્રોએ રૂપિયા ભેગા કરી જરૂરી સામાન લઈ લીધો અને પેકિંગ કરી દીધું. બધા કાલે સુંદરવન જવાના છીએ, એ જ ઉમંગ અને આનંદ સાથે છુટા પડ્યા.

ભૂમિ ઘરે આવીને પપ્પાને બધી વાત કરે છે. પપ્પા, અમે કાલે સુંદરવન જઈએ છીએ. પર્યટન માટે પૂરા ચાર દિવસનું આયોજન છે.

પપ્પા બોલ્યા, ‘અરે વાહ બેટા! બધી તૈયારીઓ કરી લીધી ને?’

ભૂમિ બોલી : હા પપ્પા, બધી જ તૈયારીઓ કરી લીધી. કાલે સવારે ૭ વાગે અમે નીકળી જઈશું. ચાલો પપ્પા, ગુડ નાઇટ.

ગુડ નાઇટ બેટા!

ભૂમિ પોતાના રૂમમાં ઊંઘવા જાય છે. મનમાં કાલના વિચારો કરતાં કરતાં ઊંઘમાં સરી પડે છે. ઊંઘમાં જ ભૂમિ સ્વપ્નમાં સરી પડે છે. ભૂમિ તો રાત્રે જ સ્વપ્નમાં જ સુંદરવન પહોંચી જાય છે.

વાહ, કેટલું સરસ મજાનું વન છે. મોટા મોટા વૃક્ષો છે, રંગબેરંગી ફૂલો, રંગબેરંગી પતંગિયા, ચારે બાજુ ફૂલો જ ફૂલો, વૃક્ષો અને આ બધાની વચ્ચે એક ખૂબ મોટું ઝરણું. ઝરણાની અંદર મોટા મોટા સફેદ હંસોનું ટોળકું, કુદાકૂદ કરતી રંગબેરંગી માછલીઓ. વાહ, ખૂબ જ મજા પડી ગઈ. ખૂબ જ મજા પડી ગઇ. ત્યાં જ પાછળથી ભૂમિને એક અવાજ સંભળાયો : ‘આવ ભૂમિ બેટા, સુંદરવનમાં તારું સ્વાગત છે.’

ભૂમિ જરા ડરથી અને ગભરાયેલા અવાજે બોલી, તમે કોણ છો? હું તમને નથી ઓળખતી...

સામેથી અવાજ આવ્યો, હું વનની દેવી છું ‘વનદેવી!’

વનદેવી? ભૂમિ આશ્ચર્યચકિત થતાં બોલી.

વનદેવી બોલ્યા, હા, હું વનદેવી છું. જેમ તારી મમ્મી તારી સંભાળ રાખે છે, એમ જ હું મારા વૃક્ષો, ફૂલો, પ્રાણીઓ, બધા મારા સંતાનોનું ધ્યાન રાખું છું. તું મને ‘દેવીમા’ કહીને બોલાવી શકે છે. ચાલ, તને હું મારા સંતાનોનો પરિચય કરાવું.

આમ, ભૂમિ અને વનદેવી બંને વનની સફરે નીકળી પડે છે. ભૂમિ ચાલતા ચાલતા વનદેવીને પ્રશ્ન પૂછે છે : ‘દેવીમા, તમે અહીં કેટલા વરસથી રહો છો? તમને અહીં જંગલમાં મજા આવે છે? તમે અહીં ક્યાં રહો છો? તમારું ઘર ક્યાં છે? તમે અહીં એકલા રહો છો, કે કોઈ સાથે રહે છે?

વનદેવી ભૂમિને વચ્ચે જ અટકાવતા બોલ્યા, બસ બસ, બેટા... આટલા બધા સવાલ એકસાથે? ધીરજ રાખ, તારા બધા સવાલોના જવાબ મળશે.

વનદેવી ચાલતા ચાલતા બોલ્યા, ભૂમિ, હું આ વનમાં હજારો વર્ષોથી અહીં જ રહું છું. આ વનમાં ઘણાં ચડાવ ઉતાર આવ્યા છે, જે મેં અહીં જોયા છે. મનુષ્યો દ્વારા ઘણી વખત આ વનના વૃક્ષોનું છેદન કરતાં મેં જોયું છે. પોતાના સ્વાર્થ માટે મારા સંતાનો પર કુહાડીના ઘા ઝીંકતા એ લોકોની આત્મા કંપી નથી જતી? હું તો એ સહન જ નથી કરી શકતી. કુહાડીના ઘા એ ઘાએ મારા તો આંસુઓ સર સર પડતા જાય છે.

ભૂમિ દુઃખી થતા સ્વરે બોલી, હું ખૂબ જ દિલગીર છું દેવીમા. અમારા સ્વાર્થના કારણે તમને તમારા સંતાનો ગુમાવવા પડ્યા... હું ખૂબ જ દુઃખી છું.

વનદેવી બોલ્યા, વાંધો નહીં બેટા. આ માનવજાતિ સ્વાર્થી જ છે. જે વૃક્ષો અન્ન આપે, પ્રાણવાયુ આપે, વાતાવરણ શુધ્ધ રાખે – એ જ વક્ષોનું તમે છેદન કરી, જીવ હત્યા કરો... આટલું બોલતાં બોલતા વનદેવી રડી પડ્યા.

ભૂમિ વનદેવીને સાંત્વના આપતા બોલી, દેવીમા, અમને શાળામાં વૃક્ષોના મહત્ત્વ વિશે ખૂબ જ શીખવવામાં આવે છે. વનદેવી મા, અમારી શાળા બે વર્ષથી બંધ છે. અમારા વિશ્વ

પર મહામારીના રોગનો રાફડો ફાટી નીકળ્યો છે. અમે બધા ઘરમાં પૂરાઈને બેઠા છીએ. ક્યાંય બહાર જ નથી નીકળી શકતા.

અને બહાર નીકળીએ તો પણ માસ્ક પહેરીને જવું પડે છે. સેનીટાઈઝર સાથે રાખવું પડે છે. બધા વ્યક્તિઓથી દૂર રહેવું પડે છે. મારી મમ્મીને કોરોના થયો, તો મને મારી મમ્મીથી દૂર રહેવું પડ્યું હતું. ભૂમિ રડતા રડતા બોલી.

વનદેવી બોલ્યા, બેટા, આ બધું માનવજાતિના કર્મોનું જ પરિણામ છે. જંગલોનું છેદન કરવું, કોઈ નિર્દોષની હત્યા, જીવતા પ્રાણીઓને મારી નાખવા, કોઈ નિર્દોષને મારી નાખવા – એ બોલી શકતા નથી. એ બધાના દોષો લાગે. સૃષ્ટિના નિયમો વિરૂધ્ધના કૃત્યોનું પરિણામ માનવજાતિ ભોગવી રહી છે, બેટા...

ભૂમિ તરત જ બોલી, આ સમસ્યાનું નિવારણ શું છે દેવીમાતા? તમે તો ખૂબ જ વિદ્યમાન છો. મને પણ આ સમસ્યામાંથી નીકળવાનો રસ્તો બતાવો...

બેટા, સૌપ્રથમ તો વૃક્ષ છેદન બંધ કરો. મારા સંતાનો, મારા વૃક્ષો તમને ખૂબ જ ઉપયોગી થશે. આ સમસ્યામાંથી બહાર નીકળવા માટે.

વૃક્ષો જે પ્રાણવાયુ તમને પૂરો પાડે છે, એ વૃક્ષોને કાપવાનું બંધ કરો. જે અબોલ જીવો છે તેમની હત્યા કરવાનું બંધ કરો. વધુમાં વધુ વૃક્ષો વાવો. વાતાવરણને શુદ્ધ રાખો.

મનુષ્યજાતિને વળી એકબીજા સાથે વૈમનસ્યભાવ ભરેલો છે, એ દૂર કરો. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના વિકસાવો અને એકબીજાની મદદ કરો. સરળતાથી આ સમસ્યામાંથી છુટકારો મળી જશે.

ભૂમિ બેટા, આ સૃષ્ટિ પ્રકૃતિમાં બધા જીવ સરખા છે. કોઈ જીવ તુચ્છ કે નાનો નથી. આથી બેટા, બધા જ જીવોનો આદર કરી શાંતિથી જીવો અને જીવવા દો. ત્યારે જ બધાને અહીં જીવવાની મજા આવશે બેટા!

ભૂમિ મનોમન નિર્ણય કરે છે : 'આજથી હું કોઈ પણ દિવસ મારા સ્વાર્થ માટે કોઈ અબોલા જીવની હત્યા નહીં કરૂં. કોઈ ફૂલ કે છોડને કાપીશ કે તેનું છેદન નહીં કરૂં.' ત્યારબાદ વનદેવી ભૂમિને જંગલના બધા વૃક્ષો સાથે દોસ્તી કરાવે છે. ભૂમિ વિક્ષો સાથે, તેની ડાળીઓ પર લટકી, ઝુલા ઝુલે છે. ફૂલો અને પતંગિયા સાથે વાતો કરે છે અને પ્રકૃતિની મસ્તીમાં મગ્ન થઈ જાય છે.

સવાર પડે છે. ભૂમિને તેના પપ્પા જગાડવા આવે છે. ભૂમિ દીકરા જાગો, બેટા, જાગો... તને પિકનીકમાં નથી જવું? ત્યાં જ ભૂમિ ઊંઘમાંથી જાગી જાય છે અને આજુબાજુ જુએ છે અને બૂમો પાડી ઉઠે છે : 'વનદેવી મા, તમે ક્યાં ગયા? દેવીમા ક્યાં ગયા?'

ત્યાં જ પપ્પા તેને ધબધબાવે છે. ભૂમિ શું થયું, કેમ બૂમો પાડે છે? સપનું જોયું કે શું?

ભૂમિ ઝબકી ગઈ અને બોલી, અરે... આ તો સપનું હતું... પણ ખૂબ જ સુંદર સપનું હતું. સુંદરવનનું સપનું... આ વનદેવી માએ પણ મને જે શીખ આપી છે, એ નહીં ભૂલું...

ખૂબ જ વૃક્ષો વાવીશ... કોઈ અબોલા જીવને નહીં મારું... બધા સાથે સારૂં વર્તન કરીશ... Thank you વનદેવી મા, ... Thank you...

આમ, ભૂમિ વિચારતા વિચારતા પર્યટને જવા માટે તૈયાર થવા ચાલી જાય છે.

સ્વામિ વિવેકાનંદના પ્રેરણાદાયક વિચારો : (૧)

જેમીની
કલ્પેશકુમાર સોની
મમાયમોરા (માંડવી)

નમસ્તે. અહીં હું ભારતના પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા પુરુષ એવા સ્વામી વિવેકાનંદના કેટલાક પ્રેરણાદાયક વિચારો રજૂ કરું છું.

★ જે અભ્યાસથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી.

★ કોઈ પણ કાર્યને સફળતા મળતા પહેલાં સેંકડો મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. જેઓ ઉદ્યમથી મંડ્યા રહે છે, તેમને વહેલી સફળતા પ્રાપ્ત થાય છે.

★ આ દુનિયામાં તમે આવ્યા છો તો કંઈક નામ રાખી જાઓ. નહિંતર તમારામાં અને પેલા ઝાડ કે પથ્થરમાં શો ફરક રહ્યો? એ પણ જન્મે છે, જીર્ણ થાય છે અને નાશ પામે છે.

★ મારા દેશબંધુઓને હું કહું છું કે તેમણે અત્યાર સુધી સારું કાર્ય કર્યું છે. હવે એથીયે વધારે સારું કરવાનો સમય આવ્યો છે.

★ ધર્મ એટલે પહેલેથી જ માનવીમાં રહેલી દિવ્યતાની અભિવ્યક્તિ.

★ પ્રાર્થનામાં આપણે 'ઈશ્વર સૌનો પિતા છે' એમ કહીએ છીએ અને રોજિંદા જીવનમાં પ્રત્યેક માનવીને આપણા ભાઈ તરીકે ન ગણીએ તો તેમાં શું મળ્યું?

★ પ્રાર્થનાથી માણસની સૂક્ષ્મ શક્તિઓ સહેલાઈથી જાગ્રત કરી શકાય છે.

★ એકાગ્રતાની શક્તિ કેવી રીતે કેળવવી તે શીખવવાનું વિજ્ઞાન છે રાજયોગ.

જાણવા જેવું

૧. વિશ્વમાં સૌથી મોટી ટપાલ વ્યવસ્થા ભારતમાં જ છે.
૨. વિશ્વનું સૌથી મોટું જહાજ ભાંગવા માટેનું યાર્ડ ગુજરાતમાં ભાવનગર નજીક અલંગમાં છે.
૩. દુબઈમાં ૦% ક્રાઈમ થાય છે કારણકે ત્યાંના કાનૂન એટલે કડક છે કે વિશ્વનું સૌથી સુરક્ષિત શહેર કહેવામાં આવે છે.
૪. વિશ્વમાં સૌથી પહેલા દૂધ ડેરી દુબઈમાં ખોલવામાં આવી હતી. તેનામાં ઊંટનું દૂધ વેચવામાં આવતું હતું.
૫. કેનેડામાં ૫૬.૨૭% લોકો પાસે કોલેજની ડિગ્રી છે. કેનેડા વિશ્વનો સૌથી વધુ સાક્ષરતા ધરાવતો દેશ છે.
૬. દેશની પવિત્ર નગરી, વારાણસી એ વિશ્વનું સૌથી જૂનું શહેર છે.
૭. 'મહાભારત', એ વિશ્વની સૌથી મોટી રચના છે, જેમાં ૧.૮ લાખ શબ્દો છે.
૮. વિશ્વમાં ૩૦ લાખ એ.ટી.એમ. મશીનો છે અને તેમાંથી ૨.૫ લાખ એ.ટી.એમ. માત્ર ભારતમાં ઉપલબ્ધ છે.
૯. વિશ્વની પ્રથમ બ્લડ બેંક ૧૯૩૭માં બનાવવામાં આવી હતી.
૧૦. ભારતે વિશ્વને યોગા આપ્યું. ભારતીય યોગા આશરે ૫૦૦૦ વર્ષ જૂનું છે.

ચાલો, આપણું સામાન્ય જ્ઞાન ચકાસીએ...

૧. ચીનનું ચલણી નાણું કયું છે?
(A) યેન (B) શિલીંગ (C) રૂપિયા (D) યુઆન.

૨. પનામા નહેર કયા દેશમાં આવેલ છે?
(A) અમેરિકા (B) જાપાન (C) ચીન (D) ભારત

૩. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કયા શહેરમાં આવેલું છે?
(A) પેરિસ (B) રોમ (C) ન્યુયોર્ક (D) કેનેડા

૪. દુનિયાનું સૌથી મોટું રણ કયું છે?
(A) સહારાનું રણ (B) ગોબીનું રણ
(C) કચ્છનું રણ (D) અરેબિયન રણ

૫. દુનિયાનો સૌથી વિશાળ ટાપુ કયો છે?
(A) શ્રીલંકા (B) ગ્રીનલેન્ડ (C) લક્ષદ્વીપ (D) કચ્છ

– ક્રિષ્ના ઉદય કંસારા

અભિનંદન

કૃતિકા ભાવેશ બુધ્ધભટ્ટી
(કોઠારા, અબડાસા)
S.S.C. - 2021 પરીક્ષામાં ૯૬.૬% મેળવી ઉત્તીર્ણ થયા છે.

જેમીની કલ્પેશકુમાર સોની
(દરશડી, માંડવી)
S.S.C. - 2021 પરીક્ષામાં ૯૩.૧૬% સાથે ઉત્તીર્ણ થયા છે.

આર્મી જગદીશભાઈ સોની
(મમાયમોરા, માંડવી)
S.S.C. - 2021 પરીક્ષામાં ૮૭% સાથે ઉત્તીર્ણ થયા છે. શાળામાં તૃતીય ક્રમાંકે આવેલ છે. ચિત્રકામ, કલાઓમાં ખૂબ જ રસ ધરાવે છે.

ગત અંકમાં "બાળ વિભાગ"માં પૂછેલ ઉખાણાના જવાબો

(૧) કાતર, (૨) ચંદ્ર, (૩) ખરીદી, (૪) ઓસ્ટ્રેલિયા, (૫) ઘંટ, (૬) લીંબુ, (૭) ખુરશી

કનુ : તું ડિપ્રેશનમાં હોય તો શું કરે છે?
મનુ : હું મંદિરે જઉં છું.
કનુ : અરે વાહ! મંદિરે જઈને તારા મનને શાંત કરે છે, એમ?
મનુ : ના હવે! હું મંદિરે જઈને બધાના જૂતા-ચંપલ મિક્સ કરી દઉં છું. પછી ચંપલની જોડી શોધતા લોકોને જોઈને ડિપ્રેશન દૂર થઈ જાય છે.

★

ભૂરો ૧૨ વર્ષ પછી જેલમાંથી છૂટી, મેલાઘેલાં કપડામાં થાકેલો ઘરે પહોંચ્યો.

લીલી : ક્યાં રખડી રહ્યા હતા અત્યાર સુધી? તમે તો બે કલાક પહેલા છૂટી ગયા હતા ને?
ભૂરો (મનમાં) : આના કરતાં તો જેલ સારી.

શબ્દ અંજલિ

કરસનદાસ તુલસીદાસ સોની (લાયચા)
(મૂળ કોટડા જડોદર, હાલે આદિપુર)
સ્વર્ગવાસ તા. ૧૪-૦૫-૨૦૨૧ (ઉં.વ. ૬૭)

દયારામ તુલસીદાસ સોની (લાયચા)
(મૂળ કોટડા જડોદર, હાલે રાજકોટ)
સ્વર્ગવાસ તા. ૨૦-૦૫-૨૦૨૧ (ઉં.વ. ૭૧)

"પપ્પા" – શબ્દ લખતાની સાથે જ સર્વની ગાણી થાય. પપ્પા કુટુંબરૂપી ઇમારતનો મજબૂત પાયો. ભર ઉનાળે બળબળતા તાપમાં મીઠો છાંયડો. એવા તો કેટલાયે ઉપનામ આપો તો પણ ઘટે. દીકરીને સાસરે વળાવતા સૌથી વધારે દુઃખી થતા પપ્પાની જ્યારે આ દુનિયામાંથી ચીરવિદાય થાય છે, ત્યારે એ દીકરીનું હૃદય દુઃખની લાગણીથી દ્રવી ઊઠે છે. અને આજે જ્યારે અમારા કુટુંબના મજબૂત એક નહીં પણ બે વડીલની ચીર વિદાયથી કુટુંબમાં પૂરી ના શકાય એવી ખોટ આવી છે. આજે આ લખતા મારા હાથ કાંપે છે, કે મારા પપ્પા અને મોટા પપ્પા અમારી વચ્ચે નથી રહ્યા. આ પરિસ્થિતિન્ વ્યક્ત કરવા માટે આજે શબ્દો પણ સાથ આપી નથી રહ્યા એવી દુઃખની લાગણી અનુભવું છું. આજે તમે અમારી વચ્ચે ન હોવા છતાં પણ તમારા આશીર્વાદ હંમેશાં અમારી સાથે રહેશે. પપ્પા અને મોટા પપ્પા – શબ્દોરૂપી આ શ્રદ્ધાંજલિ અને મારી લાગણીનો સ્વીકાર કરજો. તમે જ્યાં પણ હો, ખુશ રહો એવી મારી પ્રાર્થના સાથે હંમેશાં તમને દિલમાં જીવતા રાખતી તમારી દીકરીના પ્રણામ. અસ્તુ...

લી.

હીના નીલેશ કોટડિયા

VA
Vinod Soni
98254 28255

M/s. Velji Anandji

Dealers & Manufacturers of Gold Ornaments

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

925 Sterling Silver Jewellery | Silver Jewellery
All Type of Gold Nosepin | Bali | Ring & Gold - Silver Ornaments

DISHITA
ORNAMENTS
"Precious Ethnic Art"
Wholesaler of Gold & Silver Ornaments

Mausam Patadiya | +91 990 991 1093
Keyur Patadiya | +91 962 448 0916
Office | +079 2216 3040
dishitaornaments@gmail.com
88/86, Ghanchi Ni Pole,
Nr. Jain Derasar, M. G. Haveli Road,
Manek Chowk, Ahmedabad (Guj.) India
/dishitaornaments /dishita_ornaments

PrabhuKrupa
Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

VJ
વૈશાલી જ્વેલર્સ
સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

Prakashbhai Soni
Nikul Soni
94288 98444
97258 66886

Narmada
JEWELLERS

Manufacturer of Gold & Silver Ornaments

916

Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.

Ketan Enterprise
TYRE | BATTERY | ALLOY WHEEL

MRF apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JK TYRE TOTAL CONTROL

કેતન સી. પરમાર
૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

કંસારા નવનીતલાલ જગજીવનદાસ
NJ
સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

G
GAYATRI JEWELLERS
GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371
NIKUNJ K. SONI
85114 67588

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.

CIMS

સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ

Dr. Dhiren Shah
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- **પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"**
- GE Centricity® **સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.**
- **સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.**

મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડ્રેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગ્રેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગ્રેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યરોલોજી
- ન્યરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.

ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL Certificate No. M-0500 | ACC International Centers Of Excellence | Green OT Certified Green Operated On Theater

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00